RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 059 Dt. 19-09-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# અમેરિકાની અકલ ઠેકાણે ભારત પર ટેરિફ ૨૫ ટકા ઘટશે

## 30 નવેમ્બર પછી કેટલીક આયાત પર લાદવામાં આવેલી દંડાત્મક ડ્યુટી પાછી ખેંચી લેવાશે

નવીદિલ્હી, તા. ૧૮

રશિયાથી તેલ આયાત કરવા બદલ ભારત પર ૨૫% વધારાનો ટેરિફ લાદનારા યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને શરણાગતિ સ્વીકારવાની ફરજ પડી શકે છે. નવેમ્બર પછી અમેરિકા ભારત પર લાદવામાં આવેલા વધારાના ટેરિફને હટાવી શકે છે. શરૂઆતમાં, અમેરિકાએ પારસ્પરિક ટેરિફના નામે ભારત પર ૨૫% ટેરિફ લાદ્યો હતો, પરંતુ બાદમાં તેને વધારીને ૫૦% કર્યો. મુખ્ય આર્થિક સલાહકાર (CEA) વી. અનંત નાગેશ્વરને આશા વ્યક્ત કરી કે 30 નવેમ્બર પછી કેટલીક આયાત પર લાદવામાં આવેલી દંડાત્મક ડ્યુટી (૨૫%) પાછી ખેંચી લેવામાં આવશે.

કોલકાતામાં એક કાર્યક્રમમાં બોલતા, ઈઊઅ નાગેશ્વરને કહ્યું કે તેમને અપેક્ષા છે કે આગામી આઠથી દસ અઠવાડિયામાં ટેરિફનો મુદ્દો ઉકેલાઈ જશે. તેમણે કહ્યું, ‘‘મને વિશ્વાસ છે કે ઓછામાં ઓછો ૨૫% વધારાનો ટેરિફ આગામી થોડા મહિનામાં ઉકેલાઈ જશે.‘‘ બિઝનેસ ટુડેમાં પ્રકાશિત થયેલા અહેવાલ મુજબ, નાગેશ્વરને વધુમાં જણાવ્યું હતું કે બંને દેશો વચ્ચે વેપાર કરાર વાટાઘાટોમાં પ્રગતિના સંકેતો છે, જે આશરે ૫૦ બિલિયનના ભારતીય નિકાસ પર દબાણ ઘટાડી શકે છે. નોંધનીય છે કે અમેરિકાએ શરૂઆતમાં ભારત પર ૨૫% પારસ્પરિક ટેરિફ લાદ્યો હતો. જોકે, ઓગસ્ટમાં, યુક્રેનિયન યુદ્ધમાં પુતિનના અભિયાનને ભંડોળ પૂરું પાડવા માટે ભારત દ્વારા રશિયન તેલ ખરીદવાને કારણે દંડ તરીકે ૨૫% વધારાનો ટેરિફ લાદવામાં આવ્યો હતો. આનાથી ભારતનો કુલ ટેરિફ ૫૦% સુધી વધી ગયો, જેના કારણે તે બ્રાઝિલની સાથે ટ્રમ્પ દ્વારા સૌથી વધુ ટેરિફનો સામનો કરી રહેલા દેશોમાંનો એક બન્યો. પોતાના સંબોધનમાં, નાગેશ્વરને જણાવ્યું હતું કે વિવિધ અંતર્ગત મુદ્દાઓને ઉકેલવા માટે યુએસ અને ભારતીય સરકારો વચ્ચે વ્યાપક ચર્ચા ચાલી રહી છે.



### ભારત-યુએસ વેપાર સોદા પર શું પ્રગતિ થઈ છે?

ભારત અને યુએસ વચ્ચેનો વેપાર સોદો કૃષિ અને ડેરી ઉત્પાદનો સહિતના મુદ્દાઓ પર અટકી ગયો હતો, અને ટ્રમ્પના વધારાના ટેરિફ પછી વાટાઘાટો અટકી ગઈ હતી. જોકે, તાજેતરમાં, યુએસ પ્રમુખ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર પીએમ મોદીને સારા મિત્ર ગણાવ્યા હતા અને વેપાર સોદાના સફળ નિષ્કર્ષનું વચન આપ્યું હતું. આ પછી, આ અઠવાડિયાની શરૂઆતમાં, યુએસ મુખ્ય વાટાઘાટકાર બ્રેન્ડન લિંચે વેપાર સોદા પર છઠ્ઠા રાઉન્ડની વાટાઘાટો માટે નવી દિલ્હીની મુલાકાત લીધી હતી અને ભારતના મુખ્ય વેપાર વાટાઘાટકાર રાજેશ અગ્રવાલ સાથે લગભગ સાત કલાક લાંબી ચર્ચા કરી હતી.

### ૫૫% માલ પર ઊંચા ટેરિફ લાદવામાં આવ્યા છે

રિપોર્ટ મુજબ, ભારતની અમેરિકામાં થતી નિકાસનો આશરે ૫૫% હિસ્સો હાલમાં ટ્રમ્પના ઊંચા ટેરિફ લાદવામાં આવ્યો છે. સૌથી વધુ અસરગ્રસ્ત ક્ષેત્રોમાં કાપડ, રસાયણો, દરિયાઈ ખોરાક, રત્નો અને ઘરેણાં અને મશીનરીનો સમાવેશ થાય છે. આ ખાસ કરીને મહત્વપૂર્ણ છે કારણ કે તે ભારતના શ્રમ-સઘન નિકાસ અર્થતંત્રનો મુખ્ય ભાગ છે. ટેરિફની અસરના પરિણામે, ઓગસ્ટમાં અમેરિકામાં નિકાસ ઘટીને ૬.૮૭ અબજ ડોલર થઈ ગઈ, જે ૧૦ મહિનામાં સૌથી નીચું સ્તર છે.

માફીની સમાપ્તિ ભારતીય સંસ્થાઓને સંભવિત નાણાકીય-કાનૂની દંડનો સામનો કરવો પડશે

# ઈરાનનું ચાબહાર બંદર પ્રતિબંધોમાંથી મુક્ત

નવીદિલ્હી, તા. ૧૮

યુનાઈટેડ સ્ટેટ્સે ઈરાનના ચાબહાર બંદર માટે ખાસ પ્રતિબંધોમાંથી મુક્તિનો અંત લાવ્યો છે, જે ભારતના મુખ્ય કનેક્ટિવિટી પ્રોજેક્ટ પર અભૂતપૂર્વ દબાણ લાવી શકે છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટની પ્રેસ નોટ અનુસાર, ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી, બંદરના સંચાલન, ધિરાણ અથવા સેવાઓમાં સામેલ કોઈપણ વ્યક્તિ પર અન્ય ઈરાની સંસ્થાઓની જેમ જ નાણાકીય પ્રતિબંધો લાગુ કરવામાં આવશે. યુનાઈટેડ સ્ટેટ્સ ઈરાનની દૂષિત પ્રવૃત્તિઓને ભંડોળ પૂરું પાડવાના ગેરકાયદેસર સ્ત્રોતોને રોકવા માટે પ્રતિબદ્ધ છે. ‘‘જ્યાં સુધી ઈરાન તેની ગેરકાયદેસર આવકનો ઉપયોગ યુનાઈટેડ સ્ટેટ્સ અને અમારા સાથીઓ પર હુમલાઓને નાણાં આપવા, વિશ્વભરમાં આતંકવાદને પ્રોત્સાહન આપવા અને અન્ય અસ્થિર ક્રિયાઓમાં સામેલ થવા માટે ચાલુ રાખશે, ત્યાં સુધી અમે ઈરાનને જવાબદાર ઠેરવવા માટે ઉપલબ્ધ તમામ સાધનોનો ઉપયોગ કરવાનું ચાલુ રાખીશું,‘‘ યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના નિવેદનમાં જણાવાયું છે.



ઈરાની શાસનને અલગ પાડવા માટે રાષ્ટ્રપતિ ટ્રમ્પની મહત્તમ દબાણ નીતિ સાથે સુસંગત, રાજ્ય સચિવે ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી અમલમાં આવતા અફઘાનિસ્તાન પુનર્નિર્માણ સહાય અને આર્થિક વિકાસ માટે ઈરાન ફ્રીડમ એન્ડ કાઉન્ટર-પ્રોલિફરેશન એક્ટ (IFCA) હેઠળ ૨૦૧૮ માં જારી કરાયેલ પ્રતિબંધો અપવાદને રદ કર્યો છે. ‘‘આ પ્રતિબંધ અમલમાં આવ્યા પછી, ચાબહાર બંદરનું સંચાલન કરતા અથવા IFCAમાં વર્ણવેલ અન્ય પ્રવૃત્તિઓમાં સામેલ વ્યક્તિઓ IFCA હેઠળ પ્રતિબંધોને પાત્ર હોઈ શકે છે, પ્રેસ નોટમાં વધુમાં જણાવાયું છે.

આ આદેશ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ફેબ્રુઆરી ૨૦૨૫ માં તેહરાન સામે ‘‘મહત્તમ આર્થિક દબાણ‘‘ પરના રાષ્ટ્રીય સુરક્ષા રાષ્ટ્રપતિ મેમોરેન્ડમનો એક ભાગ છે. અમેરિકાએ અફઘાનિસ્તાનના પુનર્નિર્માણ અને આર્થિક વિકાસમાં મદદ કરવા માટે ઈરાન ફ્રીડમ એન્ડ કાઉન્ટર-પ્રોલિફરેશન એક્ટ (IFCA) હેઠળ આપવામાં આવેલી ૨૦૧૮ ની પ્રતિબંધો માફીને રદ કરી દીધી છે. તે સમયે, ભારતે ઈરાનમાં વ્યૂહાત્મક બંદર પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. વિદેશ મંત્રાલય (MEA) એ કહ્યું હતું કે પાકિસ્તાનને બાયપાસ કરીને, બંદરે અફઘાનિસ્તાન અને મધ્ય એશિયા સાથે જોડાણ વધારવામાં તેનું મહત્વ સાબિત કર્યું છે.

# SEBIએ અદાણીને આપી ક્લીન ચિટ

હિંડનબર્ગે અદાણી ગ્રુપ પર ઇનસાઇડર ટ્રેડિંગનો આરોપ લગાવ્યો હતો, જેની સેબીએ તપાસ કરી હતી

નવીદિલ્હી, તા. ૧૮

સેબીએ અદાણી ગ્રુપને ક્લીન ચીટ આપી છે. હિંડનબર્ગ કેસમાં સેબીએ અદાણી ગ્રુપને ક્લીન ચીટ આપી છે. સેબીએ જણાવ્યું હતું કે અદાણી ગ્રુપ સામેના આરોપો સાબિત થયા નથી. હિંડનબર્ગે અદાણી ગ્રુપ પર ઇનસાઇડર ટ્રેડિંગનો આરોપ લગાવ્યો હતો, જેની સેબી તપાસ કરી રહી હતી. સેબીએ તેના આદેશમાં ગૌતમ અદાણી, તેમના ભાઈ રાજેશ અદાણી, અદાણી પોર્ટ્સ, અદાણી પાવર અને એડિકોર્પ એન્ટરપ્રાઇઝિસને નિર્દોષ જાહેર કર્યા. તપાસ બાદ, સેબીએ તારણ કાઢ્યું કે લિસ્ટિંગ કરાર અથવા કઘઉછ નિયમોનું કોઈ ઉલ્લંઘન થયું નથી. સેબીએ આ બાબતની સંપૂર્ણ તપાસ હાથ ધરી હતી જેથી નક્કી કરી શકાય કે નાણાકીય નિવેદનોમાં સંભવિત ખોટી માહિતી સહિત, સેબી કાયદાનું કોઈ ઉલ્લંઘન થયું છે કે નહીં. બધી વિગતોની તપાસ કર્યા પછી, સેબીએ તારણ કાઢ્યું કે આ વ્યવહારો માન્ય હતા અને લિસ્ટિંગ કરાર અથવા LODR નિયમોનું ઉલ્લંઘન કરતા નથી.

સેબીના પૂર્ણકાલીન સભ્ય કમલેશ ચંદ્ર વાર્ષ્ણેએ આદેશમાં લખ્યું છે કે, ‘‘મને લાગે છે કે જઈગ માં કરવામાં આવેલા આરોપો સાબિત થયા નથી.




આ પરિબળોને ધ્યાનમાં રાખીને, નોટિસ મેળવનારાઓને જવાબદારી ટ્રાન્સફર કરવાનો કોઈ પ્રશ્ન જ નથી અને તેથી, દંડની રકમ નક્કી કરવાનો પ્રશ્ન પણ વધુ વિચારણાની જરૂર નથી.‘‘ આ બાબત પર વિચાર કર્યા પછી, સેબીએ જણાવ્યું હતું કે તેણે નોટિસ મેળવનારાઓ સામેની કાર્યવાહીનો તાત્કાલિક નિકાલ કરવાનો નિર્ણય લીધો છે, કોઈ પણ નિર્દેશ વિના.

હિંડનબર્ગે આરોપ લગાવ્યો હતો કે અહેવાલમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે અદાણી ગ્રુપની ચાર કંપનીઓએ ૨૦૨૦ માં કંપનીને કુલ ₹૬.૨ બિલિયન (૮૭.૪ મિલિયન) ની લોન આપી હતી, જ્યારે આ વ્યવહારો અદાણી ગ્રુપના ધિરાણકર્તાઓના નાણાકીય નિવેદનોમાં જાહેર કરવામાં આવ્યા ન હતા (જેમાંથી ઘણા જાહેરમાં સૂચિબદ્ધ છે).

એડિકોર્પ એન્ટરપ્રાઈઝે ૨૦૨૦ માં તેની નવી મૂડીનો ઉપયોગ અદાણી પાવરને ₹૬.૧ બિલિયન (૮૬ મિલિયન) ની લોન અસુરક્ષિત ધોરણે આપવા માટે કર્યો હતો. ભારતના શેરબજાર નિયમનકાર સેબીએ આ બાબતની વિગતવાર તપાસ હાથ ધરી હતી કે શું લિસ્ટેડ અદાણી ગ્રુપ કંપનીઓએ સેબી કાયદાનું ઉલ્લંઘન કર્યું છે કે નહીં.

# મેટ્રો-લેવિસ ગ્રૂપના ડેટા બેકઅપ માટે મથતું IT

## બન્ને ગ્રૂપના મુખ્ય સંચાલકો પર તપાસ આજે થશે પૂર્ણ : અન્ય તમામ સ્થળ પર ચાલતું સર્ચ આટોપી લેવાયું : 300 કરોડના બિનહિસાબી વ્યવહારો આવ્યા સામે

રાજકોટ, તા. ૧૮

રાજકોટ આવકવેરા વિભાગના નેજા હેઠળ હાલ જે મોરબી અને રાજકોટમાં સિરામિક, કોટન તથા બિલ્ડિંગ ક્ષેત્ર સાથે સંકળાયેલા વેપારીઓ પર જે તપાસ ચાલી રહી છે. તે આજે અંતિમ તબક્કામાં પહોંચી ચૂકી છે. હાલ, મેટ્રો ગ્રૂપ તથા લેવિસ ગ્રૂપના મુખ્ય સંચાલકો પર જ તપાસ હજુ ચાલી રહી હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. બાકી અન્ય તમામ જગ્યાઓ પર તપાસ પૂર્ણ થઇ ચૂકી છે. આવકવેરા વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, આશરે 300 કરોડથી 350 કરોડના બેનામી વ્યવહારો બહાર આવે તેવી પ્રબળ સંભાવના છે. હાલ, આવકવેરા વિભાગની ટીમ દ્વારા જે ૨૨ લોકરો સિઝ કરવામાં આવ્યા છે તેનું અવલોકન કરવામાં આવશે અને તેની તપાસ હાથ ધરવામાં આવશે, જે બાદ સાચો આંકડો બહાર આવી શકે છે. એટલું જ નહીં હાલ ડિજીટલ ડેટા બેકઅપ પણ લેવામાં આવી રહ્યો છે. જેના આધારે મેટ્રો તથા લેવિસ દ્વારા જે બેનામી વ્યવહારો તથા બિનહિસાબી વ્યવહારો કરવામાં આવેલા હશે તેની ખરી માહિતી સામે આવી શકશે.

આવકવેરા વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, હાલ સર્ચ ઓપરેશન પૂર્ણ થવાના આરે છે. ત્યારે બેકઅપ અર્થે લેપટોપ સહિત મોબાઇલ ફોનના ડેટા રિકવર કરવામાં આવી રહ્યા છે. જેમાં જે વિગતો બહાર આવી નથી તે અંગે પણ સ્પષ્ટતા ભવિષ્યમાં થશે. ટેકનોલોજીના યુગમાં ઉદ્યોગ સાહસિકો ડાયરી સિસ્ટમને ત્યજી ડિજીટલ તરફ આગળ વધ્યા છે અને તે તમામ ડેટાને સમજવો અને ભેગો કરવો તે તંત્ર માટે પણ પડકારરૂપ સાબિત થઇ રહ્યો છે. ત્યારે અનેક પડકારો અને રાજકીય દબાણ વચ્ચે રાજકોટ આવકવેરા વિભાગની ઈન્વેસ્ટિગેશન વિંગના ટોચના અધિકારી શકીલ અનસારી, ઝઈદ અનસારી તથા તેમની ટીમ દ્વારા જે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે તેને રાજકોટ ટીમની સફળતામાં મહત્વનો ફાળો આપ્યો છે. હાલ આજ સાંજ સુધીમાં તમામ ૪૫ જગ્યાઓ ઉપર દરોડા પૂર્ણ થઈ જશે તેવી સ્પષ્ટ સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.




### મોબાઈલ ડેટા રિકવરી આઈટી માટે પડકાર

હાલ ઉદ્યોગ સાહસિકો એપલ મોબાઈલનો મુખ્યત્વે ઉપયોગ કરતો હોય છે જેથી તેમનો ડેટા શોધવો ખૂબ કપરો સાબિત થાય છે. ઘણાખરા કિસ્સામાં જે સંચાલક કે અન્ય વ્યક્તિ પર દરોડા પડ્યા હોય તો તેમના દ્વારા પાસવર્ડ જેવી વિગતો આપવામાં આવતી નથી. જેને લઈ વિભાગે મોબાઈલ સિઝ કરી ફોરેન્સીકમાં રિકવરી અર્થે મોકલવા પડતા હોય છે. આ કિસ્સામાં પણ ક્યાંક આવું જ બન્યું હોવાનું માલુમ પડ્યું છે.

### અકાઉન્ટની વિગતો ડિજીટલ હોવાના કારણે આંકડોનો તાગ મેળવવો બની રહ્યો છે મુશ્કેલ

અત્યાર સુધીના સર્ચ ઓપરેશન સુધીના મુખ્યત્વે ડાયરીઓનો જથ્થો મળી આવતો હતો જેમાંથી જાણી શકાતું હતું કે કેટલા કરોડા બેનામી કે પછી બિનહિસાબી વ્યવહારો થયા છે. પરંતુ, હવે આ તમામ ડેટા ડિજીટલ હોવાના કારણે તમામ જરૂરી પાસાઓનો અભ્યાસ કર્યા બાદ જ સત્ય હકિકત બહાર આવી શકે છે. ત્યારે મેટ્રો તથા લેવિસ ગ્રૂપમાં હાલ 300 કરોડ જેટલાં બેનામી વ્યવહારો થયા હોવાનું માલુમ પડ્યું છે. ત્યારે હજુ અન્ય ડેટા રિકવર થયા બાદ આંકડો વધે તો નવાઈ નહીં.

# અમિત શાહને આવકારવા લોધિકા તાલુકામાં ધમધમાટ : બેઠક











રાજકોટ, તા. ૧૮

પ્રથમ નોરતે ગૃહ મંત્રી અમિતભાઇ શાહ રાજકોટ આવી રહ્યા છે . તેઓ રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો ઓપરેટિવ બેન્કની સાધારણ સભામાં સહભાગી થશે. જે અંગે વિશેષ આયોજન બદલ લોધીકા તાલુકાની બેઠક મળી હતી. તેમજ સહકારી મંડળી , દુધ મંડળીની સાધારણ સભા યોજાઈ હતી. બીજી તરફ ખેડૂતોને આમંત્રણ પાઠવતા રાજકોટ ડિસ્ટ્રિક્ટ કો ઓપરેટિવ બેન્ક ચેરમેન તથા જેતપુર જામકંડોરણા ધારાસભ્ય જયેશભાઇ રાદડીયા, રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા , રાજકોટ લોધીકા સંઘના ચેરમેન નરેન્દ્રસિંહ જાડેજાએ વધુ ને વધુ ખેડૂતોને આ સાધારણ સભા ઉપસ્થિત રહેવા જણાવ્યું હતું

આ બેઠકમાં રાજકોટ જીલ્લા પંચાયત સદસ્ય મોહનભાઈ દાફડા, રાજકોટ વિધાનસભા પૂર્વ ધારાસભ્ય લાખાભાઇ સાગઠીયા, રાજકોટ જીલ્લા ભાજપ અગ્રણી મનહરભાઇ બાબરીયા, મુકેશભાઇ તોગડિયા તાલુકા પંચાયત પ્રમુખ વિપુલભાઈ મોરડ તાલુકા ભાજપ પ્રમુખ ડો પ્રકાશભાઈ વિરડા , મહામંત્રી મયુર સિંહ જાડેજા, સુરેશભાઈ વસોયા, રા.લો.સંઘ ડિરેક્ટર મનસુખભાઇ સરધારા , પૂર્વ વાઇસ ચેરમેન સંજયભાઈ અમરેલીયા , માર્કેટીંગ યાર્ડ ડિરેક્ટર ભરતભાઈ ખુટ, નગરપીપળીયા સહકારી મંડળી પ્રમુખ વલ્લભભાઈ તારપરા , ખીરસરા રણમલજી જુથ સેવા સહકારી મંડળી ડિરેક્ટર નરશીભાઈ વેકરીયા, દિલીપભાઈ કુગશીયા , પ્રવિણસિંહ ડાભી, હનુભા ડાભી (વડ વાજડી), પાભર ઇટાળા સરપંચ લાખાભાઇ ચોવટીયા , મેટોડા સરપંચ જેન્તીભાઇ સભાયા , સંજયભાઈ સોજીત્રા, પ્રવિણભાઇ વેકરીયા, પાભર ઇટાળા ઉડખીજડીયા સરપંચ મિલનભાઇ કથીરીયા ,હરીપર તરવડા ઇકબાલભાઇ ઠેબા, મુકેશભાઇ વિરડા, વાગુદડ મોટા વડા સહકારી મંડળી પ્રમુખ પરાક્રમસિંહ જાડેજા ,તાલુકા પંચાયત અધ્યક્ષ ઉમેશભાઈ પાભર, જીલ્લા ભાજપ કિસાન મોરચા મહામંત્રી અનિરૂધ્ધસિંહ ડાભી, દુધ મંડળી મોટાવડા મયુરસિંહ જાડેજા, દુધ મંડળી ખીરસરા રણમલજી વિનુભાઈ વાગડીયા , દુધ મંડળી લોધીકા દિલીપભાઈ મારકણા, સહકારી મંડળી દેવગામ કૈલાસભાઇ ભુત.

ખાંભા, માખાવડ, રાવકી ,વિરવા, ચાદલી, ચિભડા ,ધીરૂભાઇ વાઘેલા પારડી, સવજીભાઈ પરમાર રતનપર ,અભેપર ચાદલી મોહનભાઈ ખુટ લોધીકા તાલુકા પંચાયત સદસ્ય ભરતસિંહ જાડેજા ઉમેશભાઈ દેસાઈ બોદુભાઇ ઠાસરીયા છાપરા શ્યામભાઇ સોલંકી ખીરસરા રણમલજી રસિકભાઈ છાપરા માખાવડ લાલજીભાઈ તોગડિયા તેમજ સર્વ ખેડૂત મિત્રો મંડળી ડિરેકટરો સભાસદો પ્રમુખો દુધ મંડળીના સભાસદો પ્રમુખો જીલ્લા પંચાયત તાલુકા પંચાયત ના સદસ્યો તાલુકા ભાજપ મંડળ ના હોદેદારો કાર્યકરો સરપંચો ને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા તેમજ રાજકોટ લોધીકા સંઘના ચેરમેન નરેન્દ્રસિંહ જાડેજા એ આહવાન કર્યું હતું.

### નાણાકીય સુરક્ષા અને વ્યવહારિક કારકિર્દી પસંદ કરે છે Gen Z

# Gen Z પેઢી થઈ રહી છે માનસિક મૂંઝવણોનો શિકાર

## આ એક એવી પેઢી છે જે ટેકનોલોજીથી પ્રભાવિત, અને વ્યક્તિગત સ્વતંત્રતાને મહત્વ આપનારી છે જેથી માનસિક તણાવ સતત વધે છે

રાજકોટ, તા. ૧૮

જનરેશન ઝેડ, જેને સેન્ટેનિયલ જનરેશન પણ કહેવામાં આવે છે, તે એક એવી પેઢી છે જેનો જન્મ ૧૯૯૭ થી ૨૦૧૨ વચ્ચે થયો છે. આ પેઢી ટેકનોલોજી અને ઇન્ટરનેટના યુગમાં જન્મી અને ઉછરી છે, જેના કારણે તેમને 'ડિજિટલ નેટિવ્સ' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ પેઢીની કેટલીક મુખ્ય લાક્ષણિકતાઓ છે જેને સમજવી ખુબજ જરૂરી છે.

Gen Z પેઢીના લોકો માટે ટેકનોલોજી એ જીવનનો અભિન્ન ભાગ છે. તેઓ સ્માર્ટફોન, સોશિયલ મીડિયા, અને ઇન્ટરનેટનો ઉપયોગ ખૂબ જ કુશળતાપૂર્વક કરે છે. આના કારણે તેઓ વૈશ્વિક સ્તરે જોડાયેલા રહે છે. Gen Z પેઢીના લોકો વિવિધતા અને સમાનતાને ખૂબ મહત્વ આપે છે. તેઓ જાતિ, ધર્મ, અને લિંગભેદ જેવા મુદ્દાઓ પર વધુ ખુલ્લા વિચારો ધરાવે છે અને સામાજિક ન્યાય માટે સક્રિય રહે છે. આ પેઢીના લોકો પોતાની આગવી ઓળખ અને વ્યક્તિત્વને મહત્વ આપે છે. તેઓ પરંપરાગત નિયમોને બદલે પોતાના મૂલ્યો અને વિચારોને અનુસરવાનું પસંદ કરે છે.

Gen Z પેઢીના લોકો ટૂંકા અને ઝડપી કન્ટેન્ટ (જેમ કે ટિકટોક વિડીયો) પસંદ કરે છે, કારણ કે તેમનું ધ્યાન કેન્દ્રિત કરવાનો ગાળો ઓછો હોય છે. આ પેઢી આર્થિક અસ્થિરતાના સમયમાં મોટી થઈ છે, તેથી તેઓ નાણાકીય સુરક્ષા અને વ્યવહારિક કારકિર્દી પસંદ કરે છે. આમ, Gen Z એક એવી પેઢી છે જે ટેકનોલોજીથી પ્રભાવિત, સામાજિક રીતે જાગૃત અને વ્યક્તિગત સ્વતંત્રતાને મહત્વ આપનારી છે. આ લાક્ષણિકતાઓ તેમને જૂની પેઢીઓથી અલગ પાડે છે. Gen Z પેઢીના લોકોની માનસિકતા અને માનસિક સ્વાસ્થ્ય એક જટિલ વિષય છે, કારણ કે તેઓ એક એવા યુગમાં ઉછરી રહ્યા છે જ્યાં ટેકનોલોજી, સોશિયલ મીડિયા અને સામાજિક દબાણ ખૂબ જ વધારે છે. આ કારણે, આ પેઢીના લોકોમાં માનસિક મૂંઝવણ અને સ્વાસ્થ્ય સંબંધિત પડકારો વધુ જોવા મળે છે. મનોવિજ્ઞાનના અધ્યાપક ડો. ધારા દોશી ના માર્ગદર્શનમાં વરુ જીગ્નાએ ૯૮૦ યુવાનો ઉપર અભ્યાસ કરીને તારણો શોધ્યા.



### માનસિક મૂંઝવણ

**Gen Z ના યુવાનો ઘણા પ્રકારની માનસિક મૂંઝવણોનો સામનો કરે છે, જેમાંથી મુખ્ય આ પ્રમાણે છે**

- **આત્મસંઘર્ષ અને ઓળખની શોધ :** સતત બદલાતી દુનિયામાં, તેઓ પોતાની ઓળખ શોધવા માટે સંઘર્ષ કરે છે. તેઓ શું બનવા માંગે છે, કઈ કારકિર્દી પસંદ કરવી, અને સમાજમાં ક્યાં સ્થાન મેળવવું તે અંગે ૪૪% મૂંઝવણ અનુભવે છે.
- **સંપૂર્ણતાનો ભાર :** સોશિયલ મીડિયા પર દેખાતી 'પરફેક્ટ' લાઈફસ્ટાઇલ તેમને પોતાની જાત સાથે સરખામણી કરવા મજબૂર કરે છે. આના કારણે તેઓ હંમેશા શ્રેષ્ઠ દેખાવાનો, શ્રેષ્ઠ કામ કરવાનો અને સંપૂર્ણ બનવાનો ભાર ૪૫% જેટલો અનુભવે છે.
- **સંબંધોમાં અનિશ્ચિતતા :** ડિજિટલ યુગમાં મિત્રો અને સંબંધો બનાવવાનું સરળ બન્યું છે, પણ તે જ સમયે વાસ્તવિક અને ઊંડા સંબંધો સ્થાપિત કરવામાં તેમને મુશ્કેલી પડે છે. ઓનલાઈન અને ઓફલાઈન સંબંધો વચ્ચેનો તફાવત તેમને મૂંઝવી નાખે છે. ૬૩% લોકો સબંધમાં અનિચ્છિતતા અનુભવે છે.
- **ભવિષ્યની ચિંતા :** નોકરી, આર્થિક સ્થિરતા, અને પર્યાવરણીય પડકારો જેવી વૈશ્વિક સમસ્યાઓ Gen Z ના મનમાં ભવિષ્ય વિશે ગંભીર ચિંતા ઊભી કરે છે. આ પેઢીના લોકો મા ૩૩% જેટલી ભવિષ્યની ચિંતાઓ જોવા મળે છે.

### માનસિક સ્વાસ્થ્ય

**Gen Z પેઢીમાં માનસિક સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓનું પ્રમાણ વધુ જોવા મળે છે. ડો. ધારા દોશીના માર્ગદર્શનમાં વરુ જીગ્નાએ કરેલા સર્વેના અહેવાલો મુજબ, આ પેઢીમાં ચિંતા (anxiety), ડિપ્રેશન, અને તણાવ (stress) નું પ્રમાણ ૫૪% જેટલું વધ્યું છે. આના મુખ્ય કારણો આ પ્રમાણે છે.**

- **સોશિયલ મીડિયાનો પ્રભાવ :** સોશિયલ મીડિયા પર સતત અન્ય લોકો સાથેની સરખામણી, સાયબરબુલિંગ, અને 'લાઈક્સ'ના આધારે આત્મસન્માન નક્કી થવાથી તેમના માનસિક સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર થાય છે. આમ સોશિયલ મીડીયા દબાણથી આ પેઢીમાં ૪૫% જેટલું માનસિક સ્વાસ્થ્ય કથળ્યું છે.
- **દબાણ અને અપેક્ષાઓ :** શૈક્ષણિક ક્ષેત્રે અને કારકિર્દીમાં સફળ થવા માટેનું દબાણ ખૂબ જ ઊંચું હોય છે. આ ઉપરાંત, માતા-પિતા અને સમાજની અપેક્ષાઓ પણ તેમના પર ભારે ભાર મૂકે છે. આ દબાણને કારણે gen z પેઢીનું માનસિક સ્વાથ્ય ૩૬% જેટલું વધુ બગડ્યું છે.
- **સમાજિક એકલતા :** ડિજિટલ કનેક્ટિવિટી હોવા છતાં, Gen Z ના યુવાનો ઘણી વાર સામાજિક રીતે એકલતા અનુભવે છે, કારણ કે તેઓ ઓનલાઈન દુનિયામાં વધુ સમય વિતાવે છે. આ પેઢીના લોકો ૨૭% જેટલી એકલતા અનુભવે છે.
- **વાસ્તવિકતા અને ડિજિટલ દુનિયા વચ્ચેનો તફાવત :** તેઓ એક એવી દુનિયામાં જીવે છે જ્યાં ઓનલાઈન અને ઓફલાઈન જીવન વચ્ચેનો તફાવત ઓછો થતો જાય છે. આના કારણે તેઓ સતત મૂંઝવણમાં રહે છે અને તેમની માનસિક શાંતિ જોખમાય છે. ડિજિટલ પ્લેટફોર્મ ને કારણે તેઓ વાસ્તવિક જીવનમાં ૩૧% જેટલી મુશ્કેલી અનુભવે છે. જોકે, એક હકારાત્મક બાબત એ છે કે Gen Z પેઢીના લોકો માનસિક સ્વાસ્થ્ય વિશે ખુલીને વાત કરવામાં સંકોચ અનુભવતા નથી. તેઓ માનસિક સ્વાસ્થ્યને ગંભીરતાથી લે છે અને મદદ લેવા માટે વધુ તૈયાર હોય છે, જે જૂની પેઢીઓ કરતાં એક સકારાત્મક બદલાવ છે.

# સ્વચ્છોત્સવ અભિયાન હેઠળ યોજાઈ સુરમય સંગીત સંધ્યા

## વિવિધ રાજ્યો થી આવેલા કલાકારોએ પીરસી કલા : સંગીત પ્રેમી લોકોએ માણ્યો આનંદ









રાજકોટ, તા. ૧૮

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સરગમ કલબના સહયોગથી 'સ્વચ્છ ભારત મિશન'ની ૧૧-મી વર્ષગાંઠની 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૫' ને 'સ્વચ્છોત્સવ' તરીકે ઉજવણીના ભાગરૂપે 'કલ્ચરલ ફેસ્ટ' (સંગીત સંધ્યા) યોજાઈ હતી.

ભારત સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા ૨-જી ઓકટોબરના રોજ પૂજય મહાત્મા ગાંધીજીની જન્મજયંતિની શ્રદ્ધાંજલિ આપવા સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેના જન આંદોલનની ઉજવણીનું આહવાન કરવામાં આવેલ. 'સ્વચ્છ ભારત મિશન'ની ૧૧-મી વર્ષગાંઠની' સ્વચ્છતા હી સેવા-૨૦૨૫ને તા.૧૭-મી સપ્ટેમ્બર,૨૦૨૫ થી ૩૧-મી ઓકટોબર, ૨૦૨૫ સુધી સ્વચ્છોત્સવ તરીકે ઉજવણી કરવાનું નકકી કરેલ છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૫'ને તા.૧૭-મી સપ્ટેમ્બર, ૨૦૨૫ થી ૩૧-મી ઓકટોબર, ૨૦૨૫ સુધી સ્વચ્છોત્સવ તરીકે ઉજવણીનો શુભારંભ કરવા સરગમ કલબના સહયોગથી 'કલ્ચરલ ફેસ્ટ' (સંગીત સંધ્યા) યોજાઈ હતી. આ કાર્યક્રમનું દિપ પ્રાગટય જાણીતા કવિ સંજુભાઈ વાળાના વરદ્ હસ્તે કરવામાં આવેલ તેમજ આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને નયનાબેન પેઢડીયાના ઉપસ્થિત રહ્યા હતા.

આ સંગીત સંધ્યા કાર્યક્રમમાં આનંદ પલવરકર (મુંબઈ), નાનુ ગુર્જર (મુંબઈ), મોહસીન શેખ (અમદાવાદ), પ્રિયંકા બાસુ (અમદાવાદ), સંધ્યા પાધ્યાય (વડોદરા), આસિફ ઝેરિયા (રાજકોટ) વગેરે કલાકારો દ્વારા પર્ફોર્મ કરવામાં આવ્યું હતું તેમજ મેલોડી કલર્સ / મનસુર અલી ત્રિવેદી ઓરકેસ્ટ્રા હતા. આ કાર્યક્રમમાં વિવિધ સંગીતના કલાકારો દ્વારા સંગીતના સુર થકી ઉપસ્થિત સૌને મનમોહક કરી દીધા હતા સાથોસાથ ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા સ્વચ્છતા હી સેવા સેવાના સંકલ્પ માટે જાગૃતિ સંદેશ પીરસ્યો હતો.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ દ્વારા સ્વચ્છતા રેલીનું આયોજન

## સફાઈ કામદારો દ્વારા ૨૬ ટન કચરોનો નિકાલ કરી સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ

રાજકોટ, તા. ૧૮

ભારત સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા ૨-જી ઓકટોબરના રોજ મહાત્મા ગાંધીજીને જન્મ જયંતિની શ્રદ્ધાંજલિ આપવા સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેના જન આદોલનની ઉજવણીને આહવાન કરવામાં આવેલ છે. સ્વચ્છ ભારત મિશનના ૧૧ મી વર્ષગાંઠની'સ્વચ્છતા હી સેવા-૨૦૨૫' ને તા.૧૭ મી સપ્ટેમ્બર,૨૦૨૫ થી તા.૩૧ મી ઓક્ટોબર,૨૦૨૫ સુધી સ્વચ્છોત્સ્વ તરીકે ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પબ્લિક ટ્રાન્સપોર્ટ, ધાર્મિક અને પ્રવાસન સ્થળ, નદી તળાવ, સર્કલ, પ્રતિમાઓ, ખુલ્લા પ્લોટ, શહેરના એન્ટ્રી પોઈન્ટ, ફૂટપાથ, માર્કેટ અને વાણિજ્ય વિસ્તારની સફાઈ અર્થે ઝુંબેશ ચલાવવામાં આવનાર છે તેમજ જનજાગૃતિ અર્થે સાંસ્કૃતિક ઉત્સવ, સ્વચ્છતા રેલી, યોગ શિબિર, સ્વચ્છ વોર્ડ સ્પર્ધા, શૈક્ષણિક સંસ્થાની ભાગીદારી, સાઇકલોથોન, સ્વચ્છતા શપથ, ભીંતચિત્રો બનાવવા, સેલ્ફી પોઈન્ટ ઈન્સ્ટોલેશન અને માનવ શૃંખલા, સફાઈ મિત્ર સુરક્ષા શિબિર, એક પેડ માં કે નામ વૃક્ષારોપણ, સ્વચ્છ ફૂડ સ્ટ્રીટ, શેરી નાટક, રીડ્યુસ-રિયુઝ-રીસાઈકલ સિધ્ધાંતને આગળ વધારવા માટે કેમ્પ, સ્વચ્છતા સંવાદ, વેસ્ટ ટુ આર્ટ ફેસ્ટ વગેરે કાર્યકમો હાથ ધરવામાં આવનાર છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, રીક્ષા સ્ટેન્ડ, રાજ્ય ધોરી માર્ગ તથા રાષ્ટ્રીય ધોરી માર્ગની સફાઈ, શહેરના મુખ્ય માર્ગની સફાઈ, બજાર અને વાણિજ્ય વિસ્તારની સફાઈ, પબ્લિક ટોયલેટ તથા કોમ્યુનિટી



ટોયલેટની સફાઈ માટે સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે. જે અંતર્ગત ગઈકાલે શહેરના ૪૦૦૦ સફાઈ કામદારો દ્વારા ૨૬ ટન કચરોનો નિકાલ કરી સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ અને આઈ.ઈ.સી એક્ટિવિટી અંતર્ગત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની વિવિધ શાળાઓ દ્વારા સ્વચ્છતા રેલીનું આયોજન કરવામાં આવેલ હતું.

આ ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના વોર્ડ નં.૧ થી ૧૮ વોર્ડમાં પણ શ્રમદાન અને સઘન સફાઈ ઝુબેશ હાથ ધરવામાં આવેલ. આ ઝુંબેશમાં વોર્ડ નં.૧ થી ૧૮ વોર્ડમાં લગત વોર્ડના કોર્પોરેટરઓ, સ્થાનિક આગેવાનો,અધિકારીઓ-કર્મચારીઓ જોડાયા હતા.

# શેરી ફેરીયાઓને સ્વાવલંબી બનાવવા PMSVANidhi યોજના

## રાજકોટની વિવિધ બેન્કોમાં થયેલી અરજીઓ નો ઝડપી નિકાલ થાય અને ફેરિયાઓને આર્થિક સહાય મળી રહે તે માટે લોક કલ્યાણ મેળાનું ૨૦મી એ આયોજન



રાજકોટ, તા. ૧૮

રાજકોટ મહાનગરપાલિકા હસ્તક ખાસ ગ્રાન્ટ સંચાલિત યોજનાઓ અને અગ્નિશામક દળ કમિટી દ્વારા શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ની ઉજવણીના ભાગ રૂપે ભારત સરકાર દ્વારા શેરી ફેરિયાઓ માટે PMSVANidhi યોજના મારફત શેરી ફેરિયાઓ તેઓની આજીવિકા પુનઃસ્થાપિત કરી આત્મનિર્ભર બને તે હેતુસર વડાપ્રધાન દ્વારા આ યોજના જાહેર કરવામાં આવી હતી. આ યોજના હેઠળ ફેરિયાઓ તેમનો વ્યવસાય શરુ કરી શકે તે હેતુથી તબક્કાવાર વર્કિંગ કેપિટલ લોન સિક્યુરીટી વિના બેંકો મારફત મળવાપાત્ર થાય છે.

આ યોજનામાં સમગ્ર રાજકોટ શહેરના હોકર્સ ઝોન તથા શહેરના છુટાછવાયા સ્થળે ફેરી કરતા મહત્તમ શેરીફેરિયાઓને લાભ મળી રહે તે હેતુસર નવા લાભાર્થીઓ માટે લોન ફોર્મ ભરવા તથા જે લાભાર્થીઓની લોન અરજી બેંક લેવલે મંજુરી માટે પેન્ડીંગ છે તેમની અરજીઓના નિકાલ, લોન મેળવેલ ફેરિયાઓ તથા તેમના પરિવારજનોનું સામાજિક-આર્થિક પ્રોફાઈલિંગ થકી સરકારની અન્ય યોજનાઓનો લાભ મળી રહે તે માટે નીચેની વિગતે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા લોક કલ્યાણ મેળાનું આયોજન ૨૦ મી થી લઈ ૨૨ મી સુધી મહાત્મા ગાંધી મ્યુઝિયમ ખાતે કરવામાં આવેલ છે.

આ લોક કલ્યાણ મેળામાં PM SVAnidhi યોજનામાં અલગ-અલગ બેંકોમાં પેન્ડીંગ રહેલ મહતમ લોન અરજીઓ મંજુર થાય તે માટે તમામ બેંકોનાં અધિકારીશ્રીઓને કેમ્પમાં હાજર રાખી કેમ્પના સ્થળેજ લોન અરજીઓ મંજુર કરવા માટે આયોજન કરેલ છે. સાથોસાથ લોન મંજુરી કેમ્પની સાથેજે ફેરિયાઓ લોન લેવા ઈચ્છુક હોય તેવા લાભાર્થીઓ માટેનવી લોન અરજીઓ પણ કેમ્પના સ્થળ ઉપર ઓનલાઈન કરી આપવામાં આવનાર છે.

# ઈસ્ટઝોન વિભાગની આંગણવાડી ખાતે પોષણ-શિક્ષણ સંગમ કાર્યક્રમ

## આઈ.સી.ડી.એસ.ના લાભાર્થીઓને THR તથા મીલેટસના ઉપયોગથી બનેલી વિવિધ વાનગી સ્પર્ધા નિર્દર્શનમાં મુકાઈ

રાજકોટ, તા. ૧૮

આઇ.સી.ડી.એસ. અર્બન ઘટક -૧ના કોઠારીયા સેજા ખાતે પોષણ અને શિક્ષણ ઉત્સવ કાર્યક્રમ ઉજવવામાં આવેલ. જેમાં આઇ. સી.ડી.એસ.ના લાભાર્થીઓને THR તથા મીલેટસના ઉપયોગથી બનેલી વિવિધ વાનગી સ્પર્ધા નિર્દર્શન કરવમાં આવેલ અને ઉપસ્થીત વર્કર બહેનો દ્વારા વાનગીની બનાવટ અને પોષણ મુલ્યની સમજુતી આપવામાં આવેલ હતી.

બાળકોને થીમ બેઈઝ શિક્ષણ કઇ રીતે આપી શકાય તેના માટે TEACHING LEARNING MODEL TLM તૈયાર કરવામાં



આવેલ અને તેનું વાલીઓ સમક્ષ નિર્દશન કરવામાં આવેલ હતું . પોષણ સંગમ કાર્યક્રમની સાથે સાથે બાળદિન ઉજવણી, અન્નપ્રાસન દિવસ ની ઉજવણી કરવામાં આવેલ હતી અને સ્વાદિષ્ટ અને પોષણ મુલ્ય થી સભર વાનગી ને પ્રથમ દ્વીતીય અને તૃતીય ક્રમાંક આપવામાં આવેલ હતા તેમજ દરેક સ્પર્ધક બહેનોને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં. કાર્યક્રમ ખાતે વર્કર બહેનોને પ્રોત્સાહીત કરવા કોર્પોરેટર ભારતીબેન પરસાણા અને દક્ષાબેન વાઘેલા કાર્યક્રમમાં ઉપસ્થીત રહેલ હતા. કાર્યક્મમાં રાજકોટ ઝોનના આર.ડી.ડી પૂર્વીબેન પંચાલ ખાસ ઉપસ્થીત રહેલ હતા. અને આર. બી.એસ.કે ટીમના ડોક્ટર અને વોર્ડ ઓફિસર કાર્યક્રમ ખાતે ઉપસ્થીત રહેલ હતા.

સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન આઇ.સી.ડી.એસ. અર્બન ઘટકના પી.ઓ. શારદાબેન દેસાઇ દ્વારા આપવામાં આવેલ હતું તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન આઇ.સી.ડી.એસ. અર્બન ઘટક-૧ ના સી.ડી.પી.ઓ જયશ્રીબેન સાકરીયા કરવામાં આવેલ હતું મુખ્ય સેવિકા ગોસ્વામી અલ્પાબેન, જાડેજા મહેશબા,ડાંગર નીતાબેન,ભુંભાણી સોનલબેન, Psc, કાકડિયા એકતાબેન અને DC ગોસ્વામી સંજયભાઈ અને તમામ આંગણવાડી કાર્યકર બહેનો અને બહોળી સંખ્યામાં લાભાર્થી ઉપસ્થિત રહેલ હતા અને કાર્યકમને સફળ બનાવવા જહેમત ઉઠાવેલ હતી.

## સંચાલન-સીએસઆર. પ્રોજેક્ટ અંગે અપાયું પ્રશિક્ષણ

# સેવા ભારતી સૌરાષ્ટ્ર પ્રાંત દ્વારા જનજાગરણ-સેવા અંગે કાર્યશાળ



સેવા ભારતી સૌરાષ્ટ્ર પ્રાંત દ્વારા સેવા સંસ્થાઓની સંસ્થા સંચાલન અને સીએસઆર. પ્રોજેક્ટ અંગે કાર્યશાળા યોજાઇ ગઇ . સૌરાષ્ટ્ર ભરના સેવા ભારતી સૌરાષ્ટ્ર પ્રાંતના કાર્યકર્તાઓ માટે કાર્યશાળા યોજાઈ ગઈ, આ કાર્ય શાળામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રાંત પ્રચારક મહેશભાઈ જીવાણી સેવા ભારતી ગુજરાત રાજ્યના કાર્ય સમિતિના અધ્યક્ષ તથા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રાંત કાર્યકાળની સદસ્ય કિશોરભાઈ મુગલપરા પ્રોજેકટ ઇન્ચાર્જ, રાજેન્દ્રભાઈ ગઢવી જાણીતા સી.એ. પ્રવીણભાઈ ધોળકિયા, નિકુંજભાઈ ધોળકિયા નું માર્ગદર્શન રહ્યું હતું. આ કાર્ય શાળામાં સૌરાષ્ટ્ર ભરની ૨૦ સેવા સંસ્થાના અગ્રણીઓ તથા પાંચ ઈન્ડિપેન્ડન્સ ડાયરેક્ટરો ઉપસ્થિત રહ્યા હતા. સૌરાષ્ટ્ર ભરમાં સેવા ભારતી સૌરાષ્ટ્ર પ્રાંત દ્વારા બાળકો અને સગર્ભા મહિલાના પોષણયુક્ત આહાર અંગે વ્યાપક જનજાગરણ કરવાનું આયોજન કરવામાં આવેલ હતું.

# ફિલ્ટર પ્લાન્ટ, પમ્પીંગ સ્ટેશન તથા સ્વિમિંગ પૂલ પર ક્લોરીન ગેસ લીકેજ અંગે તાલીમ

## ઓપરેટીંગ સ્ટાફને ક્લોરીન યુનીટમાં લીકેજ થતા લીકેજ કેવી રીતે બંધ કરવું તે અંગે અપાયું પ્રશિક્ષણ

રાજકોટ, તા.૧૮

રાજકોટ મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનના જુદા જુદા ફિલ્ટર પ્લાન્ટ, પમ્પીંગ સ્ટેશન તથા સ્વિમિંગ પૂલ પરના ઓપરેટીંગ સ્ટાફને ક્લોરીન યુનીટમાં લીકેજ થતા લીકેજ કેવી રીતે બંધ કરવું તથા આ લીકેજ બંધ કરવાં માટે SCBA સેટનો ઉપયોગ કેવી કરવો તથા ક્લોરીન સેફટી કીટનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગેની તાલીમ કેમિસ્ટ એચ.સી.નાગપરા, કેમીસ્ટ એચ.એ.તડવી તથા ક્લોરીન એટેન્ડન્ટશ્રી ઋત્વિક રાઠોડ દ્વારા ના.કા.ઇ. એચ.એમ.ખખ્ખર, તથા એડી.સિટી ઇજનેર(ઇચા.) કે.પી.



દેથરીયાના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવેલ હતી.

ક્લોરીન ગેસ ઘણો જ ઝેરી વાયુ છે. ૧૦૦૦ પીપીએમ થી વધારે પ્રમાણ વાળા ક્લોરીન મીશ્ર હવા શ્વાસમાં જવાથી વ્યક્તિનુ મૃત્યુ નીપજી શકે છે. ક્લોરીન તીવ્ર ગંધ ધરાવે છે. તેની ગંધથી નાક તથા ગળામાં ચચરાટ થાય છે. પરંતુ ક્લોરીનનો ઉપયોગ યોગ્ય પ્રમાણમાં કરવામાં આવે તો સારો જંતુનાશક સાબીત થાય છે. ક્લોરીન ગેસ લીકેજ કે તેમનો અયોગ્ય પ્રમાણમાં ઉપયોગ થાય તો તે ઘણો જ ઘાતક સાબીત થઇ શકે છે તેથી ક્લોરીન ગેસને યોગ્ય રીતે હેન્ડલીંગ કરવા માટે મહાનગરપાલિકાના કર્મચારીઓમાં આ બાબતની જાણકારી મળે તથા સતર્કતા રહે તે હેતુથી આ ટ્રેનીંગ સેશનનુ આયોજન કરવામાં આવેલ. એડી. સિટી એન્જીનીયર વોટર મેનેજમેન્ટ યુનિટ રહ્યા હાજર.

# મગફળી, મગ, અડદ પાકોની ટેકાના ભાવે ખરીદી માટે ૨૨ સપ્ટેમ્બર સુધી નોંધણી

## રાજકોટ જિલ્લામાં ૧,૭૧,૦૯૪ ખેડુતોએ મગફળી માટે, ૧૩૭૭૭ ખેડૂતોએ સોયાબીન માટે, ૩૦૦ ખેડૂતોએ અડદ માટે તેમજ ૧૮૪ ખેડૂતીએ મગ માટે ટેકાના ભાવે વેચાણ માટે નોંધણી કરાવી

રાજકોટ, તા. ૧૮

ગુજરાત સરકાર દ્વારા મગફળી, મગ, અડદ અને સોયાબીન પાકીની ટેકાના ભાવે ખરીદી માટે નોંધણીની સમય મર્યાદા આગામી તા.૨૨ સપ્ટેમ્બર સુધી લંબાવવામાં આવી છે. જેથી રાજ્યના મહત્તમ ખેડૂતો ટેકાના ભાવે ખરીદીનો લાભ મેળવી શકે. આજ તા. ૧૮ સપ્ટેમ્બર સુધીમાં રાજકોટ જિલ્લામાં ૧,૭૧,૦૯૪ ખેડુતોએ મગફળી માટે, ૧૩૭૭૭ ખેડૂતોએ સોયાબીન માટે, ૩૦૦ ખેડૂતોએ અડદ માટે તેમજ ૧૮૪ ખેડૂતીએ મગ માટે ટેકાના ભાવે વેચાણ માટે નોંધણી કરાવી છે.

ગત વર્ષની જેમ આ વર્ષે પણ ટેકાના ભાવે વેચાણ માટે ખેડૂતોએ કરાવેલી નોંધણીમાં સર્વે નંબરનું સેટેલાઈટ ઈમેજ અને ડિજિટલ કોપ સર્વે સાથે સરખામણી કરીને મગફળીના વાવેતરની ચકાસણી કરવામાં આવી રહી છે. આ વેરીફીકેશન પ્રક્રિયામાં નોંધણી કરાવેલા ૧૦ ટકાથી પણ ઓછા ખેડૂતોના સર્વે નંબરમાં મગફળીનો પાક જોવા મળ્યો નથી. આવા સર્વે નંબર ધરાવતા ખેડૂતોને જ્ખજ્ના માધ્યમથી જાણ કરવામાં આવી છે, પરંતુ આ મેસેજથી ખેડૂતોએ ચિંતિત થવાની જરૂર નથી.



ખેડૂતોને ખાતરી આપવામાં આવે છે કે નોંધણી દરમિયાન ખેડૂતોએ દર્શાવેલા સર્વે નંબરમાં મગફળીનું વાવેતર કર્યું હોય, તેમ છતાં પણ આવો જ્ખજ મળ્યો હોય તેવા ખેડૂત મિત્રોએ જરા પણ ચિંતા કર્યા વગર વહેલામાં વહેલી તકે ગ્રામસેવકને રજૂઆત કરીને પાક અને સર્વે નંબરનું વેરીફીકેશન કરાવી લેવાનું રહેશે. જિલ્લા ખેતીવાડી કચેરી દ્વારા આવા તમામ સર્વે નંબરની યાદી ગ્રામ્ય કક્ષાએ મોકલી આપવામાં આવી છે.

આ ઉપરાંત, ખેડૂત મિત્રો ગામના સર્વેયરનો સંપર્ક કરીને નોંધણીમાં દર્શાવલ સર્વે નંબરનો ડિજિટલ કોપ સર્વે પણ કરાવી શકશે. ખેડૂતી પાસે પોતાના ફોનના પ્લેસ્ટોરમાંથી ઉશલશફિંહ ઈજ્ઞિા જીદ્યિુ-ત્રીષફફિ એપ્લીકેશન ડાઉનલોડ કરીને જાતે પણ ડિજિટલ કોપ સર્વે કરવાનો વિકલ્પ ઉપલબ્ધ છે. ખેડૂતો ફોનના માધ્યમથી જાતે જ ડિજિટલ ક્રોપ સર્વે કરી શકે, તે માટે બાઈસેગની વંદે ગુજરાત ચેનલ મારફત કૃષિ વિભાગ દ્વારા તાલીમ પણ આપવામાં આવેલ છે.

ખેડૂતોએ જે સર્વે નંબરમાં મગફળીનું વાવેતર કર્યું હોય, તેનો એક જીઓ ટેગ્ડ (ત્ર્યજ્ઞ-ફિંલલયમ) ફોટો લઇને પોતાના પાસે આધાર પુરાવા તરીકે રાખવાનો અનુરોધ કરવામાં આવે છે. જે ખેડૂતોએ નોંધણી કરાવેલા સર્વે નંબરમાં મગફળીનું જ વાવેતર કર્યું હોય, તેવા ખેડૂત મિત્રોએ ચિંતા કરવાની જરૂર નથી. આવા ખેડૂતો પાસેથી ખરાઈ કર્યા બાદ જ ટેકાના ભાવે જથ્થાની ખરીદી કરવામાં આવશે, તેમ રાજકોટ જિલ્લા ખેતીવાડી અધિકારી તૃપ્તિ પટેલની યાદીમાં જણાવાયું છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# લાભનો ભ્રમ

## GSTના ઘટાડાનો લાભ ગ્રાહકો સુધી પહોંચાડવો જરૂરી




ટેરિફના આક્રમણ સામે સ્થાનિક માર્કેટ મેં તેજી આપીને ભારતીય અર્થતંત્રને ગતિશીલ રાખવા તથા અન્ય ઉપદેશો પાર પાડવા કેન્દ્ર સરકારે જીએસટીમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે. પ્રથમ નવરાત્રીથી જીએસટી ઘટાડાનો અમલ કરવાની ઘોષણા થઈ છે.

નવરાત્રી બાદ દિપાવલી મહાપર્વ આવનાર છે. ભારતના અર્થતંત્રમાં ફૂલ ગુલાબી તેજી આવે તેવી ધારણા છે. જોકે આર્થિક જગતના અનેક નિષ્ણાતોએ આશંકા વ્યક્ત કરી છે કે, જીએસટી ઘટાડાથી લાભને બદલે લાભનો ભ્રમ સર્જાય તેવી સંભાવના છે. ઘણા ઉત્પાદકો તથા વેપારીઓ કીમિયો કરીને જીએસટી નો લાભ ઓહિયા કરી જવા ખેલ નાખી રહ્યા છે.

પ્રાપ્ત સમાચાર પ્રમાણે સિમેન્ટમાં જીએસટી ૨૮% થી ઘટીને ૧૮% થયો છે કંપનીઓએ સિમેન્ટની કિંમતમાં વધારો જાહેર કરીને પરોક્ષ રૂપે જીએસટીનો લાભ ઓહિયા કરી જવા ખેલ નાખ્યો છે. આવી દશા અનેક પ્રોડકટમાં થઈ છે જોકે સિમેન્ટ લોબી આક્ષેપોને અવગણે છે.

છટકબારીઓ અને કીમીયાગરોના કારણે સરકારી નીતિ પરિવર્તન નો લાભ લોકોને મળતો નથી. જીએસટી નું માળખું સામાન્ય માણસને સમજવું મુશ્કેલ છે આ કારણે છેતરવાની સંભાવના વધી જાય છે આ સામે જીએસટી કાઉન્સિલે જાગૃતિ અભિયાન છેડવાની ઘોષણા કરી છે આ ઉપરાંત કીમિયાગર ઉત્પાદકો તથા વ્યાપારીઓ સમક્ષ આકરા પગલાં ભરવાની પણ ઘોષણા કરવામાં આવી છે.

જાગૃતિ અભ્યાનો બહુ આશાસ્પદ હોતા નથી ઉપરાંત અધિકારીઓ નિષ્ઠાપૂર્વક સક્રિય થાય તેવી પણ આશા રાખી ન શકાય. આ સ્થિતિના કારણે જીએસટી નો લાભ લોકો સુધી પહોંચે કે નહીં તે આશંકા છે.

જોકે કીમીયા કરીને જીએસટીનો લાભ ઓહિયા કરવાને બદલે પ્રોડક્ટની કિંમત ઘટાડીને વેચાણ વધારવાની નીતિ અપનાવે તો પોતાને ગ્રાહકને અને દેશને લાભ થઈ શકે છે. આ દ્રષ્ટિકોણ વ્યાપકરૂપે પ્રસ્થાપિત થાય તો અર્થતંત્રમાં તેજી આવવાની સંભાવના અનેકગણી વધી જાય.

અમુક અર્થશાસ્ત્રીઓ કહે છે કે જીએસટી ઘટાડાથી સ્પર્ધાત્મક માહોલ પણ થશે જે વેપારી કે ઉત્પાદક પોતાના ગ્રાહકને ઘટાડાનો લાભ નહીં આપે અને તેના હરીફ લાભ આપતા રહેશે તો લોકોને લાભ ન આપનાર ઉત્પાદક કે વ્યાપારીને આર્થિક અને સરેરાશનું મોટું નુકસાન થઈ શકે છે. સંગઠિત ઉત્પાદકો કે વ્યાપારીઓ હોય ત્યાં જ જીએસટીનો લાભ ઓહિયા કરવાનું શક્ય બને તેમ છે. જીએસટી ઘટાડાનો લાભ લોકો સુધી પહોંચાડવો એ સરકાર સમક્ષ મોટો પડકાર છે.

"પ્રેમભકિતના હસ્તાક્ષરે"
થોડું જોયા કરજો,
થોડું જતું કરજો,
ને થોડું જાતે કરજો.
જીંદગી જીવવા જેવી લાગશે.
કોઈનાં ગયાં પછી,
"MISS YOU"
લખવા કરતા,
જીવતાં હોય ત્યાં સુધી
"WITH YOU"
લખો ને એ વધારે સારું
શાસ્ત્રી ભક્તિપ્રકાશ દાસજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક)
પ્રમુખ શ્રી અખિલ ભારતીય સંત સમિતિ રાજકોટ જીલ્લા
પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા




# ૩૬ સેકન્ડમાં બે ફોર્મ ભરાયા ૧૪ મિનિટમાં ૧૨ મત ડિલીટ થયા : રાહુલ

## કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી મત ચોરીના મુદ્દા પર સરકાર અને ચૂંટણી પંચ પર પ્રહાર કર્યા

નવીદિલ્હી, તા. ૧૮

કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ ફરી એકવાર મત ચોરીના મુદ્દા પર સરકાર અને ચૂંટણી પંચ પર નિશાન સાધ્યું છે. તેમણે ગુરુવારે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન અનેક આરોપો લગાવ્યા. રાહુલે મત કેવી રીતે કાઢી નાખવામાં આવ્યા તેની વિગતવાર રજૂઆત કરી. તેમણે કહ્યું કે કોંગ્રેસના મતદારો કાઢી નાખવામાં આવી રહ્યા છે. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર ભારતીય લોકશાહીનો નાશ કરનારાઓનું રક્ષણ કરી રહ્યા છે. તેમણે કાઢી નાખવાના પુરાવા પણ રજૂ કર્યા. તેમણે કહ્યું કે અલાંદ કર્ણાટકનો એક મતવિસ્તાર છે. કોઈએ ૬,૦૧૮ મત કાઢી નાખવાનો પ્રયાસ કર્યો. ''અમને ૨૦૨૩ની ચૂંટણીમાં અલાંદમાં કાઢી નાખવામાં આવેલા કુલ મતોની સંખ્યા ખબર નથી. આ સંખ્યા ૬,૦૧૮ કરતા ઘણી વધારે છે, પરંતુ કોઈ તે ૬,૦૧૮ મતો કાઢી નાખતા પકડાયો હતો, અને તે એક સંયોગ હતો,'' તેમણે કહ્યું.

રાહુલે કહ્યું કે જ્યારે બૂથ-લેવલ ઓફિસરે જોયું કે તેમના કાકાનો મત કાઢી નાખવામાં આવ્યો છે, ત્યારે તેમણે તપાસ કરી કે તેમના કાકાનો મત કોણે કાઢી નાખ્યો છે અને જાણવા મળ્યું કે તે પાડોશી છે. તેમણે તેમના પાડોશીને પૂછ્યું, પરંતુ તેમણે કહ્યું કે તેમણે કોઈ મત કાઢી નાખ્યા નથી. ન તો મત કાઢી નાખનાર વ્યક્તિ કે ન તો જેનો મત કાઢી નાખવામાં આવ્યો હતો તે વ્યક્તિ આ વિશે જાણતો હતો. કોઈ અન્ય શક્તિએ પ્રક્રિયાને હાઈજેક કરી અને મત કાઢી નાખ્યો. રાહુલ ગાંધીએ કહ્યું, ''અમે તપાસ કરી અને જોયું કે આલેન્ડમાં કોઈએ કેન્દ્રીય રીતે મત કાઢી નાખ્યા હતા. અમને ખબર નથી કે ત્યાં કેટલા મત કાઢી નાખવામાં આવ્યા હતા. તે વધુ હોઈ શકે છે. લગભગ ૬,૦૦૦ મળી આવ્યા હતા. અમને જાણવા મળ્યું કે ફાઈલિંગ ઓટોમેટિક હતું. ઉપયોગમાં લેવાતા મોબાઈલ નંબર કર્ણાટકના નહીં, પરંતુ અન્ય રાજ્યોના હતા. કોંગ્રેસના મતદારોને કાઢી નાખવામાં લક્ષ્ય બનાવવામાં આવ્યું હતું.''

રાહુલે ગોદાબાઈનું ઉદાહરણ આપ્યું, જેમણે કહ્યું કે તેમના નામે ૧૨ મતદારો કાઢી નાખવામાં આવ્યા હતા અને તેમને તેની જાણ નહોતી. રાહુલે કહ્યું કે બીજું ઉદાહરણ સૂર્યકાંત જીનું છે. તેમણે ૧૪ મિનિટમાં ૧૨ મતદારો કાઢી નાખ્યા. જ્યારે મેં તેમને પૂછ્યું કે તેમણે તે કેવી રીતે કર્યું, ત્યારે તેમણે કહ્યું કે તેમને કોઈ ખ્યાલ નથી. રાહુલ ગાંધીએ કહ્યું કે નાગરાજ જીએ ૩૬ સેકન્ડમાં બે ફોર્મ ભર્યા. તેઓ ફાઈલ કરવા માટે સવારે ૪ વાગ્યે ઉઠ્યા. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ કોર્ટ કે કોઈ એજન્સીનો સંપર્ક કરશે, ત્યારે કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ કહ્યું, ''સાચું કહું તો, હું અહીં જે કરી રહ્યો છું તે મારું કામ નથી. મારું કામ લોકશાહી વ્યવસ્થામાં ભાગ લેવાનું છે. મારું કામ લોકશાહી વ્યવસ્થાનું રક્ષણ કરવાનું નથી. તે ભારતમાં સંસ્થાઓનું કામ છે. તેઓ તે કરી રહ્યા નથી, તેથી મારે તે કરવું પડશે.'' રાહુલે ઉમેર્યું કે તેમને ચૂંટણી પંચની અંદરથી મદદ મળવા લાગી છે. હું સ્પષ્ટ કરી રહ્યો છું કે અમને હવે ચૂંટણી પંચની અંદરથી માહિતી મળી રહી છે, અને તે અટકશે નહીં.

# જૈશ-એ-મોહમ્મદે રચ્યું ષડયંત્ર

## જૈશ ૩૧૩ મદરેસા અને આતંકવાદી તાલીમ માટે આશરે ૧૫૦ કેમ્પ બનાવવાની કામગીરી કરી શરૂ

નવીદિલ્હી, તા. ૧૮

પાકિસ્તાનનું જૈશ-એ-મોહમ્મદ પોતાના સંગઠનને ફરીથી સ્થાપિત કરવા માટે એક નવું ષડયંત્ર રચી રહ્યું છે. આ માટે, તેણે ''ઓપરેશન ૩૧૩'' શરૂ કર્યું છે. આ ઓપરેશનને પાર પાડવા માટે, આતંકવાદીઓ આશરે ૪,૦૦૦ મિલિયન પાકિસ્તાની રૂપિયા એકઠા કરી રહ્યા છે. અહેવાલો અનુસાર, આ પૈસાથી, જૈશ ૩૧૩ મદરેસા અને આતંકવાદી તાલીમ માટે આશરે ૧૫૦ કેમ્પ બનાવશે. આ મદરેસા પાકિસ્તાનના સરહદી વિસ્તારોમાં બનાવવામાં આવશે. આ વર્ષના અંત સુધીમાં પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) માં ૩૦ થી વધુ હાઇ-ટેક મદરેસા અને કેમ્પ બનાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

ઓપરેશન ૩૧૩ હેઠળ આતંકવાદીઓ દ્વારા પૈસા એકઠા કરવામાં આવી રહ્યા છે. આ રસીદો દર્શાવે છે કે જૈશ તેના મદરેસા અને કેમ્પ ફરીથી બનાવવા અને આતંકવાદીઓને તાલીમ આપવા માટે ૪,૦૦૦ મિલિયન પાકિસ્તાની રૂપિયા એકઠા કરવાની યોજના બનાવી રહ્યું છે. આ ઓપરેશન હેઠળ, દરેક જૈશ સમર્થકે ૨૧,૦૦૦ પાકિસ્તાની ચલણનું દાન કરવું જરૂરી છે. ભંડોળ ફક્ત પાકિસ્તાનથી જ નહીં પરંતુ વિદેશથી પણ આવી



રહ્યું છે. ગલ્ફ, સાઉદી અરેબિયા, મલેશિયા, યુએઈ અને બાંગ્લાદેશ સહિત અનેક દેશોમાંથી કરોડો રૂપિયાનું ભંડોળ એકત્ર કરવામાં આવ્યું છે. ભંડોળ એકત્ર કરવા માટે ડિજિટલ એકાઉન્ટ્સનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. FATF આ નાણાં વ્યવહારો પર નજીકથી નજર રાખી રહ્યું છે. પહેલગામ હુમલા બાદ, ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર હેઠળ જૈશ-એ-મોહમ્મદ (JeM)ને તોડી પાડ્યું, ત્યારબાદ આતંકવાદી સંગઠનના વડા મસૂદ અઝહરે જૈશ-એ-મોહમ્મદ (JeM)ના મુખ્યાલયને ફરીથી બનાવવા માટે એક ઓપરેશન શરૂ કર્યું. જૂથે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને બધાને એક થવા અને સાથે મળીને કામ કરવા વિનંતી કરી.

જૈશ-એ-મોહમ્મદના ટોચના કમાન્ડર, મસૂદ ઇલ્યાસી કાશ્મીરીએ સ્વીકાર્યું છે કે ભારતના મોસ્ટ વોન્ટેડ આતંકવાદીઓમાંના એક, મસૂદ અઝહરે દિલ્હી જેલમાંથી મુક્ત થયા પછી પાકિસ્તાનથી ભારતમાં આતંકવાદી હુમલાઓની યોજના બનાવી હતી. એક વીડિયોમાં, મસૂદ ઇલ્યાસી કાશ્મીરી કહેતા સાંભળવામાં આવે છે, ''દિલ્હી જેલમાંથી મુક્ત થયા પછી, અમીર-ઉલ-મુજાહિદ્દીન મૌલાના મસૂદ અઝહર પાકિસ્તાન આવે છે, અને બાલાકોટની ધરતી તેને તેના વિઝન અને મિશનને આગળ વધારવામાં મદદ કરે છે, જેમાં દિલ્હી અને મુંબઈમાં આતંકવાદી હુમલાઓનો સમાવેશ થાય છે.

મસૂદ ઇલ્યાસી કાશ્મીરીનો આ વિડીયો પાકિસ્તાનને એવો દાવો કરવા માટે કોઈ જગ્યા આપતો નથી કે તે આતંકવાદીઓને આશ્રય આપતો નથી. ઇલ્યાસીની કબૂલાત ભારતના દાવાઓને સમર્થન આપે છે કે જૈશ કેમ્પ પાકિસ્તાનના સૈન્ય અને સુરક્ષા સંસ્થાનની દેખરેખ હેઠળ ખુલ્લેઆમ કાર્યરત હતા, જ્યારે ઇસ્લામાબાદ વિશ્વને કહી રહ્યું હતું કે તેની સરહદોમાં કોઈ આતંકવાદી ઠેકાણા નથી.

# જો ભારત પાકિસ્તાન પર હુમલો કરે તો સાઉદી અરેબિયા શું કરશે?

## સાઉદી અરેબિયા અને પાકિસ્તાન વચ્ચે એક મહત્વપૂર્ણ કરાર : કરારમાં જણાવાયું છે કે જો બંનેમાંથી કોઈ પર હુમલો થાય છે, તો તેને બંને પર હુમલો માનવામાં આવશે

નવીદિલ્હી, તા. ૧૮

સાઉદી અરેબિયા અને પાકિસ્તાન વચ્ચે એક મહત્વપૂર્ણ કરાર થયો છે. બંને પક્ષોએ જણાવ્યું હતું કે બંને પક્ષો પર હુમલો બંને પક્ષો પર હુમલો માનવામાં આવશે. મતલબ કે, જો કોઈ દેશ સાઉદી અરેબિયા પર હુમલો કરે છે, તો તે પાકિસ્તાન પર પણ હુમલો માનવામાં આવશે. આ કરાર પર સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન અને પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે હસ્તાક્ષર કર્યા હતા. એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે શરીફે ક્રાઉન પ્રિન્સના આમંત્રણ પર સાઉદી અરેબિયાની મુલાકાત લીધી હતી. ભારતે બંને દેશો વચ્ચેના આ કરારનો જવાબ આપ્યો. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે તેણે સાઉદી અરેબિયા અને પાકિસ્તાન વચ્ચે વ્યૂહાત્મક કરાર પર હસ્તાક્ષર થયાના અહેવાલો જોયા છે. સરકારને ખબર હતી કે આવું થઈ શકે છે, બંને દેશો વચ્ચે લાંબા ગાળાની વ્યવસ્થાને ઔપચારિક બનાવવી, જે લાંબા સમયથી વિચારણા હેઠળ હતી.

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે તે આ વિકાસની તેની રાષ્ટ્રીય સુરક્ષા તેમજ પ્રાદેશિક અને વૈશ્વિક સ્થિરતા પરની અસરોનો અભ્યાસ કરશે. સાઉદી અરેબિયા અને પાકિસ્તાન વચ્ચેનો આવો કરાર ભારત માટે મહત્વપૂર્ણ છે, કારણ કે



તે રાજ્ય સાથેના તેના ગાઢ સંબંધો છે. આ કરાર પાકિસ્તાન પર ભારતના હુમલાની સ્થિતિમાં સાઉદી અરેબિયાના વલણ પર પ્રશ્ન ઉઠાવે છે. નામ ન આપવાની શરતે રોઈટર્સ સાથે વાત કરતા, સાઉદી અરબના એક અધિકારીએ ભારત સાથેના સંબંધોને સંતુલિત કરવાની જરૂરિયાત સ્વીકારી. તેમણે કહ્યું, ''ભારત સાથેના અમારા સંબંધો પહેલા કરતાં વધુ મજબૂત છે. અમે આ સંબંધને વિકસાવવાનું ચાલુ રાખીશું અને દરેક શક્ય રીતે પ્રાદેશિક શાંતિમાં યોગદાન આપવાનો પ્રયાસ કરીશું.'' અધિકારીએ કહ્યું કે આ એક વ્યાપક રક્ષણાત્મક કરાર છે જે તમામ લશ્કરી માધ્યમોને આવરી લે છે.

પાકિસ્તાન અને સાઉદી અરબ વચ્ચે દાયકાઓથી ગાઢ વેપાર અને લશ્કરી સંબંધો છે. ૧૯૬૭ થી, પાકિસ્તાને ૮,૨૦૦ થી વધુ સાઉદી સશસ્ત્ર દળોના કર્મચારીઓને તાલીમ આપી છે, અને બંને પક્ષોએ અસંખ્ય સંયુક્ત લશ્કરી કવાયતો હાથ ધરી છે. ૨૦૨૩ માં સાઉદી અરબ તરફથી પાકિસ્તાનને ૨ બિલિયનની નાણાકીય સહાય મળી. એક વર્ષ પછી, રિયાધે ૩ બિલિયનની લોન વધારી. ૧૯૯૯ માં કારગિલ યુદ્ધ દરમિયાન, તત્કાલીન સાઉદી સંરક્ષણ પ્રધાન, પ્રિન્સ સુલતાન બિન અબ્દેલઅઝીઝ અલ-સઉદે ઇસ્લામાબાદ નજીક પાકિસ્તાનની મિસાઈલ અને પરમાણુ સુવિધાઓની મુલાકાત લીધી.

૨૨ એપ્રિલે પહેલગામ હુમલો થયો ત્યારે પીએમ મોદી સાઉદી અરબમાં હતા. ત્યારબાદ, ભારતે પાકિસ્તાન સામે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું. સાઉદી અરબે આ કામગીરીમાં ભારતને ટેકો આપ્યો. એ સ્પષ્ટ છે કે સાઉદી અરેબિયા ભારત અને પાકિસ્તાન સાથેના સંબંધોમાં સંતુલન જાળવી રાખે છે. ભારતની તાકાતને ઓળખીને, તે ભારતની સાથે ઉભું છે અને આર્થિક સહાય આપીને પાકિસ્તાનને પણ પોતાના પક્ષમાં રાખે છે. જોકે, જો ભારત ભવિષ્યમાં પાકિસ્તાન સામે કાર્યવાહી કરે છે, તો સાઉદી અરેબિયાનું વલણ શું રહેશે તે જોવાનું બાકી છે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## વધ અને હત્યામાં ફેર છે! વધ અહિંસાની ભાવનાથી સામેની વ્યક્તિનાં ઉદ્ધાર માટે દૈવીય શક્તિથી કરવામાં આવે છે



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ગઈકાલે હરિ મંદિરમાં પૂજા કરતી હતી, અને મન હવે તો થોડા દિવસમાં દોહિત્રી આવશે! એ મીઠી ઉલઝનમાં અટવાયેલું હતું, એટલે શંકર પર અભિષેક કરવાનો મંત્ર યા તે રૂદ્ર શિવા.. ગણેશ અને શ્રીયંત્રની પૂજામાં બોલાયો,પણ લાલજીનો વારો આવ્યો એટલે જમુનાજીમાં કેસર ઘોળી.. એમ જ બોલાયું! એટલે થયું કે જેની એક એક લીલા ઋજુ અને મધુર છે, એમા ભૂલ કેમ થાય! પછી તો ચિંતનની ધારા મમતાના તાંતણે સમય ચક્રનાં પૈડે છેક સતયુગ સુધી પહોંચી, અને દરેક કાળનાં મુખ્ય ગુણ અને એની સામે સમતોલ કરતાં મુખ્ય ભાવની ભૂમિકાનું સુંદર છણાવટ ભર્યું ચિંતન સહજ જ હૃદયમાં મંદાકિનીનાં ખળખળ કરતાં નીર જેમ વહ્યું.

સતયુગ : સમય ચક્રનાં આ પડાવનું ચિંતન કરીએ તો, શિવ અને પાર્વતીનાં ગૃહ વિહારનો સમય. સતયુગમાં ગુણની રીતે ત્રિગુણાતીત એટલે સત્વ, રજસ, અને તમસથી પરેની માનસિકતા વધુ જોવા મળતી. આપ સૌને થશે કે આવું વિધાન કેમ ! કારણકે ત્યારે જ દુર્ગાનાં કાલી અને ચંડી સ્વરૂપનો ઉલ્લેખ છે! શુંભ નિશુંભ અને મહિષાસુર જેવા અનેક રાક્ષસોનાં વધની કથા છે. વધ અને હત્યામાં ફેર છે! વધ અહિંસાની ભાવનાથી અને સામેની વ્યક્તિનાં ઉદ્ધાર માટે ઈશ્વરીય શક્તિ દ્વારા કરવામાં આવે છે, એમાં બદલાની કોઈ ભાવના હોતી નથી! જ્યારે હત્યા તમસ ગુણની પ્રધાનતા એ આચરેલું એક ક્રૂર કર્મ છે! જે મોટેભાગે કોઇને કોઇ પ્રકારનાં બદલાની ભાવનાથી કરવામાં આવે છે. એટલે આજના સમાજમાં અંતરમાં ત્રિગુતાતીત ભાવ નિત્ય રાખવો અથવા બુદ્ધિની એ કક્ષા સુધી જવું અશક્ય છે.

ત્રેતાયુગ : સમયનો આ મોડ તપાસીએ તો ખ્યાલ આવશે કે, ભગવાન શ્રીરામ સહિત રાજા દશરથનો આખો પરિવાર સત્વ ગુણની પ્રધાનતા ધરાવે છે! સૌ કૈકેયી માટે કદાચ સંમત ન થાય, કારણ કે એનાં કારણે અયોધ્યામાં રામરાજ્ય ૧૪ વર્ષ બાદ થયું! પરંતુ આ વનવાસની ઘટનાનું મૂળ રાજા દશરથ એ આપેલા બે વચનો છે! કૈકેયી એ રાજા દશરથને જીવનાં જોખમે યુદ્ધમાં મદદ કરી એટલે દશરથ દ્વારા એને બે વચન મળ્યાં. કૈકેયી પતિવ્રતા ધર્મ નિભાવ્યો, અને દશરથ રાજાએ પણ વચન માટે પુત્રને વનવાસની આજ્ઞા કરી! પુત્ર એ પિતાનાં વચનને કોઈ દલીલ વગર સ્વીકારી! સીતા એટલે કે રામની પત્ની એ પોતાને વનવાસની કોઈ આજ્ઞા નહોતી, છતાં પતિ સાથે ગયાં, લક્ષ્મણ પણ ભ્રાતૃપ્રેમ માટે સાથે ગયા! ભરતને રાજગાદી મળી છતાં નંદીગ્રામ એટલે કે શ્રીરામ જેમ વનમાં રહ્યા! ટૂંકમાં આખો પરિવાર સત્ય અને મર્યાદાને અનુસર્યો, કે એમ કહો કે સત્વ ગુણની પ્રધાનતા સિદ્ધ કરી. આનાં પરથી કહી શકાય કે એ સમયનાં સમાજમાં તપ કર્મની બોલબાલા હતી, તો મિથિલા જેવી નગરીમાં વેદ વેદાંતનો શાસ્ત્રાર્થ રાજ ભવનમાં પણ થતો,આમ સત્વની પ્રધાનતા હતી.ત્રેતાયુગમાં વચનનાં સત્યને કારણે સમાજમાં ન્યાય થતો, અને એ રીતે સમાજ વ્યવસ્થા સ્વસ્થ રહી શકી.

દ્વાપર : દ્વાપર એટલે કૌરવ પાંડવ વચ્ચેનાં ભીષણ યુધ્ધનો સમય ! જરાં પાછળ નજર કરીએ તો રામ અને રાવણમાં માનવ દાનવ, જ્યારે કૌરવ પાંડવ તો માનવ માનવ કરતાં પણ ભાઈ ભાઈ હતા! અને અહીં પણ યુદ્ધનો મુખ્ય મુદ્દો તો રાજગાદી અને સ્ત્રી જ હતો! પણ એકંદરે સમાજ રજસની પ્રધાનતાને કારણે ભોગ પ્રેરિત સુખ પાછળ દોડતો હતો, અને એટલે જ જોઈ શકાય છે, ધૃત ક્રિડા, મદીરા પાન અને સતત મારું મારું ની અવદશા! દશરથને ત્રણ રાણી જ્યારે દ્રૌપદીને પાંચ પતિ! પણ એ જ સમયમાં શ્રીકૃષ્ણ ચરિત્રની અવતાર લીલા જોઈએ તો પૃથ્વી પર પ્રેમ તત્વની પુષ્ટિ માટે સત્યને વિઘટિત કર્યું, અથવા એમ કહો કે પરમ સત્યને અનુસર્યા, અને ગોકુળના ગોપ, ગોપી, ગાયથી, શરૂ કરીને જીવનનાં અંતિમ ચરણ સુધી સૌમાં પ્રેમને પ્રસાદ જેમ વહેંચ્યો! છતાં પોતે પ્રેમથી વંચિત રહ્યાં. જે જે પ્યારું લાગ્યું, જીંદગીએ એ જ એની પાસેથી છીનવી લીધું! કાળની ગતિ તો જુવો! ઈશ્વર અવતારનું પણ એક પારધીનાં હાથે મૃત્યુ! એનાં પરથી કહી શકાય કે દ્વાપરમાં ભોગની કે સુખની બોલબાલા હતી, અને રજસ ગુણની પ્રધાનતા, અને એમાં સમતોલન જાળવવા માટે કે ન્યાય માટે કૃષ્ણની પ્રેમ ભાવની પૂર્તિ એ જ સમાજ ટકી શક્યો.

કળીયુગ : કળીયુગની પૌરાણિક દંતકથા મુજબ પરિક્ષિતના બાણથી ઘવાયેલા કળીયુગ એ થોડા આશ્રય સ્થાન માંગ્યા હતાં, અને રાજા એ કહ્યું હતું કે તું પ્રત્યક્ષ રહી નહીં શકે, પણ માનવીનાં અંતરમાં વિસ્તરીને તારું સામ્રાજ્ય બનાવી શકીશ, અને એમ કરતાં કરતાં આજે તો એનું વિસ્તરણ અધધધ...સમયનાં આજનાં દોરની વાત કરવા જેવી જ નથી, છતાં કરીએ તો ગુણની બાબત આજે સમાજમાં ૮૦/૨૦ નો રેશિયો છે. જેમાં ૮૦% તમસ અને ૨૦% માં રજસ, સત્વ ગુણની પ્રધાનતા જોવાં મળે છે. રામચરિત માનસમાં તુલસીદાસજી એ કળીયુગનું જે વર્ણન કરેલ છે, એ વાંચીએ ત્યારે આપણને એમ થાય કે, શું આપણો સમાજ આવો છે? કેટલી ગંદી માનસિકતા! કે જ્યાં પરિવારમાં પણ સ્ત્રીને અસુરક્ષાનો ભાવ થાય, સ્ત્રી શું અહીં તો દીકરી પણ.. જ્યાં જુવો ત્યાં અત્યાચાર અને બલાત્કાર! કામ ભાવની પૂર્તિ માટે ન જાણે કેટલુ અધ પતન.. તો ક્યાંક જીત માટે કે સિદ્ધિ માટે તામસી તંત્રનાં પ્રયોગો! અરેરાટી થઈ જાય એવાં. તમસની પ્રધાનતાને કારણે સમાજમાં આક્રમક વલણ વધતું જાય છે, જેને કારણે હિંસા પ્રર્વતી રહી છે. આ હિંસાને ઓછી કરવા માટે સત્ય પ્રેરક ન્યાય કામ આવે નહીં! તો પ્રેમ, હુંફ, લાગણીથી એકલ દોકલનો ઉદ્ધાર કે સુધારો શક્ય છે! પણ કરુણા એક એવો ભાવ છે, જે તમસની આક્રમકતાને ઓછી કરી શકે! કરુણા ભલભલા ગુનાહને માફ કરી સ્વીકાર કરે છે, અને બુદ્ધ પુરુષોનાં કે સંતોની કરુણાનાં ઉત્તમ ભાવથી જ સમાજમાં આટલી વિકૃતિ હોવા છતાં ટકી શક્યો છે. આમ તો ચોવીસ અવતારની કથામાં કળીયુગમાં કલ્કી અવતારની વાત છે! પણ કુદકે ને ભૂસકે વધતી અરાજકતાને સમ કરવા કોઈ એક અવતાર અત્યારે આ વિષમ પરિસ્થિતિને કાબૂમાં લઈ શકે એમ નથી, એવું લાગતાં ઈશ્વરે બુદ્ધ પુરુષ કે સંતોનાં અવતારને પૃથ્વી પર મોકલવાનું નક્કી કર્યું હશે! મૂળ વાત એ છે કે કળીયુગ આપણે કારણે જ આટલો વિસ્તર્યો છે, તો સદગુરુ એ સૂચવેલી થોડી જાગૃતિ રાખીને જે જે એનાં સ્થાન બતાવ્યા છે, ત્યાંથી આપણે જ એને કાઢીને સમયને સતયુગ તરફ ગતિ કરાવી શકીશું! આપણે સૌ જાગૃતિ રાખી શકીએ એવી એક અનન્ય પ્રાર્થનાં ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

# ૪૧ લાખના ચેક રિટર્ન કેસમાં કોર્ટનો સીમાચિન્હ ચુકાદો

## ફરિયાદીને ૪૧ લાખ એક માસમાં જ ચૂકવવા કોર્ટનો હુકમ, ન ચૂકવાય તો વધુ છ માસની સજાનો આદેશ : ધારાશાસ્ત્રી સુરેશ ફળદુની ધારદાર દલીલો

રાજકોટ, તા. ૧૮

ચેક રીટર્ન કેસમાં સજાની બે વર્ષની જોગવાઈ અન્વયે પુરેપુરી સજા કરવાના બનતા ભાગ્યે કિસ્સાઓ પૈકી રાજકોટની અદાલતમાં રૂા.૪૧,૦૦,૦૦૦/- ના ચેક રીટર્ન કેસમાં ગોવર્ધન પાઈપ વાળા શૈલેષ પોકીયાને બે વર્ષની પુરી સજા અને ચેકની રૂા.૪૧,૦૦,૦૦૦/- રકમ એક જ માસમાં ફરીયાદી દિપક વણપરીયાને ચુકતે કરી દેવા અને રકમ ચુકતે કરવામાં કસુર કરે તો વધુ છ માસની સજા ફરમાવતો સીમાચીન્હરૂપ ચુકાદો રાજકોટના એડી. ચીફ જયુડી મેજી. ફરમાવતા ચેક રીટર્નના આવા સીમાચીન્હરૂપ ચુકાદાથી ચેક રીટર્ન કેસોના આરોપીઓમાં ચર્ચાનો વિષય બની ગયેલ છે.

કેસની હકીકત જોઈએ તો કુવાડવા રોડ પર આલ્ફા સ્કુલ પાસે રહેતા ફરીયાદી દિપક જીવરાજભાઈ વણપરીયાએ ગવર્ધન ચોકમાં રહેતા અને ગોવર્ધન પાઈપના નામે ધંધો કરતા આરોપી શૈલેષ વલ્લભભાઈ પોકીયા વિરૂધ્ધ રાજકોટની અદાલતમાં એ મતલબની ફરીયાદ દાખલ કરેલ કે અમો ફરીયાદીના બનેવીના આરોપી બનેવી થતા હોય પ્રસંગોપાત મળતા હોય અને ફરીયાદી બ્રીકસ બનાવવાનો ધંધો કરતા હોય અને આરોપી ફેબ્રીકેશનમાં ઉપયોગ લોખંડ અને ગેલ્વેનાઈજના પાઈપનો ધંધો કરતા હોય તેમજ સ્થાવર મિલ્કતમાં ઈન્વેસ્ટનો ધંધો કરતા હોય આરોપીના ધંધામાં ખોટ જતા અને સ્થાવર મિલ્કતમાં રકમ બ્લોક થઈ જતા તે પરિસ્થિતિમાંથી બહાર આવવા આરોપીએ ફરીયાદી પાસે રૂા.૫૦,૦૦,૦૦૦/- ની માંગણી



કરેલ જેમાંથી રૂા.૪૧,૦૦,૦૦૦/- ની વ્યવસ્થા થતા ફરીયાદીની ટુંક સમયની મુશ્કેલી દુર કરવા સબંધના દાવે આપેલ રકમ મેળવી પ્રોમીસરી નોટ લખી આપી રૂા.૪૧,૦૦,૦૦૦/- નો પી.ડી.સી. ચેક પણ ઈસ્યુ કરી આપી ચેક નીયત તારીખે બેંકમાં રજુ કરવાથી ચેક પાસ થઈ જશે પરત ફરશે નહી તેવા આરોપીના શબ્દો પર ભરોષો રાખી ફરીયાદીએ જમા કરાવેલ ચેક અપુરતા નાણાના કારણોસર રીટર્ન થતા, જાણ કરતા, નોટીસ આપવા છતા રકમ પરત નહી કરતા અદાલતમાં કેસ દાખલ કરવામાં આવેલ.

ઉપરોકત કેસ ચાલી જતા આરોપી તરફે એવી દલીલો કરવામાં આવેલ કે આરોપીએ ફરીયાદીના પુરાવાનું સચોટ ખંડન કરેલ હોય નિર્દોશ ઠરાવી છોડી મુકવા કરેલ રજુઆત સામે ફરીયાદીના એડવોકેટ સુરેશ ફળદુ ધ્વારા એવી રજુઆતો કરવામાં આવેલ કે ફરીયાદીના કાયદેસરના લેણા પેટે ચેકો ઈશ્યુ કરી આપેલ છે, ચેકોની કે તે માહેના સહીની તકરાર નથી, આરોપીએ ફરીયાદી જોગ પ્રોમીસરી નોટ લખી આપેલ છે તેને આરોપીએ લીધેલ બચાવ સાથે કંપેર કરતા આરોપીનો બચાવ ટકવાપાત્ર નથી, ફરીયાદી ધ્વારા આપવામાં આવેલ પુરાવો તથા રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાથી વિરૂધ્ધનો પુરાવો લાવવામાં વિકલ્પે ફરીયાદીના પુરાવાનું કોગઝન્ટ એવીડન્સથી ખંડન થઈ શકે તેટલો ચુસ્ત, વિશ્વાસપાત્ર, ભરોષાપાત્ર, માનવાપાત્ર તથા પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો રેડર્ક પર લાવવામાં આરોપી પક્ષ નિષ્ફળ નીવડેલ છે અને બચાવ પુરવાર કરવા ઈન્કમટેક્ષના સાક્ષીને તપાસેલ છે છતા તે પુરાવો આરોપીને મદદરૂપ થતો નથી કે ફરીયાદપક્ષના પુરાવાનું ખંડન કરી શકેલ નથી, ફરીયાદપક્ષે જ્યારે પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરેલ હોય, ચેક આપ્યાનો કે ચેકોમાં સહીનો ઈન્કાર ન હોય ત્યારે ફરીયાદી ચેકોના યથાનુક્રમે પારણકર્તા છે તેમ માની ધારણકર્તાની તરફેણમાં અનુમાન કરવું જોઈએ વિગેરે મુદ્દાઓ સબંપે લંબાણ પુર્વકની દલીલો કરવામાં આવેલ.ઉપરોકત કામના ફરીયાદી દિપક વણપરીયા વતી રાજકોટના જાણીતા એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, પાર્થ સંઘાણી, જસ્મીન દુધાગરા, જય પીઠવા, યુવરાજ વેકરીયા તથા મદદમાં નીરવ દોગા, પ્રીન્સ રામાણી, ભાવીન ખુંટ, જયમલ મકવાણા રોકાયેલ હતા.

### માનવતાનું બેનમુન ઉદાહરણ

# અલ્પેશભાઈ ઢોલરીયાએ વૃધ્ધ વિપ્ર દંપતીને માતા પિતા તરીકે લીધુ દતક

## જીવનભર પુત્ર બની સેવા નો સંકલ્પ કર્યો : ખોડીયાર નગર સ્થિત દંપતિનાં નિવાસસ્થાને બધાને એકઠા કરી સંભાળી જવાબદારી



રાજકોટ, તા. ૧૮

માનવીય અભિગમ અને ઉદારતા માટે જાણીતા ગોંડલ યાર્ડનાં ચેરમેન તથા જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયાએ ગોંડલ માં રહેતા અને આર્થિક નબળી પરિસ્થિતિ વચ્ચે સંઘર્ષ કરતા વૃધ્ધ બ્રાહ્મણ દંપતિને માતાપિતા તરીકે દતક લઇ શાસ્ત્રોકત પુજન સાથે પુત્ર તરીકે આજીવન ફરજ બજાવવા સંકલ્પ કરી સરાહનીય કાર્ય કર્યુ હતું.

ગોંડલનાં ખોડીયારનગરમાં રહેતા બ્રાહ્મણ જનકભાઇ જોશી ખાનગી હોસ્પિટલ માં કામ કરેછે.તેમના પત્નિ પ્રતિભાબેન પારકા કામ કરી પતિને મદદરૂપ બને છે.આ વૃધ્ધ દંપતિ નાં જીવનની કરુણતા એ હતી કે તેમનો એકનો એક યુવાન પુત્ર કિડનીની બીમારી માં મૃત્યુ પામ્યો. આર્થિક પરિસ્થિતિ નબળી હોવા છતા દિકરાની તમામ સારવાર કરી પણ કારગત ના નિવડી. આધારસ્તંભ સમો પુત્ર છીનવાઇ જતા વૃધ્ધ દંપતિ હતપ્રત બની ગયા હતા.દર્દ ને દિલ માં છુપાવી જીંદગી જીવવી પડતી હોય છે.આ દંપતિ પણ વૃદ્ધાવસ્થા માં પેટનો ખાડો પુરવા સંઘર્ષ કરી રહ્યુ હતુ.

વૃધ્ધ બ્રાહ્મણ દંપતિ નાં સંઘર્ષ ની જાણ અલ્પેશભાઈ ઢોલરીયાને થતા તેમણે બૃમ્હ સમાજ નાં પ્રમુખ જીતુભાઇ આચાર્ય નો સંપર્ક કરી આ વૃધ્ધ દંપતિ ને દતક લેવાની ભાવના વ્યક્ત કરતા જીતુભાઇ આચાર્ય એ તેમની લાગણી બીરદાવી વૃધ્ધ દંપતી ને રુબરુ મળી તમે ગુમાવેલો પુત્ર તમને અલ્પેશભાઈ સ્વરુપે પાછો મળી રહ્યો છે.તેવુ કહી ખોડીયાર નગર સ્થિત દંપતિ નાં નિવાસસ્થાને બધાને એકઠા કર્યા હતા.

આ વેળા ભુવનેશ્રવરી પીઠનાં અધ્યક્ષ રવિદર્શનજી,જીતુભાઇ આચાર્ય, ગીરીશભાઈ રાવલ, કલ્પેશભાઈ વ્યાસ, યોગેન્દ્રભાઇ જોશી, જીતુભાઇ પંડ્યા, પારસભાઇ જોશી, દિલીપભાઈ વ્યાસ, વીક્કીભાઇ મહેતા સહિત બૃમ્હ અગ્રણીઓની હાજરી વચ્ચે શાસ્ત્રી નિખિલભાઈ જોષી એ વેદોક્ત મંત્રોચ્ચાર અને શાસ્ત્રોકત વિધિ સાથે અલ્પેશભાઈ ઢોલરીયા નાં હસ્તે વૃધ્ધ દંપતિ જનકભાઇ તથા પ્રતિભાબેન નું પુજન કરાવી બન્નેની આરતી ઉતારી સંકલ્પ કરાવતા અલ્પેશભાઈ એ પુત્ર બની આશિર્વાદ મેળવ્યાં હતા.અલ્પેશભાઈ ઢોલરીયાએ ભાવવિભોર બની કહ્યુ કે આજીવન હું આ માતાપિતા ની દેખભાળ સાથે સેવા કરીશ.હું એક સમયે મજુરી કરતો હતો.મારાં માતા પિતાનાં આશિર્વાદ થી આ સ્થાને પંહોચ્યો છુ.આજે જ્યારે બ્રાહ્મણ સ્વરુપા નવા માતા પિતા મેળવ્યાં છે.ત્યારે મારાં જીવન ને ધન્ય માનુ છે.આજે પવિત્ર એકાદશી છે.અને યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો જન્મ દિવસ છે. ત્યારે માતા પિતા તથા બૃમ્હ સમાજ દ્વારા મળેલા આશિર્વાદ હું નરેન્દ્રભાઈ મોદી નાં સ્વાસ્થ્ય અને દિર્ઘઆયુ માટે અર્પણ કરુ છુ.અલ્પેશભાઈ ઢોલરીયા ની બૃમ્હ સમાજ પ્રત્યે ની લાગણી તથા કર્તવ્ય ને લઇ ને રવિદર્શનજી આભાર વ્યક્ત કર્યો હતો.

# રાજ્યમાં ૧૦૮ ટકાથી વધુ વરસાદ કચ્છમાં સૌથી વધુ ૧૩૫ ટકા

## ૯૭ ટકાથી વધુ વિસ્તારમાં ચોમાસું-ખરીફ વાવેતર : જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં ૯૩ ટકાથી વધુ જળસંગ્રહ

રાજકોટ, તા. ૧૮

રાજ્યમાં ચાલુ ચોમાસું સિઝનમાં સાર્વત્રિક વરસાદના પરિણામે સરેરાશ ૧૦૮ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ કચ્છ પ્રદેશમાં ૧૩૫ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૧૮ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૧૧૨ ટકા, પૂર્વ-મધ્યમમાં ૧૧૦ ટકા જ્યારે સૌરાષ્ટ્રમાં ૯૩ ટકાથી વધુ સરેરાશ વરસાદ નોંધાયો છે તેમ, સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-જીઊઈઈ, ગાંધીનગરની દ્વારા જણાવાયું છે.

વધુમાં સાર્વત્રિક વરસાદના પરિણામે સરદાર સરોવર સિવાય રાજ્યના કુલ ૨૦૬ ડેમમાંથી ૧૪૫ ડેમ હાઈએલર્ટ એટલે કે ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે ભરાયા છે. જ્યારે ૧૨ ડેમ એલર્ટ પર તેમજ ૧૭ ડેમ વોર્નિંગ પર મૂકવામાં આવ્યા છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર



સરોવર ડેમમાં હાલમાં તેની કુલ ક્ષમતાના ૯૩ ટકાથી વધુ જળસંગ્રહ ઉપલબ્ધ છે.

ગુજરાતમાં નોંધપાત્ર વરસાદના પરિણામે જગતના તાત એવા ખેડૂતો દ્વારા અત્યાર સુધીમાં સરેરાશ કુલ ૯૭.૭૨ ટકા વિસ્તારમાં ખરીફ ચોમાસું વાવેતર કરવામાં આવ્યું છે. જેમાં સૌથી વધુ ૨૨ લાખ હેક્ટરમાં મગફળીનું વાવેતર જ્યારે બીજા ક્રમમાં ૨૦ લાખ હેક્ટરમાં કપાસ જ્યારે ત્રીજા ક્રમમાં ૦૯ લાખ હેક્ટર વિસ્તારમાં ડાંગરનું વાવેતર કરવામાં આવ્યું છે. તેમ, કૃષિ વિભાગની યાદીમાં જણાવાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં વર્ષ ૨૦૨૨માં ૧૨૨ ટકા, વર્ષ ૨૦૨૩માં ૧૦૮ ટકા અને વર્ષ ૨૦૨૪માં ૧૪૩ ટકા વરસાદ નોંધાયો હતો. જ્યારે વર્ષ ૨૦૨૫માં આજની સ્થિતિએ ૧૦૮ ટકા વરસાદ નોંધાયો છે.

# સરદાર સન્માન યાત્રાનું રાજકોટમાં ભવ્ય સ્વાગત

## સરદાર સન્માન યાત્રાનું ખોડલધામ દ્વારા શહેરમાં વિવિધ સ્થળે કરાયું સન્માન

રાજકોટ, તા. ૧૮

અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઇ પટેલની ૧૫૦મી જન્મ જયંતિ નિમિતે ગત તા.૧૧ના રોજ બારડોલીથી સોમનાથ સુધી ૧૮૦૦૦ કિલોમીટરની 'સરદાર સન્માન યાત્રા'નું આયોજન સુરતના સરદારપ્રેમી ઉદ્યોગપતિ ગોપાલભાઇ ચમારડી દ્વારા કરવામાં આવ્યું છે ત્યારે આ યાત્રા ગઇકાલે સાંજે રાજકોટ આવી પહોંચતા યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને શહેરમાં બહુમાળી ચોકમાં સન્માનસભા યોજાઇ હતી.




આ સન્માન સભામાં ખોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટીમંડળ ઉપરાંત ટ્રસ્ટના ચેરમેન નરેશભાઇ પટેલના પુત્ર શિવરાજ પટેલ, રાજવી પરિવારના માંધાતાસિંહ જાડેજા, ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઇ બોઘરા, સાંસદ રામભાઇ મોકરીયા, મેયર નયનાબેન પેઢડીયા, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, શહેર ભાજપ પ્રમુખ માધવ દવે, ધારાસભ્યો ઉદય કાનગડ, રમેશભાઇ ટીલાળા, ડો.દર્શિતા શાહ, ચેમ્બરના પ્રમુખ વી.પી. વૈશ્નવ, પૂર્વ મંત્રી ગોવિંદભાઇ પટેલ ઉપરાંત પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા સહીતના અધિકારીઓ તેમજ વિવિધ સંસ્થાઓના હોદેદારો અને સરદાર પ્રેમી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સરદાર સન્માન યાત્રાનું ખોડલધામ દ્વારા શહેરમાં વિવિધ સ્થળે સન્માન કરવામાં આવ્યું હતું અને યાત્રાનું રાત્રી રોકાણ ગુરુકુળમાં રાખવામાં આવ્યું હતું. સવારે યાત્રાએ આગળ પ્રસ્થાન કર્યું હતું.

# રેવન્યુ ઈન્સ્પેક્શન ટીમના રાજકોટમાં ધામા

## આરઆઈસીની ટીમ દ્વારા ખાસ કરીને મહેસૂલ-અપીલના ચુકાદા, બિનશરતી ભંગના કેસો, એસ્ટા, હિસાબી શાખા, હાજરી પત્રક અને અન્ય ઓડિટ પાસાઓની ચકાસણી

રાજકોટ, તા. ૧૮

રાજ્ય સરકારના આદેશ અનુસાર મહેસૂલ કામગીરી ઝડપથી નિવારવા માટે સ્થાનિક તંત્ર અને વહીવટી વિભાગને જાણ કરવામાં આવે છે. અને તેમના દ્વારા કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરવા આવી રહી છે. ત્યારે ગાંધીનગરની ટીમ રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આવી પહોંચી છે અને દરેક થયેલી કામગીરી અંગે સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.




રાજકોટ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે છેલ્લા ત્રણ દિવસથી રેવન્યુ ઈન્સ્પેક્શન કમિશનરની ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. ગાંધીનગરના અધિકારીઓ દ્વારા ચાલી રહેલી આ તપાસમાં કચેરીના વિવિધ વિભાગોની કામગીરીની ચકાસણી કરવામાં આવી રહી છે. આરઆઈસીની ટીમ દ્વારા ખાસ કરીને મહેસૂલ-અપીલના ચુકાદા, બિનશરતી ભંગના કેસો, એસ્ટા, હિસાબી શાખા, હાજરી પત્રક અને અન્ય ઓડિટ પાસાઓની ચકાસણી કરવામાં આવી રહી છે. તપાસ દરમિયાન વિવિધ પ્રકારની ફાઈલો અને દસ્તાવેજોની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, આ એક નિયમિત પ્રક્રિયાનો ભાગ છે. આ તપાસમાં મુખ્યત્વે બિનખેતીની જમીન સંબંધિત પ્રક્રિયાઓ અને તેમાં થયેલા લાભો અંગે વિશેષ તપાસ કરવામાં આવી રહી છે.

### ૮૮ વર્ષની ઉંમરે દેવગીરી પ્રાર્થના છત્રપતિ શંભાજીનગરમાં લીધા અંતિમ શ્વાસ

# સંઘના વરિષ્ઠ પ્રચારક મધુભાઈ કુલકર્ણીનું નિધન

રાજકોટ, તા. ૧૮

માધવ વિનાયક કુલકર્ણીનું પૂરું નામ માધવ વિનાયક કુલકર્ણી હતું. તેમનો જન્મ ૧૭ મે ૧૯૩૮ ના રોજ મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં થયો હતો. તેમણે કર્ણાટકના ચિકોડીમાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું. તેમણે ૧૯૫૪માં કોલ્હાપુરની વિદ્યાપીઠ હાઈસ્કૂલમાંથી મેટ્રિક પૂર્ણ કર્યું.

ચિકોડીમાં રહેતા તેમણે સંઘની શાખામાં જવાનું શરૂ કર્યું. તેઓ આઝાદી પહેલાના અને પછીના યુગના પ્રત્યક્ષદર્શી હતા. તેણે બી.એ. ૧૯૫૮માં મુંબઈની રૂપારેલ કોલેજમાંથી ડિગ્રી મેળવી. તેમણે થોડો સમય મુંબઈ સેલ્સ ટેક્સ ઓફિસમાં કામ કર્યું. બાદમાં, તેમણે ૧૯૬૦-૬૧માં બી.એડ.નું શિક્ષણ પૂર્ણ કર્યું.

૧૯૬૨માં, મધુભાઈ સંઘ પ્રચારક બન્યા. મહારાષ્ટ્રના સોલાપુર વિભાગના સંભાજીનગર



જિલ્લાના રાવેર-યાવલ તાલુકામાં પ્રચારક તરીકે કામ કર્યા પછી, તેમણે ૧૯૮૦ થી ૧૯૮૪ સુધી પુણે મહાનગર પ્રચારક તરીકે સેવા આપી. તે જ સમયગાળા દરમિયાન, મહારાષ્ટ્રનો શિબિર પુણેમાં યોજાયો હતો. ૧૯૮૪ થી ૧૯૯૬ સુધી, તેઓ ગુજરાત પ્રાંત પ્રચારક હતા. ૧૯૯૬ થી ૨૦૦૩ સુધી, તેઓ પશ્ચિમ ક્ષેત્ર પ્રચારક હતા, ૨૦૦૩ થી ૨૦૦૯ સુધી, અખિલ ભારતીય બૌદ્ધિક પ્રમુખ, તેમણે આ પ્રકારની વિવિધ જવાબદારીઓ સંભાળી. તેઓ ૨૦૧૫ સુધી રાષ્ટ્રીય કાર્યકારિણી સદસ્ય હતા. તેમના અનુભવનો લાભ દરેકને આપતા રહ્યા. તેમનું કેન્દ્ર સંભાજીનગર, દેવગીરી પ્રાંત રહ્યું. તેમના છેલ્લા શ્વાસ સુધી દૈનિક શાખા મુલાકાતો, છેલ્લી ક્ષણ સુધી સંપર્ક, સંદેશાવ્યવહાર, મુસાફરી અને અસંખ્ય કાર્યક્રમોમાં ભાગ લેવો એ તેમનો દૈનિક દિનચર્યા હતો. સંઘમાં જોડાતા ઘણા નવા યુવાનો માટે તેમણે ''અથતો સંઘ જિજ્ઞાસા'' પુસ્તક લખ્યું, જેનું અનેક ભાષાઓમાં ભાષાંતર થયું છે. વૃદ્ધાવસ્થાને કારણે, તેમને એક મહિના પહેલા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, અને ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૫, ગુરુવારના રોજ બપોરે ૧૨:૩૦ વાગ્યે તેમના આત્માનું અવસાન થયું.

મને જામનગરમાં પાકા ક્યારા બનાવવાનો રિલાયન્સનો કોન્ટ્રાક્ટ મુક્યો છે, તમારું ટ્રેકટર આપશો તો મહિને ત્રીસ હજાર ભાડુ આપીશ કહી બોટાદ પંથકના ખેડુતને લલચાવ્યા

# રિલાયન્સમાં મુકવાના નામે ખેડુતનું ટ્રેકટર વેંચી માર્યુ

## પરિચય હોવાથી ખેડુત રાજકોટ માધાપર ચોકડીએ આવી ટ્રેકટર આપી ગયાઃ પણ પછી ખબર પડી કે રમેશ રમાડી ગયો છે અને તેણે ત્રણ લાખમાં બીજાને આ ટ્રેકટર પધરાવી દીધું છેઃ ગાંધીગ્રામ પોલીસે દાખલ કરી એફઆઈઆર

રાજકોટ, તા. ૧૮

લેભાગુ ગઠીયાઓ અવાર-નવાર લોકો સાથે નીતનવા નુસ્ખાઓ અજમાવી છેતરપીંડી કરતાં હોય છે. દરમિયાન બોટાદ પંથકના એક ખેડૂત સાથે ધ્રોલ પંથકના લેભાગુએ જામનગર રિલાયન્સમાં કોન્ટ્રાક્ટ મળ્યો છે તેમાં ટ્રેકટરની જરૂર છે કહી મહિને ત્રીસ હજારના ભાડાની લાલચ આપી ખેડુતને રાજકોટ માધાપર ચોકડીએ બાોલવી તેની પાસેથી ટ્રોલી સાથેનું ટ્રેકટર લઇ ગયા બાદ બારોબાર આ ટ્રેકટરનો ત્રણ લાખમાં સોદો કરી રોકડી કરી આ શખ્સ ગાયબ થઇ જતાં ચકચાર જાગી છે.

વિગતો પર નજર કરીએ તો બોટાદના ગઢડા તાબેના રોજમાળ ગામે રહેતાં ખેડુત યુવાનને ધ્રોલના પીયાવા ગામના તેના પરિચીતે ફોન કરી જામનગર રિલાયન્સમાં પાકા ક્યારા બનાવવાના કામમાં ટ્રેકટરની જરૂર છે, દર મહિને ત્રીસ હજાર રૂપિયા ભાડુ મળશે તેમ કહેતાં ખેડુતે વિશ્વાસ રાખી પોતાના હસ્તકનું પોતાના મામાની માલિકીનું ટ્રેકટર રાજકોટ માધાપર ચોકડીએ આવીને તેને આપી દીધા બાદ આ શખ્સનો ફોન લાગતો ન હોઇ ખેડુતે તેના ગામ પીયાવા જઇ તપાસ કરતાં પોતે છેતરાઇ ગયાની ખબર પડી હતી. કારણ કે રિલાયન્સમાં મુકવાના નામે તેની પાસેથી ટ્રેકટર લઇ જઇ પરિચીતે બારોબાર ગામમાં બીજાને વેંચી માર્યુ હોવાની ખબર પડી હતી. આ બનાવમાં ગાંધીગ્રામ પોલીસે બોટાદના ગઢડા તાબેના રોજમાળ ગામના વતની ગોરાભાઇ ભોપાભાઇ ગમારા નામના છત્રીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી ધ્રોલના પીયાવા ગામના રમેશ હકુભાઇ ભુંડીયા વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી હતી.

ભોગ બનેલા ખેડુત યુવાન ગોરાભાઇ ખેતી કરી ગુજરાન ચલાવે છે. તેણે જણાવ્યું હતુ કે હું મારા પત્નિ સોનલ અને બે બાળકો સાથે રહુ છું. મારી પાસે મારા મામા વલ્લભીપુરના સમાડી ગામના વીહાભાઇ બીજલભાઇ સોહલાનું મહિન્દ્રા કંપનીનું ટ્રેકટર જીજે૦૩એસએસ-૪૩૬૩ છે. જેમાં દેવીકા કંપનીની ટ્રોલી પણ છે. આ ટ્રેકટરનો ઉપયોગ હું ખેતી કામમાં કરતો હતો. એકાદ વર્ષથી આ ટ્રેકટરનો ઉપયોગ હું ખેતરમાં ખાતર,



પાણીના ફેરા કરવા માટે કરતો હતો. દરમિયાન જામનગરના ધ્રોલના પીયાવા ગામે રહેતો રમેશ ભુંડીયા મારો પરીચીત હોઇ ગત એકવીસ જુલાઇના રોજ તેણે મને બપોરે બારેક વાગ્યે ફોન કરી કહ્યું હતું કે-મેં જામનગર રીલાયન્સ કંપનીમાં પાકા બાંધકામવાળા સ્ટ્રકચર કયારાનો કોન્ટ્રાક્ટ રાખ્યો છે, મારે ટ્રેકટરની જરૂર છે.

તેમજ રમેશે કહ્યું હતું કે જો કોન્ટ્રાક્ટમાં ભાડેથી મુકવા માટે તમે ટ્રેકટર મને આપો તો દર મહિને હું ૩૦ હજાર ભાડુ આપીશ. રમેશ મારો પરીચીત હોઇ જેથી મેં વિશ્વાસ રાખી તેને બાવીસમી જુલાઇના રોજ માધાપર ચોકડી ખાતે ટ્રોલી સાથેનું મારુ ટ્રેકટર આપ્યું હતું. જે તે વખતે તેણે કહેલું કે રિલાયન્સમાં ટ્રેકટર મુકવાનું હોઇ જેથી ત્યાં ગેઇટ ઉપર ટ્રેકટરની એન્ટ્રી કરાવવી પડશે, ગેઇટ પાસ લેવો પડશે અને તેના માટે ટ્રેકટરના અસલ કાગળો, માલિકની આધાર કાર્ડની કોપી, ઓરીજીનલ આરસી બૂક વગેરેની જરૂર પડશે. આથી મેં મારા મામાના આધારકાર્ડની ઝેરોક્ષ, મારા મામાનો ફોટો તેમજ આરસી બૂક સહિતના કાગળો પણ રમેશને દીધા હતાં.

આ વખતે નક્કી થયું હતું કે ટ્રેકટરમાં કંઇ નુકસાની થાય તો તેનો ખર્ચ રમેશ પોતે ભોગવશ. તે મને મહિને રૂા. ૩૦ હજાર ભાડુ આપશે તેવી ખાત્રી પણ તેણે આપી હતી. પરંતુ બાદમાં મને જાણ થઇ હતી કે રમેશે આ ટ્રેકટર કે જે મારા મામાનું હતું તે કોઇ પાંચા હકુભાઇ વરૂના નામે કરી દીધુ છું. જેથી મેં રમેશને ફોન કરતાં ફોન બંધ આવતો હોઇ હું રૂબરૂ પીયાવા ગામે જતાં તેના ઘરના સભ્યોએ કહેલું કે રમેશ બહાર ગયો છે. મેં મારુ ટ્રેકટર પાછુ માંગતા તેના ઘરના લોકોએ કહેલુ કે એ ટ્રેકટર પાંચા વરૂ પાસે છે. આથી હું ત્યાં જતાં પાંચા વરૂએ કહ્યુ કે-તમારે ટ્રેટકર પાછુ જોઇતું હોય તો મનેત્રણ લાખ આપો, કારણ કે મેં રમેશ પાસેથી આ ટ્રેકટર ત્રણ લાખમાં લીધુ છે.

આમ રમેશે મારી પાસેથી મારા મામાની માલિકીનું ટ્રેકટર જામનગર રિલાયન્સ કંપનીમાં કરારથી મુકવાનું અને મને મહિને ત્રીસ હજાર ભાડુ આપવાની લાલચ દઇ મારી પાસેથી ટ્રેકટર લઇ જઇ બારોબાર ૩ લાખમાં વેંચી દીધાની મને ખબર પડી હતી. રમેશનો સતત સંપર્ક કરવા છતાં તે મળતો ન હોઇ અંતે મારે ફરિયાદ કરવી પડી હતી. તેમ વધુમાં ગોરાભાઇએ કહેતાં ગાંધીગ્રામ પીઆઇ એસ.આર. મેઘાણીના માગદર્શન હેઠળ એએસઆઇ ડી. જે. જાદવે એફઆઇઆર દાખલ કરી રમેશને શોધી કાઢવા તપાસ આરંભી છે. રિલાયન્સમાં ટ્રેકટર મુકવાના નામે રમાડી જનારા રમેશે આ પ્રકારે બીજા કોઇ સાથે ઠગાઇ કરી છે કે કેમ? તેની પણ તપાસ શરૂ થઇ છે.

# એડવોકેટ કાકાની ઓફિસમાં છરીની અણીએ લૂંટ ભાગેલા ભત્રીજા સહિત ત્રણની ધરપકડ

## યુનિવર્સિટી પોલીસે બે કોમ્પ્યુટર, અસલોની ફાઇલો, કાર કબ્જે કર્યા

રાજકોટ, તા. ૧૮

વકીલની ઓફિસમાં ઘુસી છરીની અણીએ લૂંટ કરી જનારા વકિલના સગા ભત્રીજા સહિત ત્રણને પોલીસે દબોચી લઇ મુદ્દામાલ અને કાર કબ્જે કર્યા હતાં.

વિગતો જોઇએ તો શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર ઇન્દિરા સર્કલ પાસે શિલ્પન સ્કવેર બિલ્ડિંગમાં આવેલી ઇશ્વરિયામાં રહેતા એડવોકેટ વિનોદભાઈ અરવિંદભાઈ જોષીની ઓફિસમાં જુનિયર એડવોકેટ તરીકે કામ કરતાં નિલેશ કિશોરભાઈ બાબરિયા ઓફિસે હતાં ત્યારે વિનોદભાઇના ભત્રીજ ભાર્ગવ અને બે બુકાનીધારી શખ્સે આવી છરી બતાવી વિનોદકાકા ક્યાં છે? કહી ધમાલ મચાવી હતી અને બે કોમ્પ્યુટર તેમજ અસીલોની દસ ફાઇલો લૂંટી કારમાં બેસી સાગ્રીતો સાથે ભાગી ગયો હતો. યુનિવર્સિટી પોલીસમાં આ મામલે ગુનો દાખલ થયો હતો.



વધુમ માહિતી મુજબ ઓફિસમાં ઘુસી ભાર્ગવ જોષીએ પેન્ટના નેફામાંથી છરી કાઢી હતી અને એડવોકેટ નિલેશ બાબરિયાને કહ્યું હતું કે વિનોદ કાકા ક્યાં છે? આથી નિલેષ બાબરીયાએ થોડીવારમાં આવશે તેવુ કહેતા જ ભાર્ગવ જોષી ઉશ્કેરાયો હતો અને તેણે કહ્યું હતું કે, મારે કોઈની રાહ જોવી નથી, તમારા બધાના મોબાઇલ આપી દો, તેમ કહી નિલેશ બાબરિયાનો મોબાઇલ આંચકી લીધો હતો, બાદ ભાર્ગવે મારે બધા કમ્પ્યુટર લઈ જવા છે, અને બે કમ્પ્યૂટર તથા ઓફિસમાં સોફા પર પડેલી અસીલોની દસ ફાઇલ પોતાની સાથે લીધી હતી અને ભાર્ગવ સહિત ત્રણેય શખ્સ નીચે ઉતરી ગયા હતા. એડવોકેટ નિલેશ બાબરિયાને પણ નીચે બોલાવ્યા હતાં અને નીચે પહોંચતા જ નિલેશને તેનો મોબાઇલ આપી ભાર્ગવ સહિત ત્રણેય ભાગી ગયા હતાં.

આ ગુનાનો ભેદ યુનિવર્સિટી પોલીસે કલાકોમાં ઉકેલી ભાગવ વિપુલભાઇ જોષી (રહે. હાલ સેક્ટર-૧૪, બ્લોક નં. ૨૮૯, ગાંધીનગર, મુળ જુનાગઢ) તથા તેના મિત્રો ગાંધીનગર સેક્ટર-૨૪, મહાદેવ પીજી અને જુનાગઢ ગીરનાર રોડ લોધાવાડના પાટીયે રહેતાં રાજ તેજસભાઇ વાણીયાને હેડકોન્સ. જીજ્ઞેશભાઇ મારૂ, કોન્સ. પ્રાદિત્યસિંહ ઝાલા, એલસીબી ઝોન-૨ના અંકિતભાઇ નિમાવત, અમીનભાઇ ભલુરની બાતમી પરથી પકડી લઇ વધુ તપાસ હાથ ધરી છે. ડીસીપી રાકેશ દેસાઇની રાહબરીમાં પીઆઇ એચ. એન. પટેલ, પીએસઆઇ આર. એચ. ઝાલા, એચ. એમ. મણવર, જે. એન. ખટાણા, હેડકોન્સ. પ્રતાપસિંહ મોયા, જીજ્ઞેશભાઇ મારૂ, કોન્સ. વનરાજભાઇ લાવડીયા, દિવ્યરાજસિંહ જાડેજા, કિશોરભાઇ પરમાર, એલસીબીના જે. વી. ગોહિલ, અંકિતભાઇ, અમીનભાઇએ આ કામગીરી કરી હતી. અગાઉ પણ ભત્રીજો આ રીતે ઓફિસમાં ખેલ કરીને ભાગી ગયો હોવાનું જણાવાયું હતું. પૈસા માટે તે માથાકુટ કરતો હોવાનું પણ કહેવાયું હતું.

નોકરી કરી ઘરમાં પૈસા દેતી ત્યારે કંકાસ કરતાં, નોકરી મુકી દેતાં કહ્યું-તું કમાઇને આપતી નથી!

# તારા પગારમાંથી ઘરમાં પૈસા આપ, પરિણીતાને ત્રાસ

## અવધ રોડ પર હાલ માવતરે રહેતી પરિણીતાએ નોંધાવી રૈયાધારના સાસરિયા વિરૂધ્ધ ફરિયાદ

રાજકોટ, તા. ૧૮

પરિણીતાઓ પર ત્રાસ ગુજારવાના બનાવ સમયાંતરે પોલીસ ચોપડે ચડે છે. વધુ એક આવી ફરિયાદ થઇ છે. જેમાં કાલાવડ રોડ પર વીરસાવરકરનગરમાં માતા-પિતા સાથે રહેતી પરિણીતાને રૈયાધારમાં કવાર્ટરમાં રહેતો પતિ, સાસુ, સસરા, જેઠ, જેઠાણી અને નણંદ તારા પગારમાંથી પૈસા આપ, તુ કમાઇને નથી દેતી, આરામ નથી કરવો કામ કરો કહી શારીરીક માનસીક ત્રાસ આપતા ફરિયાદ થઇ છે.



વિગતો જોઇએ તો અવધ રોડ પર વીરસાવરકરનગરમાં પીયરે રહેતા વૈશાલીબેન રાહુલભાઇ મોભેરા નામની ત્રેવીસ વર્ષની પરિણીતાએ મહિલા પોલીસમાં રૈયાધાર કવાર્ટર નં. ૧૭૮માંરહેતા પતિ રાહુલ ધનજીભાઇ મોભેરા, સસરા ધનજીભાઇ બધાભાઇ, મોભેરા, સાસુ ગંગાબેન મોભેરા, જેઠ શૈલેષભાઇ મોભેરા, જેઠાણી સીમાબેન મોભેરા, અને નણંદ અંજુ વીજયભાઇ યાદવ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે. વૈશાલીબેને ફરિયાદમાં જણાવ્યું છે કે મારા ૨૦૨૩માં થોરાળામાં યોજાયેલ સમુહ લગ્નમાં રાહુલ મોભેરા સાથે લગ્ન થયા હતા. મારા પતિ ટી.પી. એચ. કવર સેલ્સમાં કામ કરે છે. સસરા કડીયાકામ કરે છે. સાસુ કેટરર્સમાં કામ કરવા જાય છે. લગ્નબાદ પતિ,સાસુ,સસરા, સાથે સંયુકત પરિવારમાં રહેતી હતી. લગ્ન બાદ બે વર્ષ સુધી પતિ સહિતે સારી રીતે રાખેલ બાદ સાસુએ મને કહેલ કે 'તુ નોકરીએ જવા લાગ' અને હું ઘરના કામમાં મદદ કરીશ જેથી હું લગ્નના બે મહિના બાદ એક કારના શોરૂમમાં ટેલીકોલરની નોકરીએ જવા લાગી હતી.

પરંતુ મેં ચાર મહિના નોકરી કરી જેમાં પતિ મને કહેતા કે 'મને પૈસા આપ અને સાસુ કહેતા કે 'મને પૈસા આપ આમ મારી સેલેરીના જે પૈસા આવતા એ બાબતે ઝઘડાઓ થતાં. હું ઘરના લાઇટ બીલ અને વેરા બીલ ભરતી અને આ ઘર કંકાસથી કંટાળીને મેં નોકરી મુકી દીધી હતી. બાદ હું ઘરમાં રહેતી ત્યારે સાસુ મેણાટોણા મારતા અને કહેતા કે 'તુ કમાઇને નથી દેતી અને તારો પતિ પણ કમાઇને નથી દેતો' તેમ કહેતા અને મારા ઘરેણા લઇ લેતા. પ્રસંગ હોઇ ત્યારે પહેરવા દેતા અને સસરા કહેતા કે, 'આરામ નથી કરવો કામ કરો. આ બાબતે હું પતિને વાત કરતા તે કહેતો કે, 'તુ મને માનસીક ત્રાસ આપે છે.

તેમ કહી ગુસ્સે થઇ મને મારમારતો હતો. થોડા સમય બાદ મેં એક એડર્વટાઇઝની ઓફીસમાં નોકરી શરૂ કરી અને હુ પતિના ખાતામાં પૈસા નાખતી અને કયારેક રોકડા પણ આપતી હતી. અને સાસુ જેઠ-જેઠાણી મારો રૂમ ખાલી કરવા માટે દબાણ કરી કહેતા કે તારે એક પતરાવાળી ઓરડીમાં રહેવાનું છે, કહેતા હતા. પતિ અવારનવાર છૂટાછેડા આપી દેવા દબાણ કરતો હતો. પતિ સહીતના સાસરીયાઓ અવારનવાર શારીરિક માનસીક ત્રાસ આપતા માતા-પિતાના ઘરે આવ્યા બાદ મહિલા પોલીસમાં ફરીયાદ નોંધાવતા હેડ કોન્સ. વી. એચ. કોડીયાતરે આ મામલે વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી.

રોડ પર રખડતા-રઝળતા ઢોર બની રહ્યા છે જોખમીઃ વધુ એક માનવજીવ હણાયો

# ત્રંબા પાસે ખૂંટીયો આડે આવતાં દંપતિ ફેંકાયુંઃ પત્નિનું મોત

## શ્રમજીવી સોસાયટીના યુવાન લૌકિકના કામે પત્નિને લઇ અણીયારા ગયા હતાંઃ પરત આવતાં હતાં ત્યારે બનાવ

રાજકોટ, તા. ૧૮

ખુંટીયાને કારણે વાહન અકસ્માતનો વધુ એક બનાવ બન્યો છે. જેમાં દંપતિ મોટરસાઇકલ સહિત ફેંકાઇ જતાં પત્નિનેગંભીર ઇજા પહોંચી હતી. ત્રંબા અને કાળીપાટ વચ્ચે રોડ પર ખૂંટીયો આવી જતાં મોટર સાઇકલ સ્લીપ થઇ જતાં રાજકોટના યુવાન અને તેના પત્નિ વાહન સહિત ફેંકાઇ ગયા હતાં. જેમાં પત્નિને ગંભીર ઇજાઓ પહોંચી હતી. તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલના સુપરસ્પેશિયાલીટી વોર્ડમાં દાખલ કરી સઘન સારવાર શરૂ કરવામાં આવી હતી. પરંતુ તેમણે દમ તોડી દેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.



કરૂણ ઘટનાની વિગતો જોઇએ તો શ્રમજીવી સોસાયટી-૨માં રહેતા બત્રીસ વર્ષનાં પિયુષભાઇ દુધરેજીયા પોતાના પત્નિ ત્રીસ વર્ષના રીનાબેન દુધરેજીયાને ટુવ્હીલરમાં બેસાડી અણીયારા ગામે લૌકિકના કામે ગયા હતાં. ત્યાંથી પરત આવતાં હતાં ત્યારે ત્રંબા-અણીયારા વચ્ચે અચાનક રોડ પર ખૂંટીયો દોડી આવતાં પિયુષભાઇએ મોટરસાઇકલ પરનો કાબુ ગુમાવી દેતાં સ્લીપ થઇ જતાં પતિ-પત્નિ બંને ફેંકાઇ ગયા હતાં. જેમાં પત્નિ રીનાબેનને ગંભીર ઇજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં આજીડેમ પોલીસને જાણ કરાઇ હતી. પિયુષભાઇ પ્રિન્ટીંગ પ્રેસમાં કામ કરે છે. સંતાનમાં એક પુત્ર છે. તેમના પત્નિની હાલત ગંભીર ગણાવાઇ હતી. આથી તેમને સિવિલ હોસ્પિટલના સુપર સ્પેશિયાલીટી વોર્ડમાં દાખલ કરી સઘન સારવાર શરૂ કરવામાં આવી હતી.

પરંતુ બપોરે સારવાર દરમિયાન રીનાબેનનું મૃત્યુ થતાં દુધરેજીયા પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. સગાની લૌકિક ક્રિયામાંથી પરત આવતી વખતે ખૂંટીયાને કારણે બનેલા આ અકસ્માતના બનાવમાં યુવાને પોતાના પત્નિને ગુમાવી દેતાં તે શોકમાં ગરક થઇ ગયા હતાં. માસુમ પુત્રએ મા ગુમાવતાં ગમગીની છવાઇ ગઇ હતી. અવાર-નવારે શહેરમાં અને શહેરના આસપાસના હાઇવે પર આ રીતે રખડતા ઢોરને કારણે અકસમાતો સર્જાતા રહે છે. જેમાં ઘણીવાર વાહનચાલકના હાડકા ખોખરા થઇ જાય છે તો ઘણીવાર તેમના મૃત્યુ પણ થાય છે. ખૂંટીયાને કારણે વધુ એક જીવલેણ અને કરૂણ ઘટના સામે આવી છે. હોસ્પિટલ પોલીસ ચોકીના આસી સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, પ્રકાશભાઇ રાઠોડ, ધર્મેન્દ્રભાઇ હુદડ અને ધર્મેન્દ્રભાઇ ચાવડાએ જાણ કરતાં આજીડેમ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

# મહિલા સંચાલીત જૂગારધામમાં થોરાળા પોલીસ ત્રાટકીઃ છ જબ્બે

## સત્યમ્ પાર્કમાં દરોડોઃ પકડયેલા છમાંથી ચાર મહિલા

રાજકોટ, તા. ૧૮

પોલીસે મહિલા સંચાલીત જૂગારધામમાં દરોડો પાડી ઘરધણી મહિલા સહિત છને પકડી લીધા હતાં. શહેરના ૮૦ ફુટ રોડ સત્યમ્ પાર્ક-૧માં રહેતાં લક્ષ્મીબેન સુરેશભાઇ સોલંકી પોતાના ઘરમાં જૂગાર રમાડતી હોવાની બાતમી પરથી થોરાળા પોલીસ ત્રાટકતા છ પત્તા પ્રેમી પકડાયા હતાં. જેમાં ચાર મહિલા હતી.

પોલીસે લક્ષ્મીબેન તેમજ વિનોદનગર ક્વાર્ટરના શહેનાઝબેન યુનુસ જુણેજા, કેદારનાથ સોસાયટીના પાયલબેન ધર્મેન્દ્રભાઇ જાંબુડીયા, આંબેડકરનગરના દક્ષાબેન ધરમશીભાઇ પરમાર, નિલકંઠ પાર્કના હસમુખ માવજીભાઇ વેકરીયા, વામ્બે આવાસના વિનોદ દામજીભાઇ પરમારને તિનપત્તીનો જૂગાર રમતાં પકડી લઇ રૂા. ૧૯૮૦૦ કબ્જે કર્યા હતાં. પીઆઇ વાઘેલા, પીએસઆઇ મહેશ્વરી, એએસઆઇ મહેશભાઇ સોલંકી, જયેશભાઇ નિમાવત, હેડકોન્સ. ઇમરાનભાઇ, કોન્સ. નાઝમીનબેન સહિતે દરોડો પાડ્યો હતો.

મોરબી રોડ પર રહેતાં ટ્રાવેલ્સ સંચાલકે મિત્રને બહારગામ ફરવા જવા પાંચ દિવસ માટે કાર આપી પણ તે પાછો આવ્યો જ નહિ

# ભેરૂ પર ભરોસો દસ લાખમાં પડ્યો

## અલગ અલગ બહાના બતાવતો હોઇ તપાસ કરતાં ખબર પડી કાર વેંચી મારી છેઃ યુવાને બી-ડિવીઝન પોલીસમાં દાખલ કરાવી ફરિયાદ

રાજકોટ, તા. ૧૮

દોસ્ત સાથે દોસ્તની દગાખોરીની ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે. ઘણીવાર પ્રેમના મામલે તો ઘણીવાર પૈસા કે મિલ્કતના કિસ્સાઓમાં મિત્રો મિત્રને છેતરી જતાં હોય છે. દરમિયાન એક બનાવમાં રાજકોટમાં રહેતાં અને ટ્રાવેલ્સને લગતું કામ કરતાં યુવાન પાસેથી તેનો જ ભાઇબંધ રૂપિયા દસ લાખની કાર પાંચ દિવસ ફરવા જવું છે તેમ કહીને લઇ ગયા બાદ પાછો જ આવતાં તપાસ કરતાં તેણે આ કાર બારોબાર વેંચી માર્યાનું જણાતાં ટ્રાવેલ્સ સંચાલક ચોંકી ગયો હતો. તેણે દગાખોર મિત્ર વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરાવી દીધી છે.

વિગતો પર નજર કરીએ તો થોડા સમય પહેલા કેકેવી ચોક પાસે એક ઘટનામાં એક યુવાનની સ્કોર્પિયો તેનો મિત્ર ફરવા જવાના બહાને લઇ ગયા બાદ પાછી આપતો ન હોવાની ફરિયાદ દાખલ થઇ હતી. આવો જ બીજો બનાવ હવે બી-ડિવીઝન પોલીસ સુધી પહોંચ્યો છે. જેમા મિત્રતાના દાવે ફરવા જવા માટે આપેલી કાર મિત્રએ પાછી જ ન આપી બારોબાર વેંચી નાંખ્યાનો બનાવ બન્યો છે. મોરબી રોડ પર રહી ટ્રાવેલ્સનું કામ કરતાં યુવાનની દસ લાખની બલેનો કાર મોરબી રોડ જકાતનાકા નજીક રહેતો તેનો મિત્ર ઉછીની લઇ ગયા બાદ પાછી આપવા ન આવતાં આ બનાવમાં બી-ડિવીઝન પોલીસે મોરબી રોડ સેટેલાઇટ ચોક સ્વસ્તિક વિલા સોસાયટી-૨માં રહેતાં છવ્વીસ વર્ષના રવિ રાજુભાઇ ગોરીયા નામના યુવાનની ફરિયાદ પરથી તેના જ જુના મિત્ર મોરબી રોડ રોડ જય જવાન જય કિસાન સોસાયટીમાં ઠાકર ચોક પાસે રહેતાં રાજુ ભીમભાઇ બાંભવા વિરૂધ્ધ છેતરપીંડીની ફરિયાદ દાખલ કરી છે.

ભેરૂબંધના હાથે જ છેતરાઇ ગયેલા યુવાન રવિ ગોરીયાએ જણાવ્યું છે કે હું પરિવાર સાથે



રહું છું અને ટ્રાવેલ્સનું કામ કરુ છું. મારી પાસે ૧૦ લાખની કિંમતની મારૂતિ બલેનો કાર જીજે૦૮ડીપી-૮૮૮૨ નંબરની છએક મહિનાથી હતી. આ કાર મેં મારા મિત્ર હાલ રણછોડનગર સોસાયટી-૨ બાલક હનુમાન મંદિર પાસે રંગાણી હોસ્પિટલ નજીક રહેતાં મુળ બનાસકાંઠાના ડીસાની ગેલેક્સી સોસાયટી અજાપુરા ગ્રાન્ટ રોડ પર રહેતાં દિપ જયેશભાઇ ઠક્કરના નામે લીધી હતી. દરમિયાન ગત નવમી સપ્ટેમ્બરના રોજ બપોરે બે વાગ્યા આસપાસ મારા જુના મિત્ર અને અગાઉ રાજકોટ-અમદાવાદ પાટે ફેરા કરવાનો ધંધો કરતાં મોરબી રોડ જય જવાન જય કિસાન સોસાયટીમાં ઠાકર ચોક પાસે રહેતાં રાજુ ભીમભાઇ બાંભવાનો ફોન આવ્યો હતો.

મિત્ર રાજુએ મને ફોનમાં કહ્યું હતું કે મારે તમારી ગાડી પાંચ દિવસ પુરતી જોઇએ, મારે બહાર ફરવા માટે જવું છે. જેથી મેં રાજુ મારો જીનો મિત્ર હોઇ વિશ્વાસ રાખી ગાડી આપવાની હા પાડી હતી. બાદ રાતે આઠેક વાગ્યે ફરીથી તેનો ફોન આવેલો અને કહ્યુ હતું કે હું મોરબી રોડ જકાતનાકે ઉભો છું તું ગાડી આપી જા. આથી હું આ કાર તેને આપી આવ્યો હતો. આ પછી પાંચ દિવસ પુરા થતાં મેં મિત્ર રાજુ બાંભવાને ફોન કરતાં તેણે કહેલું કે હજી મારે બે દિવસની વાર લાગશે. જો કે બે દિવસ પછી પણ મને કાર ન આપતાં ફરીથી મેં તેને ફોન કરતાં બહાના બતાવતાં શંકા ઉપજી હતી. આથી મેં તપાસ કરતાં ખબર પડી હતી કે રાજુએ મારી આ કાર અન્ય કોઇને વેંચી નાંખી છે.

ત્યારબાદ પણ હું વારંવાર રાજુ પાસે મારી કાર માંગતો હોવા છતાં તે યોગ્ય જવાબ આપતો ન હોઇ અંતે ફરિયાદ કરવી પડી હતી. તેમ વધુમાં રવિભાઇ ગોરીયાએ કહેતાં બી-ડિવીઝન પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર એસ. એસ. રાણેના માર્ગદર્શન હેઠળ એએસઆઇ કે. વી. ગોહિલે ફરિયાદ દાખલ કરી ગઠીયાગીરી આચરી ગાયબ થઇ ગયેલા રાજુ બાંભવાને શોધી કાઢવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

### ખૂનના ગુનામાં પેરોલ પર છુટી મંડળી રચી એક વખત જેલરને ધમકાવ્યા, પેરોલ પર ફરાર રહી ફરીથી સિપાહી-હવાલદાર સાથે ખેલ કર્યા

# સુધરે ઈ સાજીદ કચરા નહીઃ જેલમાં વધુ એક ખેલ ખુલ્લો પડ્યો!

## બે શખ્સો સાથે જેલ પ્રિમાઈસીસમાં ઘુસી મુખ્ય ગેઇટ પર સિપાહીને કહ્યું-હું તારી જેલમાં જ મર્ડરની સજા ભોગવું છું, મને કંઇ ફેર નહિ પડેઃ હવાલદારને કહ્યું-તમે હજુ નવા છો મને ઓળખતા નથીઃ પ્રદ્યુમનનગર પોલીસ ફરી કબ્જો લઇ કરશે ધરપકડ

રાજકોટ, તા. ૧૮

અમુક ગુનેગારો, છાપેલા કાટલાઓ એવા હોય છે જેને ગમે તેવી સજા પડી હોય તો પણ તે સુધરતા નથી. રાજકોટના રૈયા રોડ સુભાષનગરમાં રહેતાં સાજીદ કચરા નામના શખ્સને મર્ડર કેસમાં સજા પડી હોઇ તે સજા ભોગવતો હોવા છતાં સુધરતો નથી. પેરોલ પર છુટીને તેણે પેરોલ રજા દરમિયાન અજાણ્યા શખ્સો સાથે જેલ પ્રિમાઇસીસમાં પહોંચી જેલરને ધમકી દઇ ધમાલ મચાવ્યાનો ગુનો નોંધાયો હતો. આ ગુનામાં તેની ધરપકડ થઇ છે. ત્યાં તેનો વધુ એક ખેલ ખુલ્લો પડ્યો છે. પેરોલ પર ફરાર હતો ત્યારે તેણે ફરી બે શખ્સો સાથે જેલ ખાતે પહોંચી હવાલદાર અને સિપાહીને ધમકાવી માથાકુટ કરી હોવાનું ખુલતાં વધુ એક ગુનો દાખલ કરાયો છે.

વિગતો પર નજર કરીએ તો હત્યાના ગુનામાં આજીવન કેદની સજા ભોગવી રહેલા રૈયા રોડ સુભાષનગરના સાજીદ કચરાએ પેરોલ રજા પર છુટ્યો ત્યારે ચાર શખ્સો સાથે મળી જેલ પ્રિમાઇસીસમાં જઇ જેલરને ધમકી દઇ ધમાલ મચાવી હતી. એ પછી પેરોલ રજા પુરી થવા છતાં હાજર ન થઇ ફરાર થઇ ગયો હતો. આ સમય દરમિયાન તેણે વધુ એક વખત જેલ ખાતે બે શખ્સો સાથે પહોંચી જેલ સિપાહી અને હવાલદાર સાથે બટાઝટી બોલાવી હતી. આ મામલે રાજકોટ મધ્યસ્થ જેલમાં હવાલદાર તરીકે ફરજ બજાવતાં જયરાજભાઇ બી. વાળાની ફરિયાદ પરથી સાજીદ હુશેનભાઇ કચરા અને બે અજાણ્યા વિરૂધ્ધ ગુનો દાખલ કરાયો છે.

ઘટના બારામાં જેલના હવાલદાર જયરાજભાઇ વાળાએ જણાવ્યું છે કે તા. ૫/૯/૨૫ના રોજ મારી ડ્યુટી રાજકોટ જેલ ખાતે મેઇન ગેટ પર કેદી આવક-જાવક ટેબલ નંબર-૧ ખાતે રાતે નવથી બાર સુધીની હતી. આ દરમિયાન કાચા કામનો આરોપી રમીઝ ઉર્ફ બાબા ઇકબાલભાઇ ખેબર વચગાળાના જામીન પરથી જેલમાં હાજર થવા આવ્યો હતો.આથી અમે આવક-જાવક રજીસ્ટરમાં કલાક ૧૧:૩૦ વાગ્યે આવકની નોંધ કરી તેની જડતી કરી રૂમમાં મોકલી દીધો હતો.

આ પછી રાતે ૧૧:૫૦ કલાકે જેલ સિપાહી દિપકભાઇ બાબુભાઇ વાસણ કે જેમની ડ્યુટી સીસીટીવ કન્ટ્રોલ રૂમમાં હોઇ તે પોતાની ફરજ પર આવતાં આ સમયે પાકા કામના



કેદી સાજીદ હુશેનભાઇ કચરા તથા અન્ય બે અજાણ્યા શખ્સ જેલના મેઇન ગેટની બહારના ભાગે જેલ પ્રીમાઇસીસમાં ઉભા હતાં. જેથી સાજીદ કચરાને જેલ સિપાહી દિપકભાઇએ-અહિ જેલના ગેટ પાસે કેમ ઉભા છો? કહેતાં સાજીદે કચરાએ દિપકભાઇ સાથે ઝઘડો કરી ગાળો દઇ બોલાચાલી કરી 'તું કોણ છો? તું મને ઓળખે છે? હું મર્ડર કેસમાં તારી જ જેલમાં સજા ભોગવું છું, મને કોઇ ફેર નહિ પડે, હું હાલ રજા પર છું, વધુ કંઇ બોલતી નહિ નહતિર તને મારી નાંખીશ' કહી ગાળો દીધી હતી.

ઝઘડાનો અવાજ આવતાં મેં મેઇન ગેઇટની બારીમાંથી જોયુ તો સાજીદ કચરા જેલ સિપાહી દિપકભાઇ સાથે અસભ્ય વર્તન કરતો જોવા મળ્યો હતો. આથી મેં સાજીદને જતા રહેવાનું કહેતાં તેણે મને પણ-તમે હજુ નવા છો, મને ઓળખતા નથી, તમને જેલવાળાને બધાને હું જોઇ લઇશ તેમ કહી ધમકી આપી હતી. તેમજ કહ્યું હતું કે-હાલ હું રજા ઉપર જ છું, મારે બીજુ કાંઇ કામજ નથી. આ પછી મેં સાજીદ કચરાને સમજાવેલ અને કહેલુ કે તું અહિથી જતો રહે. જેથી તે અને સાથેના બે શખ્સો જતાં રહ્યા હતાં. બાદ અમે ફરજ પરના ડ્યુટી જેલર ધુડાભાઇ ડી. ગોહીલને બનાવની જાણ કરતાં તેણે રજીસ્ટરમાં નોંધ કરી જેલ અધિક્ષકને રિપોર્ટ કર્યો હતો. આમ સાજીદ અને તેની સાથેના બે શખ્સોએ કારણ વગર જેલ પ્રિમાઇસીસમાં આવી જેલના મુખ્ય ગેટ પર જેલ સિપાહીને ગાળો દઇ મારી નાખવાની અને મને પણ જોઇ લેવાની ધમકી આપી હોઇ ફરિયાદ કરી છે.

અમારે અધિકારી સાથે ચર્ચા કરવાની બાકી હોઇ જેથી મોડી ફરિયાદ કરી હતી. તેમ વધુમાં હવાલદાર જયરાજભાઇ વાળાએ જણાવતાં પીઆઇ વી. આર. વસાવાની રાહબરીમાં એએસઆઇ એસ. વી. જોરાએ ગુનો નોંધ્યો છે. ઉલ્લેખનીય છે કે ભાજપના લઘુમતી આગેવાનના મર્ડરના ગુનામાં જેલની સજા ભોગવી રહેલો રૈયા રોડ સુભાષનગર-૨માં રહેતાં સાજીદ હુશેનભાઇ કચરા પેરોલ જામીન પર છુટ્યા બાદ ફરાર થઇ ગયો હોઇ અને પેરોલ પર છુટ્યો તે વખતે ગેરકાયદે મંડળી રચી જેલ પ્રીમાઇસીસમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી મુલાકાતીઓ માટેના રૂમમાં ઘુસી મુલાકાત વિભાગના ઇન્ચાર્જ જેલરને ધમકી આપી હતી.

આ ગુનામાં પણ તે ફરાર હોઇ એલસીબી ઝોન-૨ નાસ્તા ફરતા સ્કવોડે તેને ગત ૧૨મીએ પકડી પ્ર.નગરમાં રજૂ કર્યો હતો. બાદમાં જેલરને ધમકીના ગુનામાં ધરપકડ કરી કાર્યવાહી કરાઇ હતી. પેરોલ પર છુટી જેલરને ધમકી આપ્યા પછી તે સતત ફરાર હતો ત્યારે ફરી વખત તેણે આજથી તેર દિવસ પહેલા જેલ પ્રિમાઇસીસમાં જઇ જેલ સિપાહી અને હવાલદાર સાથે મુખ્ય ગેઇટ પર બે શખ્સો સાથે પહોંચી માથાકુટ કરી ગાળો દઇ જોઇ લેવાની ધમકી આપી હતી. આ મામલે વધુ એક ગુનો દાખલ થતાં ફરી તેનો પ્ર.નગર પોલીસ જેલમાંથી કબ્જો લઇ કાર્યવાહી કરશે.

વધુ માહિતી અનુસાર સાજીદ કચરા વિરૂધ્ધ ગાંધીગ્રામ પોલીસમાં વર્ષ ૨૦૧૫માં ભાજપના લઘુમતી આગેવાનની હત્યાનો ગુનો નોંધાયો હતો. જેમાં તેને કેદની સજા પડી છે. સાજીદ અગાઉ પ્ર.નગર, ડીસીબીમાં બોગસ દસ્તાવેજો ઉભા કરવા, તેમજ આર્મ્સ એક્ટનો ગુનામાં પણ સંડોવાયો હતો. ગત બારમી તારીખે સાજીદ કચરાને ઝોન-૨ ડીસીપી રાકેશ દેસાઇની સુચના અંતર્ગત પીએસઆઇ આર. એચ. ઝાલા, હેડકોન્સ. ધર્મેન્દ્રસિંહ ઝાલા, અંકિતભાઇ નિમાવત, અનીલભાઇ જીલરીયા, કોન્સ. અમીનભાઇ ભલુર, પ્રશાંતભાઇ ગજેરાએ પકડી લીધો હતો. આમ સુધરે ઇ સાજીદ નહિની જેમ જેલમાં તેણે કરેલા ખેલ મામલે વધુ એક ગુનો દાખલ કરાયો છે.

---

### ક્યારે ક્યાં અને કેવા સ્વરૂપે કાળનું તેડુ આવી જાય તેની ખબર નથી હોતી કાળા માથાના માનવીને

# લોખંડની ટાંકીમાં બ્લાસ્ટ નવાગામના યુવાનનું કરૂણ મોત

## પંચરની દુકાને એર કમ્પ્રેશરથી ઈમિટેશન વેક્સ કામમાં વપરાતી ટાંકીમાં હવા ભરવાની પંચરવાળાએ ના પાડીઃ યુવાન જાતે હવા ભરવા બેઠો ને પ્રેશર વધી જતાં ટાંકી ફાટવાથી જીવ ગયો



રાજકોટ, તા. ૧૮

મોત ક્યારે અને કેવી રીતે આવી જાય તેની કોઇને ખબર હોતી નથી. ગમે ત્યારે ગમે તે સ્વરૂપે કાળનું તેડુ માણસને આવી જતું હોય છે. આ વાતની પ્રતીતી કરાવતી એક કરૂણ ઘટના સામે આવી છે. જેમાં કુવાડવા નજીક આવેલા પેટ્રોલ પંપ પાસેની પંચરની દુકાને ઇમિટેશન કામમાં વપરાતી વેક્સ કામ માટેની લોખંડની ટાંકીમાં ટાયર પંચરના કમ્પ્રેશરથી હવા ભરતી વખતે આ લોખંડની ટાંકી ફાટતાં હવા ભરી રહેલા નવાગામના યુવાનને પતરા, લોખંડના ટૂકડા મોઢા-માથા પર લાગતાં તેનું કમકમાટી ભર્યુ મોત થયું હતું.

આ કરૂણ ઘટનાની વિગતો પર નજર કરીએ તો કુવાડવા નજીક ટાયરના પંચર સાંધવાની દૂકાને ગમખ્વાર ઘટનામાં નવાગામના યુવાનનું મોત થયું છે. આ યુવાન ઇમિટેશન કામમાં ઉપયોગમાં લેવામાં આવતાં વેક્સની ટાંકીમાં હવા ભરતો હતો ત્યારે અચાનક આ બાટલો ફાટતાં તેના લોખંડના પતરા-ટુકડા મોઢા, શરીરે ખુંચી જતાં ગંભીર ઇજા પહોંચી હતી. તેને લોહીલુહાણ હાલતમાં કુવાડવાના દવાખાને લઇ જવાયો હતો. પરંતુ કમનસીબ રીતે તેનું મોત થયું હતું. વધુ માહિતી અનુસાર કુવાડવા રોડના નવાગામમાં આવેલા દિવેલીયાપરામાં રહેતો રોહિત રમેશભાઇ ડાભી નામનો બાવીસ વર્ષનો યુવન રાત્રીના સાડા અગીયાર આસપાસ કુટુંબી ભાઈ સાથે ઇમિટેશનમાં ઉપયોગમાં લેવાતી વેક્સની લોખંડની ટાંકીમાં હવા ભરવા માટે કુવાડવા ગામ નજીક આવેલ ભગીરથ પેટ્રોલ પંપ પાસેની પંચરની દુકાન પર ગયો હતો.

જ્યાં પોતે ટાંકીમાં હવા ભરતો હતો ત્યારે અચાનક જ ટાંકીનો નીચેનો ભાગ ફાટી જતાં ધડાકો થયો હતો. લોખંડની આ જુની ટાંકી ફાટવાથી તેના ટૂકડા-પતરા રોહિતના મોઢા-શરીર પર ઉડતાં ખૂંચી જતાં તે લોહીલુહાણ થઇ ગયો હતો. મોઢા પર ગંભીર ઇજા થતાં તે ઢળી પડ્યો હતો. કુટુંબી ભાઇએ ૧૦૮ બોલાવી તેને ગંભીર હાલતમાં કુવાડવા આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડયો હતો. પરંતુ અહિ સારવારમાં તેણે દમ તોડી દીધો હતો. મૃત્યુ પામનાર રોહિત ત્રણ ભાઇ અને એક બહેનમાં વચેટ હતો. તે ઘરે બેઠા ઇમિટેશનની મજૂરી કરી ગુજરાન ચલાવતો હતો.

વિચીત્ર અને જીવલેણ અકસ્માતની પોલીસને જાણ થતાં ઘટના સ્થળે અને કુવાડવા આરોગ્ય કેન્દ્ર ખાતે પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. પોલીસના કહેવા મુજબ વેક્સ માટોનો લોખંડનો બાટલો જુનો હોઇ પંચરવાળાએ આમાં હવા ન ભરી શકાય તેમ કહી તેને ચેતવ્યો હતો. પણ રોહિત અવાર-નવાર હવા ભરાવતો હોઇ તે જાતે હવા ભરવા માંડ્યો હતો ત્યારે પ્રેશર વધી જતાં બાટલો ફાટ્યો હતો અને ગંભીર ઇજાથી તેનું મોત થયું હતું. કુવાડવા પોલીસ સ્ટેશનના હેડકોન્સ. પી. જી. અગ્રવાત સહિતના સ્ટાફે આકસ્મિક મૃત્યુની નોંધ કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી પરિવારને સોંપ્યો હતો. યુવાન દિકરાના આવા મૃત્યુથી નવાગામના ડાભી પરિવારમાં શોકની કાલીમા છવાઇ ગઇ હતી. આ બનાવે કુવાડવા નવાગામ પંથકમાં ભારે ચકચાર જગાવી દીધી છે.

---

### ગઠીયાઓ તમને છોડશે જ નહિ, જો તમે જાગૃત નહી થાઓ તોઃ કમાણી કરવા જતાં છેતરાયા

# વૃધ્ધાને ટાસ્કના નામે લલચાવી દસ લાખ પડાવ્યા

## એપ ડાઉનલોડ કરી નાણાનું રોકાણ કર્યુ અને ફ્રોડ થઇ ગયુંઃ બીજી ઘટનામાં સિનીયર સિટીઝનને રસ્તામાં નકલી પોલીસ ભેટીઃ દાગીના ઉતરાવી છૂમંતર

રાજકોટ, તા. ૧૮

સાયબર ગઠીયાઓ એક પણ દિવસ લગભગ ખાલ જવા દેતાં નથી. ગમે તેમ કરીને ગમે તેને આવા ગઠીયાઓ પોતાની જાળમાં ફસાવી લઇ ગજવા ભરી લેવામાં સફળ થઇ જાય છે. નજર હટી દુર્ઘટના ઘટીની જેમ જ જો તમે સાવચેત નહિ રહો તો સાયબર ગઠીયાઓનો આગલો શિકાર તમે પણ હોઇ શકો છો. ટાસ્ક પુરા કરી કમાણી કરવાના નામે વધુ એક વૃધ્ધ મહિલા છેતરાઇ ગયા છે. ઘરે બેઠા કામ કરી બે પૈસા કમાઇ લેવાની આશાએ આ મહિલાએ ટાઇમ લિમીટમાં પેઇજ વાંચવાના ટાસ્કમાં ભાગ લીધો હતો અને એપ ડાઉનલોડ કરી હતી. જો કે તેને આ કામમાં નાણા મળવાને બદલે દસ લાખ ગુમાવવાની નોબત આવી ગઇ હતી.

વિગતો પર નજર કરીએ તો વધતા સાયબર ક્રાઇમની વચ્ચે વધુ એક કિસ્સો સામે આવ્યો છે જેમાં વૃદ્ધ મહિલાને ગઠિયાઓએ ટાર્ગેટ કરીને તેમને એક એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી.જેમાં અલગ અલગ ટાસ્ક




આગળ સાહેબ છે, આ રીતે તમે દાગીના પહેરીને ન નીકળી શકો કહી રૂમાલમાં વીંટી પાછા આપ્યાઃ ઘરે જઇ જોયું તો તેમાંથી માત્ર ફોન નીકળ્યો!

આપવામાં આવતા હતા. જે ટાસ્ક પુરા થતા શરૂઆતમાં વૃદ્ધ મહિલાને પૈસા આપવામાં આવશે બાદમાં મહિલા પાસેથી વધુ ફાયદો કરવા માટે ચેરિટી ગ્રુપમાં ઇન્વેસ્ટ કરવામાં આવ્યું હતું.લોભામણી લાલચ આપીને વૃદ્ધા પાસેથી કુલ દસ લાખ રૂપિયા પડાવ્યા હતા.આ અંગે વૃદ્ધાએ સાયબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. વધુ માહિતી અનુસાર અખબાર નગરમાં રહેતા બાંસઠ વર્ષે મહિલા ઘરેથી જ ઇમિટેશન જ્વેલરીનું કામ કરે છે. તેમના ઓળખીતા રાજેન્દ્રભાઈએ તેમને લુક કલ્ચર મીડિયા લિમિટેડ નામની કંપનીમાં જુદા જુદા ટાસ્ક પૂરા કરવાથી નાણા મળે છે તેવી વાત કરી હતી.

જેથી વૃધ્ધાએ આ કંપનીમાં બનાવેલ લિંકમાં એપ્લિકેશન ડાઉનલોડ કરી હતી.જે બાદ તેમને અલગ અલગ ટાસ્ક આપવામાં આવતા હતા. ટાઈમ લિમિટની અંદર પેજ વાંચવાનો ટાસ્ક આપવામાં આવતો હતો પૂરા થાય ત્યારે મહિલાના ખાતામાં પૈસા જમા થતા હતા.મહિલાને વોટ્સએપ ગ્રુપમાં પણ એડ કરવામાં આવ્યા હતા. આ ગ્રુપમાં એડ કરીને ગ્રુપ એડમીન લુસીએ કહ્યું હતું કે ગ્રુપમાં ચેરીટી કરવા તેમજ વધુ ઇન્વેસ્ટ કરવાથી વધુ ફાયદો થશે જેથી મહિલા લાલચમાં આવીને અલગ અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા ૧૦,૦૦,૩૦૦ ઇન્વેસ્ટ કર્યા હતા પરંતુ તેમને કોઈ વળતર મળ્યું નહતું તેથી તેમને શંકા ગઈ તો તપાસ કરતાં તેમના સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થઈ હતી.મહિલાએ આ અંગે સાઇબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવી છે.

બીજા એક બનાવમાં ઓફલાઇન ઠગાઇ થઇ હતી. વધુ એક વખત નકલી પોલીસ રસ્તા પર સિનીયર સીટીઝનને છેતરીને દાગીના લૂંટી ભાગી જતાં તપાસ શરૂ થઇ હતી. આ બનાવ વડોદરામાં બન્યો હતો. હરણી રોડ પર સવારે વાહનોની ભારે અવરજવર વચ્ચે ડુપ્લિકેટ પોલીસ દ્વારા સિનિયર સિટિઝનના દાગીના લૂંટી લેવામાં આવ્યા હોવાનો બનાવ બનતાં હરણી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. હરણી એરપોર્ટ સામે ક્રિષ્ણા પાર્કમાં રહેતા અને હરણી ભીડભંજન મંદિર સામે હોટલ ધરાવતા ૭૯ વર્ષીય ક્રિષ્ણા વાસુ શેટ્ટીએ પોલીસને કહ્યું છે કે,આજે સવારે હું વોક કરીને ઘેર પરત ફરતો હતો ત્યારે જેએમ પંડયા હોલ પાસે બાઇક પર એક શખ્સ આવ્યો હતો.જ્યારે બીજો શખ્સ ચાલતો આવ્યો હતો.

ત્યારબાદ અજાણ્યા શખ્સો કહ્યું હતું કે,અમે પોલીસ છીએ. આમ દાગીના પહેરીને ફરી ના શકો. આગળ અમારા મોટા સાહેબ ઉભા છે.જેથી મેં ૧૨ ગ્રામની ચેન અને વીંટી ઉતારીને રૂમાલમાં મુકી તેમાં મોબાઇલ પણ મુક્યો હતો અને આ રૂમાલ તેમને આપતાં તેમણે રૂમાલ બાંધીને પાછો આપ્યો હતો.જેથી હું રૂમાલ ખિસ્સામાં લઇ ઘેર ગયો હતો. ઘેર જઇ જોયું તો રૂમાલમાં માત્ર મારો મોબાઇલ હતો અને દાગીના ગૂમ હતા.જેથી હરણી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ સીસીટીવી ફૂટેજ મેળવવા તજવીજ કરી હતી.

---

# પાંચ ચપલા લઇ પાર્ટી કરવા બેઠા, પોલીસ ત્રાટકી

## બી-ડિવીઝન પોલીસનો મોરબી રોડ પર ડેલામાં દરોડોઃ મહેફીલ કરવા બેઠેલા મિત્રો ઝપટે ચડ્યા

રાજકોટ, તા. ૧૮

મોરબી રોડ પર જુના જકાતનાકા પાસે આવેલા એક ડેલામાં પાંચ શખ્સો દારૂની મહેફીલ માણી રહેલા પાંચ શખ્સોને પોલીસે દબોચી લઇ મજા બગાડી રંગમાં ભંગ પાડ્યો હતો.

બી-ડિવીઝન પોલીસ દારૂ જૂગારના કેસ શોધવા પેટ્રોલીંગમાં હતી ત્યારે માહિતી મળતાં દરોડો પાડ્યો હતો. આ મામલે હેડકોન્સ. નરેશભાઇ ચાવડાની ફરિયાદ પરથી દેવચંદ મધુસુદન દાસ, મિલન પાર્વતી મંડલ, પરીમલ બલરામભાઇ ધારા, કમલ મુકુલભાઇ ભૌમિક



અને તરૂણ સુકુમાર બુક્તા (રહે. બધા મોરબી રોડ જકાતનાકા પાસે મહાનગર પાલિકા હોલ પાછળ, દિનેશભાઇ તેજાભાઇ ભાલાળાના ડેલામાં, મુળ વતન મેદનાપુર યુપી, તેમજ હુગલી પશ્ચીમ બંગાળ) વિરૂધ્ધ ગુનો નોંધી ધરપકડ કરી હતી. બી-ડિવીઝન પોલીસની ટીમે પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે મોરબી રોડ જકાતનાકા પાછળ દિનેશભાઇ ભાલાળાના ડેલામાં કેટલાક શખ્સ દારૂની મહેફીલ માણી રહ્યા છે.

આ બાતમી આધારે દરોડો પાડતાં પાંચ શખ્સો દારૂની મહેફીલ માંડીને બેઠા હોઇ તેને પકડી લઇ ૧૮૦ એમએલ દારૂની એક બોટલ તથા ચાર ખાલી ચપલા કબ્જે કરાયા હતાં. પોલીસના કહેવા મુજબ પકડાયેલા ચારેય સોની કામ, ઇમિટેશન કામની મજૂરી કરે છે. ચારેયને બુધવારે કારખાનામાં રજા હોઇ ચપલા શોધી લાવી પાર્ટી કરવા બેઠા હતાં. પીઆઇ એસ. એસ. રાણેની રાહબરીમાં પીએસઆઇ જે. આર. સોલંકી, કૃપાલસિંહ જાડેજા, નરેશભાઇ ચાવડા, વિશ્વજીતસિંહ ઝાલા, મનજીભાઇ ડાંગર સહિતે આ કામગીરી કરી હતી. માંડ પાંચેય મજા કરવા બેઠા હતાં પણ ચપલુ-ચપલુ પીધું ત્યાં જ પોલીસ આવી જતાં નશો ઉતરી ગયો હતો.

---

### તારા ભાઇએ એટ્રોસીટી નોંધાવી તે પાછી ખેંચી લે કહી બાપ-બેટાએ પડોશીને ફકટારી હડધુત કર્યોઃ સામે પડોશી યુવાને પણ પાણાવારી કરી

# જુની ફરિયાદનો ડખ્ખોઃ પડોશી બાખડતાં નવી બે ફરિયાદ!

## યુનિવર્સિટી પોલીસે દિપક પરમારની ફરિયાદ પરથી જયદિપ અને તેના પિતા સામે તથા જયદિપની ફરિયાદ પરથી રવિ સામે કરી એફઆઇઆર દાખલ

રાજકોટ, તા. ૧૮

કાલાવડ રોડ પર લક્ષ્મીના ઢોળા પાસે રહેતાં પડોશીઓ વચ્ચે એટ્રોસીટી અને બીજી સામ સામે નોંધાવાયેલી ફરિયાદ મામલે મારામારી થતાં એક બીજા પર પાણકાના ઘા કરી ઘાયલ કરી મારી નાખવાની ધમકી અપાતાં અને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરવામાં આવતાં પોલીસે સામ સામે ફરિયાદ દાખલ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો કાલાવડ રોડ પર લક્ષ્મીના ઢોળા પાસે શેરી નં. ૭માં રહેતાં અને રિક્ષા ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતાં દિપકભાઇ ઉર્ફ રવિભાઇ શાંતિભાઇ પરમારનામના પાંત્રીસ વર્ષના યુવાનને તે કટારીયા ચોકડી લક્ષ્મીના ઢોળા પાસે લક્ષ્મીનારાયણ પ્રાથમિક શાળા પાસે સંબંધી રમેશભાઇ બગડાની દૂકાને સીગારેટ પીવા ગયો ત્યારે જયદિપ ભરવાડ અને તેના પિતા રાજુભાઇ ભરવાડે ગાળો દઇ અમારા વિરૂધ્ધ એટ્રોસીટીની ફરિયાદ તારા ભાઇએ કરી છે તે પાછી ખેંચી લેજે કહી ઢીકાપાટુનો માર મારી પથ્થરથી માથામાં ફટકારી લોહી કાઢી તેમજ મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ થઇ છે. દિપકભાઇ ઉર્ફ રવિભાઇએ જણાવ્યું છે કે હું સિગારેટ પીવા ઉભો હતો ત્યારે સામે બાંકડા પર અમારા વિસ્તારનો જયદિપ ભરવાડ બેઠો હતો.

આ જયદિપ જોર જોરથી તેના પિતા કે જે કટારીયા શો રૂમમાં નોકરી કરતાં હોઇ તેને બૂમ પાડી બોલાવતો હોઇ તેના પિતા આવી જતાં આ બંનેએ મારી પાસે આવી કહેલુ કે તારા ભાઇએ એટ્રોસીટીની ફરિયાદ અમારા વિરૂધ્ધ શું કામ કરી છે? જેથી મેં કહેલુ કે ને પણ તાલુકા પોલીસ



સ્ટેશનમાં ખોટા કેસમાં જેલમાં મોકલ્યો હતો, મારા ભાઇએ તમારા વિરૂધ્ધ ફરિયાદ કરી એમાં મારો શું વાંક? તેમ કહેતાં બંનેએ ઉશ્કેરાઇ જઇ ગાળો દીધી હતી. બાદ રાજુભાઇએ મને પાછળથી પકડી લીધો હતો અને તેના દિકરા જયદિપે પાણકો ઉપાડી મને માથામાં મારી દીધો હતો. તેમજ હાથમાં પણ ઇજા કરી હતી. બાદમાં ઢીકાપાટુ મારી જો તારો ભાઇ ફરિયાદ પાછી નહિ ખેંચે તો તને જીવતો નહિ રહેવા દઇએ કહી ધમકી આપી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કર્યો હતો. આ વખતે દુકાનવાળા ભાઇ સહિતનાએ મને છોડાવ્યો હતો. બાદમાં મેં ૧૧૨મા ફોન કરતાં પોલીસ આવી હતી અને મેં ફરિયાદ નોંધાવી હતી. તેમ વધુમાં દિપકભાઇએ કહેતાં યુનિવર્સિટી પીએસઆઇ સી. પી. રાઠોડે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બીજી તરફ આ બટાઝટી મામલે સામા પક્ષે એકવીસ વર્ષના જયદિપ સુરેશભાઇ રાતડીયાએ પણ રવિ શાંતિલાલ પરમાર વિરૂધ્ધ ફરિયાદ કરી છે. જયદિપે જણાવ્યું છે કે હું પ્રાઇવેટ નોકરી કરુ છું. રાતે સાડા દસેક વાગ્યે લક્ષ્મીના ઢોળા પાસે હું અને નિતીનભાઇ પરમાર, ધ્રુવ પરમાર ત્રણેય બાકડા પર બેઠા હતાં ત્યારે રવિ રિક્ષા લઇને આવ્યો હતો અને મને જેમ તેમ ગાળો દેવા લાગતાં અને તે કેમ મારા વિરૂધ્ધ તાલકુા પોલીસમાં ફરિયાદ કરી? તારા પપ્પાએ બહુ રસ લીધો કહી મા બહેન સમી ગાળો દેતાં તેને ગાળો બોલવાની ના પાડતાં મારો કાઠલો પકડી હાથ પગ ભાંગી નાખવાની ધમકી આપી હતી. બાદમાં હું ગભરાઇને ઘરે જતો રહેલ અને મારા પિતા કટારીયા શો રૂમમાં નોકરી પર હોઇ તેને જાણ કરતાં તેને મને બોલાવતાં હું ત્યાં જતાં રવિ છુપાઇને બેઠો હોઇ પથ્થરના ઘા કરતાં મને પગમાં ઇજા થઇ હતી. આમ જુની ફરિયાદ મામલે માથાકુટ થતાં ફરી નવી ફરિયાદ દાખલ કરાવવી પડી હતી!

# જી.પં.ની કચેરી ખર્ચ અંગે ૧૫ દિવસમાં રિપોર્ટ આપવા આદેશ

## તપાસ કમિટીનું ગઠન : ૮૪ લાખના સ્થળાંતર ખર્ચ મામલે ઉઠી રહ્યા છે સવાલ : ૧૭ લાખનું ચુકવણું કરી દેવામાં આવ્યું છે જયારે બાકી રકમના બિલો હજુ મળ્યા નથી

રાજકોટ, તા. ૧૮

જિલ્લા પંચાયત હોય કે મહાનગરપાલિકા બંને તંત્રમાં કોઈક ને કોઈક ભ્રષ્ટાચાર થતા જ જોવા મળ્યા છે. એક ભ્રષ્ટાચાર ઉપર મામલો શાંત પડે ત્યાં બીજા પ્રશ્નો ઊભા થાય છે. હાલ જિલ્લા પંચાયત કચેરીના સ્થળાંતરના ખર્ચ અંગે વિવાદ વકર્યો છે. હાલ આ અંગે તપાસ સમિતિનું ગઠન કરવામાં આવ્યું છે જેનો રિપોર્ટ ૧૫ દિવસમાં આપવા જણાવ્યું હતું. કોંગી આગેવાન મનસુખ સાકરીયા દ્વારા આક્ષેપ લગાવવામાં આવ્યો હતો કે જે ખર્ચ થયો છે તેમાં ક્યાંક ને ક્યાંક ભ્રષ્ટાચાર થયેલો છે આ વિવાદ વકરતા જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારા ખાસ પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું અને તેમાં લગાવવામાં આક્ષેપોને પાયા વિહોણા ગણાવ્યા હતા પરંતુ આ મુદ્દો શાંત ન થતાં જિલ્લા વિકાસ અધિકારી દ્વારા તપાસ સમિતિનું ગઠન કરી આ અંગે ૧૫ દિવસમાં રિપોર્ટ આપવા જણાવ્યું છે અને કહેવામાં આવ્યું છે કે જે રિપોર્ટમાં સામે આવશે ને કોઈ જવાબદારી ફિક્સ થશે તો તેની સામે પગલાં પણ લેવાશે હાલ અત્યારે ૧૭ લાખનું ચુકવણું કરી દેવામાં આવ્યું છે જ્યારે બાકી રકમના બિલો હજુ મળ્યા નથી.



રાજકોટ જીલ્લા પંચાયતમાં વિવાદના ચકડોળે ચડેલા ૮૪ લાખ જેવા જંગી સ્થળાંતર ખર્ચ મામલે છેવટે તપાસ કમીટીનું ગઠન કરી દેવામાં આવ્યુ છે અને ૧૫ દિવસમાં રીપોર્ટ આપવા કહેવાયુ છે. જીલ્લા વિકાસ અધિકારી અનંદૂ સુરેશ મોહને કહ્યું કે ૮૪ લાખના સ્થળાંતર ખર્ચ મામલે સવાલ ઉઠાવવામાં આવી રહ્યા છે ત્યારે તપાસ કમીટી નકકી કરી લેવામાં આવી છે. ૧૫ દિવસમાં રિપોર્ટ આપવાનુ કહેવાશે અને તેના આધારે જવાબદારી નકકી થશે.

અત્યાર સુધીના ખર્ચને લાગેવળગે છે ત્યાં સુધી ૧૭ લાખનુ પેમેન્ટ કરવામાં આવ્યું છે જે નિયમાનુસાર છે અને કારોબારી સમીતીમાં પણ દરખાસ્ત મુકવામાં આવી હતી. સફાઈ કે બાકી ખર્ચના કોઈ બીલ રજુ થયા નથી. બીલ આવ્યા બાદ નિયમાનુસાર ચકાસણી કર્યા બાદ જ જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. અત્યાર સુધી ચુકવાયેલા બીલનુ પ્રિ-ઓડિટ કરવામાં આવ્યુ જ હતું.

જીલ્લા પંચાયતમાં સ્વચ્છતાના અભાવ અને ઠેકઠેકાણે ગંદકી-પાનની પિચકારી વિશે તેઓએ કહ્યું કે કચેરીમાં પાન ખાવા- ગંદકી કરવા પર પ્રતિબંધ છે અને તેનો ભંગ કરનાર પાસેથી ૫૦૦ રૂપિયાનો દંડ વસુલવાનો નિર્ણય લેવાયો જ છે. અત્રે ઉલ્લેખનીય છે કે જીલ્લા પંચાયતનુ બિલ્ડીંગ નવુ બનાવવાનુ હોવાથી તે ખાલી કરીને વૈકલ્પિક વ્યવસ્થા તરીકે જુની કોર્ટ બિલ્ડીંગમાં સ્થળાંતર કરવામાં આવ્યુ હતું. કચેરીના રેકર્ડ, સરસામાન સહિત આખી કચેરીઓ-સામાનનુ શિફટીંગ કરાયું હતું. આ ખર્ચ ૮૪ લાખ થતા વિપક્ષી નેતા મનસુખ સાકરીયાએ સવાલ ઉઠાવતા મામલો ગરમાયો હતો જે પછી પ્રમુખ તથા કારોબારી ચેરમેન તપાસ યોજવાનું જાહેર કર્યુ છે. સૂત્રોએ કહ્યું કે પ્રમુખ દ્વારા બે દિવસ પુર્વે જ સ્થળાંતર ખર્ચની તપાસ માટે કમીટી બનાવવાની ભલામણ કરવામાં આવી હતી. તેના આધારે જીલ્લા વિકાસ અધિકારીએ કમીટીનુ ગઠન કર્યુ છે. માર્ગ-મકાન વિભાગ સિવાયના અધિકારીઓનો સમાવેશ થવાનું મનાય છે. એક ડીડીઓને કમીટીમાં સ્થાન મળશે.

### લેભાગુ તત્વો નજર ટાપીને જ બેઠા હોય છે બચતા રહેજો આવા વિકૃતીયાઓથી

# વધુ બે દૂષ્કર્મ : સોળ અને તેર વર્ષની બાળા બની શિકાર

### એકે બાળાનું અપહરણ કરી ઠેકઠેકાણે લઇ જઇ દેહ પીંખ્યોઃ બાળાની છુટીને ઘરે આવી અને આપવીતી વર્ણવીઃ બીજી ઘટનામાં મા-બાપ સાથે માથાકુટ થતાં તેર વર્ષની બાળા ઘરેથી ભાગી અને હવસખોરની ચુંગાલમાં ફસાઈ

રાજકોટ, તા. ૭

સગીરાઓ, યુવતિઓ, પરિણીતાઓને જાળમાં ફસાવી ભગાડીને કે પછી બીજી રીતે લલચાવી દૂષ્કર્મ આચરી લેવાના બનાવ સતત વધી ગયા છે. વધુ એક આવા કિસ્સામાં સોળ વર્ષની બાળાનું અપહરણ કરી મારી નાખવાની ધમકી આપી વારંવાર બળાત્કાર ગુજારાયો હતો. જુદા જુદા સ્થળે તેણીને લઇ જઇ બળજબરી આચરવામાં આવી હતી. છુટીને આવેલી બાળાએ પોલીસ સમક્ષ વિગતો વર્ણવતા અપહરણ, બળાત્કાર, પોક્સો હેઠળ કાર્યવાહી થઇ હતી. બીજી ઘટનામાં તેર વર્ષની બાળા માતા-પિતા સાથે ચડભડ થતાં ભાગીને નીકળી ગયા બાદ રેલ્વે સ્ટેશને પહોંચતા એક લેભાગુનો ભેટો થઇ ગયો હતો. તેણે આ બાળાનો દેહ પીંખી નાંખ્યો હતો.



વિગતો પર નજર કરીએ તો અમરેલીમાં રહેતી એક સોળ વર્ષિય સગીરાનુ પરપ્રાંતિય યુવકે અપહરણ કરી જુદા જુદા સ્થળે લઈ જઈ શારિરીક અડપલા કરી વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે અમરેલી સીટી પોલીસ મથકમાં સગીરાએ ગુનો નોંધાવ્યો હતો. મુળ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના ભાભરા તાલુકાના બહેડવા ગામે રહેતા અને હાલ અમરેલીમાં લાઠી રોડ વાડી પંથકમાં રહેતા શંકર મુકેશભાઈ વાખલા સામે અમરેલી સીટી પોલીસ મથકમાં સગીરાએ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે શંકર વાખલા સોળ વર્ષની સગીરાનું અપહરણ કરી લઈ ગયો હતો. તેમજ શારિરીક અડપલા કરી જાતીય સતામણી કરી હતી.

આ ઉપરાંત આ શખ્સે સગીરાને ચિતલ અને અમરેલીના લાઠી રોડ પર ઝુપડામાં લઇ જઇ ત્યાં પણ વારંવાર દુષ્કર્મ આચર્યું હતું. જાતીય હુમલો કરી મારી નાખવાની શંકર મુકેશભાઈ વાખલાએ ધમકી આપી હતી. ગમે તેમ કરીને તે ભાગી છુટી હતી અને બાદમાં પરિવાર પાસે પહોંચી પોલીસને જાણ કરી હતી. આ અંગે સીગરાએ અમરેલી સીટી પોલીસ મથકમાં શંકર વાખલા સામે ગુનો નોંધાવતા સીટી પીઆઈ ડી.કે.વાઘેલા અને ટીમે આરોપીને શોધી કાઢવા તજવીજ હાથ ધરી છે.

બીજી ચોંકાવનારી ઘટના સુરતની છે. માતા-પિતા સાથે માથાકુટ થતાં ઘરેથી નીકળી ગયેલી તેર વર્ષની બાળાને એક હવસખોરે ઉઠાવી લઇ દેહ પીંખ્યો હતો. આ મામલે રેલવે પોલીસે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીને યુપીથી દબોચી લીધો છે. મુળ સોનગઢની એક તેર વર્ષીય સગીરા સાથે રેલવે સ્ટેશન નજીક દુષ્કર્મ આચર્યું હોવાનું સામે આવ્યું છે. આરોપીની ઓળખ રવિશંકર ઉર્ફે નિતેશ તરીકે થઈ છે. તે ઉત્તર પ્રદેશના ભદોહી જિલ્લાનો રહેવાસી છે અને વ્યવસાયે કલરકામ કરે છે. વીસ વર્ષના આ ઢગાએ બાળકી એકલી હોઇ ગેરલાભ ઉઠાવી મદદ કરવાના બહાને રેલવે સ્ટેશન પાસે પોસ્ટ ઓફિસ નજીક તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. કિશોરી મૂળ સોનગઢની રહેવાસી છે. તેના માતા-પિતા સાથે કોઈ બાબતે મનદુઃખ થતાં અને ઠપકો મળતાં તે ભાગીને સુરત આવી ગઈ હતી.

અહીં તે છૂટક મજૂરીકામ કરતી હતી, અને આરોપી રવિશંકર પણ ત્યાં જ છૂટક મજૂરી કરતો હોવાથી બંનેનો પરિચય થયો હતો. આ પરિચય રેલવે સ્ટેશન નજીક થયો હતો. આ ગુના બાદ આરોપી ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો અને પોલીસથી બચવા માટે નંદુરબાર અને અન્ય જગ્યાએ છુપાઈ રહ્યો હતો. તેને પકડવામાં પોલીસને ભારે મુશ્કેલી પડી રહી હતી.આરોપીને ઝડપી પાડવા માટે સુરત રેલવે પોલીસ અને લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે સંયુક્ત કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ એનાલિસિસનો ઉપયોગ કર્યો હતો. સુરત રેલવે પોલીસ સ્ટેશનના પોલીસ અને એલસીબીની ટીમને આરોપી અંગે ચોક્કસ માહિતી મળી હતી. આ માહિતીના આધારે આરોપી રવિશંકરને દબોચી લેવામાં આવ્યો હતો. આમ વધુ બે સગીરા હવસખોરીનો શીકાર બની ગઇ હતી.

### ત્રણ ગઠીયાએ રક્ષા મંત્રાલયમાંથી કોન્ટ્રાકટ મળ્યો છે કહી અઢાર લાખ પડાવી લીધા

# સેનેટાઇઝરની બોટલોના નામે વેપારી સાથે ફ્રોડ

### બત્રીસ કરોડનો ઓર્ડર મળ્યો હોવાનું માની હોંશે હોંશે વેપારીએ મશીનરી સહિતની પાછળ બીજા ચાલીસ લાખ ખર્ચી નાંખ્યા : પણ છેલ્લે ખબર પડી કે છેતરાઇ ગયા

રાજકોટ તા. ૧૮

છેતરપીંડી, ગઠીયાગીરીના બનાવો એટલા પ્રમાણમાં વધી ગયા છે કે લગભગ રોજ રાજ્યના કોઇને કોઇ પોલીસ સ્ટેશનમાં આ પ્રકારની એફઆઇઆર ફાટતી જ રહે છે. વધુ એક કિસ્સામાં રક્ષા મંત્રાલયમાં દર મહિને દસ લાખ સેનેટાઇઝરની બોટલો આપવાના નામે ઠગ ત્રિપુટી વેપારીને લાખોનો ચૂનો લગાવી ગઇ છે.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદમાં રાજસ્થાન અને મહારાષ્ટ્રના ત્રણ લોકોએ વેપારીને બત્રીસ કરોડનો સેનિટાઈઝર સપ્લાયનો કરાર અપાવવાની લાલચ આપી અઢાર લાખ પડાવી લીધા છે. કોન્ટ્રાક્ટ અપાવવા રક્ષા મંત્રી, આઇએએસ અને અન્ય બીજા અધિકારીઓને પૈસા આપવા પડશે એમ કહીને પંદર લાખ રૂપિયા અને બાકી બીજા ત્રણ લાખ લીધા હતા. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વધુ માહિતી અનુસાર એક વેપારીને ભારત સરકારના રક્ષા મંત્રાલયના બનાવટી ઓર્ડર અને ચ્ત્ના ખોટા દસ્તાવેજો બતાવીને બત્રીસ કરોડનો સેનિટાઈઝર સપ્લાયનો કરાર અપાવવાની લાલચ આપી અઢાર લાખ રૂપિયા લઈને છેતરપિંડી કરાઈ હોવાનો ચોંકાવનારો કેસ સામે આવ્યો છે.




આ મામલે સુત્રોએ જણાવ્યા અનુસાર આનંદનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર રાજસ્થાન અને મહારાષ્ટ્રના ત્રણ લોકોએ રક્ષા મંત્રી અને અન્ય અધિકારીઓને પૈસા આપવા પડશે એવુ બહાનુ બનાવી વેપારી પાસેથી રકમ હડપી લીધી હતી. હાલમાં પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. પાલડી વિસ્તારમાં સુયશ-૨ ખાતે રહેતા તપન શાહ આનંદ નગર ટાઈટેનિયમ સીટી સેન્ટર ખાતે હોમકેર પ્રોડક્ટનો વ્યવસાય કરે છે. રાજસ્થાનના આબુરોડ ઓફિસ ધરાવનારા સારસસિંહ ચૌહાણ નામના વ્યક્તિએ ફોન કરીને રક્ષા મંત્રાલય દર મહિને દસ લાખ જેટલી બોટલો આપવા માટે ઓર્ડરની ઈન્કવાયરી કરી હતી, જેથી તેઓ રાજસ્થાનના આબુરોડ ખાતે મળવા ગયા હતા.

એક વર્ષ માટે બોટલના અઢાર રૂપિયા પ્લસ જીએસટી સાથે ઓર્ડર લેવાની વાત કરી હતી પરંતુ, બીજા અધિકારીઓને આપવા પડશે એમ કહી અને ૨૮ રૂપિયા અને જીએસટીનો ભાવ આપવાનું કહ્યું હતું. બાદમાં તેણે કહ્યું હતું કે, મારા મિત્ર કુશલ મહેતા અને મૌનીશ શાહ દ્વારા ઓર્ડર માટે વાતચીત કરી છે. દિલ્હી ખાતે એક બોટલનું સેમ્પલ મોકલી આપવામાં આવ્યું હતું. બોટલનું સેમ્પલ મોકલ્યા બાદ ટેસ્ટિંગ માટે પાંત્રીસ હજારની માંગણી કરી હતી પરંતુ, ઓર્ડર મળ્યા બાદ આપીશ એવું તપને કહ્યું હતું. ઓર્ડર મેળવવા માટે કેટલાક પૈસા ગવર્મેન્ટના એકાઉન્ટમાં જમા કરાવવાના રહેશે એમ કહી અને રૂપિયા ત્રીસ હજાર 30,000 એકાઉન્ટમાં જમા કરાવડાવ્યા હતા.

ત્યાર બાદ પંદર લાખ રૂપિયા એડવાન્સ આપવા પડશે એવી વાત કરી હતી પરંતુ, દિલ્હી ખાતે જ્યારે મિટિંગ કરી ત્યારે આ પૈસા અત્યારે નહીં પરંતુ, ઓર્ડર મળ્યા પછી જમા કરાવીશ એવું કહી અને નીકળી ગયા હતા. ૩૨ કરોડ રૂપિયાનો ઓર્ડર છે જેથી તમારા સોળ લાખ તમને ખાતામાં મળશે એમ કહીને દિલ્હી આવીને ચેક લઈ જવાનું કહેતા તેઓ દિલ્હી ખાતે ગયા હતા અને ત્યાં કેન્સલ ચેક જમા કરાવ્યો તેમજ આરબીઆઈની ટેકનોલોજીમેન્ટ કોપી પણ આપવામાં આવી હતી, જેમાં સહી સિક્કા કરવામાં આવેલા હતા. સાઈઠ દિવસમાં એકાઉન્ટમાં પૈસા જમા થઈ જશે એવું કહ્યુ હતું.

ત્યારબાદ વેપારીએ બત્રીસ કરોડનો ઓર્ડર મળવાનો હોવાથી અલગ-અલગ પ્રિન્ટિંગ મશીન અને બોટલ સાથેનું ચાલીસ લાખનુ રોકાણ કરી દીધું હતું. ત્યારબાદ તેમણે આ ઓર્ડર માટે અવારનવાર પૈસા જમા ન થયા અને તમામ બાબતે વાતચીત કરતા ગલ્લા તલ્લા કરવા લાગ્યા હતા. દિલ્હી અને મુંબઈ ખાતે પણ આ બાબતે બેઠક કરી અને વાતચીત કરી હતી પરંતુ, પૈસા ન આપ્યા. રક્ષા મંત્રાલયના નામે છેતરપિંડી થયો હોવાની જાણ થતા આ મામલે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. આમ અઢાર લાખ તો ગઠીયો લઇ ગયો હતો, ઓર્ડર પુરો કરવા ઉછી ઉધારના કરી ચાલીસ લાખનું બીજુ રોકાણ કર્યુ એ પણ ડામ આવી ગયો હતો. આ પ્રકારની નવીનત્તમ ઠગાઇએ ભારે ચકચાર જગાવી દીધી છે.

# ઉછીના રૂપિયા પાછા ન દઇ મિત્ર-તેના પિતાને છરીના ઘા

### સંત કબીર રોડ પર રહેતાં નિકુંજ અને તેના પિતાને ઈજાઃ ધરમ ટોકિઝ પાસે રહેતાં મિત્ર જીતુ વાળંદ અને અજાણ્યા વિરૂધ્ધ નોંધાવી ફરિયાદ

રાજકોટ તા. ૧૮

ઘણીવાર પૈસાના ડખ્ખામાં ભાઇબંધો દૂશ્મન બની જતાં હોય છે. વધુ એક આવી માથાકુટ સામે આવી છે. જેમાં સામા કાંઠે સંત કબીર રોડ પર હેતાં રહેતાં યુવાને ધરમ ટોકીઝ પાસે રહેતાં મિત્રને સાતમ આઠમમાં રૂપિયા ઉછીના આપ્યા હોઇ તેને ફોન કરી ઉઘરાણી કરતાં તે ઉશ્કેરાઇ ગયો હતો અને ફોનમાં ગાળો દીધા બાદ બીજા શખ્સને લઇ ઘરે આવી મિત્ર અને તેના પિતા પર છરીથી હુમલો કરી ધમકી દઇ તેમજ તેના વાહનમાં તોડફોડ પણ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો આ ઘટનામા થોરાળા પોલીસ દ્વારા સંત કબીર રોડ મેહુલનગર-૪માં ગુર્જર પ્રજાપતિની વાડી પાસે રહેતાં અને ઘર નજીક કરિયાણાની દૂકાનમાં મજૂરી કરતાં ઓગણત્રીસ વર્ષના નિકુંજ મનસુખભાઇ વિઠ્ઠલાણી ની ફરિયાદ પરથી થોરાળા પોલીસે ધરમ સિનેમા નજીક આરવર્લ્ડ પાસે રહેતાં જીતુ વાળંદ અને અજાણ્યા સામે એફઆઇઆર દાખલ કરાઇ છે. નિકુંજે જણાવ્યું છે કે મારા પિતા સિક્યુરીટી ગાર્ડ તરીકે નોકરી કરે છે તે બપોરે જમવા આવ્યા મારો મિત્ર જીતુ વાળંદ જે ધરમ ટોકીઝ પાસે રહે છે તેને મેં ૮૦૦૦ રૂપિયા ઉછીના આપ્યા હોઇ જેથી મેં તેને ફોન કરી કહેલ કે-ભાઇ સાતમ આઠમ પર તને રૂપિયા દીધા હતાં તેને મહિનો થઇ ગયો, હું તને વારંવાર ફોન કરુ છું તો તું કેમ આપતો નથી? તેમ કહેતાં મારે તેની સાથે ફોનમાં બોલાચાલી થઇ હતી.

આ બાબતનો ખાર રાખી જીતુ અજાણ્યા શખ્સને લઇ મારા ઘરે આવ્યો હતો અને મારા પિતાને છરી બતાવી ગાળો દઇ ક્યાં છે નિકુંજ? કહી વધુ ગાળો બોલી ઘરમાં ઘુસવા જતાં મારા પિતાએ તેને બહાર કાઢતાં તેની સાથે ઝપાઝપી કરી હતી. હું સુતો હોઉ નિંદર ઉડી જતાં બહાર જોવા જતાં મિત્ર જીતુ છરી સાથે મારા પિતા સાથે ઝપાઝપી કરતો જોવા મળ્યો હતો. જેમાં મારા પિતાને છરી લાગી ગઇ હતી. હું વચ્ચે પડતાં મને પણ છરીનો છરકો થયો હતો. બાદમાં જીતુ અને તેની સાથેનો શખ્સ ડેલી બહાર મારુ બાઇક હોઇ તેમાં પાટા મારી પાછળનું ગાર્ડ તોડી નાંખી જતાં જતાં ધમકી આપતા ગયેલ કે ફરિયાદ કરીશ તો જાનથી મારી નાખીશ. આ પછી મેં મારા મિત્રને બોલાવતાં તે મને અને મારા પિતાને સારવાર માટે લઇ ગયો હતો. તેમ વધુમાં નિકુંજે કહેતાં હેડકોન્સ. ડી. એચ. વાળાએ એફઆઇઆર દાખલ કરી આરોપીઓની શોધખોળ શરૂ કરી હતી.

# પરણેલાએ કુંવારો છું કહી પરિણીતાને ફસાવી કર્યા લગ્ન!

### મહિલાને ખબર પડતાં કહ્યું-પહેલી અને તું બીજી એમ બંનેને રાખીશઃ વાંધો ઉઠાવતાં ધમકી દીધીઃ અન્ય ઘટનામાં પતિના ત્રાસથી પત્નિએ જીવ દીધો : ત્રીજા બનાવમાં દિકરીના જન્મ પછી અગિયાર મહિના પતિ-સાસરીયાએ મોઢુ ન જોયું : મારકુટ કરતાં પોલીસને કરી જાણ

રાજકોટ તા. ૧૮

દામ્પત્ય જીવનમાં અનેક એવા પતિ કે પત્નિ હોય છે જે પોતાના જીવનસાથી સાથે ફ્રોડ કરતાં હોય છે. આવી છેતરપીંડી છત્તી થઇ જાય તો દામ્પત્ય જીવનમાં ભડકો સર્જાયો હોય છે અને ઘણીવાર તેના માઠા પરિણામ આવતાં હોય છે. આવી એક ઘટના સામે આવી છે જેમાં ધોખેબાજ સૈયાને કારણે પરિણીતાને પોલીસ પાસે જવું પડ્યું હતું. આ પતિએ પોતે પરણેલો હતો છતાં છુટાછેડા લીધા વગર બારોબાર બીજા લગ્ન કરી લીધા હતાં. બીજી પત્નિને આ વાતની જાણ થઇ જતાં તેણે વાંધો ઉઠાવતાં પતિએ મારી નાખવાની ધમકી આપી હતી. બીજી એક ઘટનામાં પતિના ત્રાસને કારણે કંટાળીને પત્નિએ પોતાનો જીવ આપી દીધો હતો. ત્રીજી આવી ઘટનામાં પણ એક પરિણીતાને તેણીએ દિકરીને જન્મ આપયા બાદ ત્રાસ શરૂ થઇ ગયો હતો. દિકરીના જન્મ બાદ પતિ સાસરીયા મોઢુ જોવા પણ આવ્યા નહોતાં.

પ્રથમ ઘટના જોઇએ તો નડીયાદના કઠલાલમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ૩૩ વર્ષીય મહિલાએ પોતાના પતિ અને તેના ભાઈ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. આધારકાર્ડ અપડેટ કરાવવા મામલતદાર કચેરીમાં ગયેલી મહિલાની મુલાકાત એક યુવક સાથે થઈ હતી. યુવકે પોતે પ્રથમ પત્નિથી છૂટાછેડા લીધા હોવાનું જણાવી મહિલા સાથે લગ્ન કર્યા હતા. મહિલા પોતાના પ્રથમ પતિથી કાયદેસર છૂટાછેડા લઈને આ યુવક સાથે રહેવા લાગી હતી. યુવકે લગ્ન નોંધણીના ફોર્મ પર મહિલાની સહી લીધી હતી. રક્ષાબંધન પહેલા મહિલાએ પતિના બીજા મોબાઈલ નંબર પર ફોન કર્યો. ત્યારે જાણવા મળ્યું કે યુવક પહેલેથી જ પરણેલો છે અને તેની પ્રથમ પત્નિ સાથે સંબંધો ચાલુ છે.

સત્ય બહાર આવતા યુવકે મહિલાને છૂટાછેડા માટે દબાણ કરવાનું શરૂ કર્યું. આરોપીઓએ મહિલાને શારીરિક-માનસિક ત્રાસ આપ્યો અને જાનથી મારી નાખવાની ધમકી આપી. કઠલાલ પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. બીજા દિવસે આ યુવાન ઘરે આવતા પત્નિએ તેને આ બાબતે પૂછ્યું તો પતિએ જણાવ્યું કે, 'હું તને અને મારી પ્રથમ પત્નિ અને તને એમ બંનેને રાખીશ. આ પછી તેઓ મહિલા સાથે લગ્નની બાબતે વારંવાર ઝઘડા કરવા લાગ્યા અને મારઝૂડ કરી શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા. યુવાન ઘરેથી નોકરી પર ગયા અને જમવા પણ પાછા ન આવ્યા.

પાંચ દિવસ પછી તેઓ તેમના ભાઈ અને બે ભત્રીજા અને બનેવી સહિતના સગાં-સંબંધીઓ સાથે સમાધાન માટે મહિલાના ઘરે આવ્યા હતા. તેઓએ આ મહિલાને યુવાન સાથે છૂટાછેડા આપવા દબાણ કર્યું. જોકે પીડીતા છૂટાછેડા આપવાની ના પાડતાં તેઓ બધા ઉશ્કેરાઈ ગયા અને ગાળાગાળી કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી. આ ઘટના બાદ પીડીતાએ તિજોરીમાં મૂકેલું મેરેજ સર્ટિફિકેટ જોતા તેમાં ચેતરસુંબા ગ્રામ પંચાયતનો સિક્કો હતો અને આના પરથી સ્પષ્ટ થયું કે યુવાને પહેલા પત્નિથી છૂટાછેડા લીધા ન હોવા છતાં ખોટી માહિતી આપીને તેની સાથે બીજા લગ્ન કર્યા હતા. પોલીસ મથકે પીડીતાએ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બીજી એક ઘટનામાં પતિના ત્રાસને કારણે કંટાળીને પત્નિએ પોતાનો જીવ આપી દીધો હતો. ત્રીજી આવી ઘટનામાં પણ એક પરિણીતાને તેણીએ દિકરીને જન્મ આપયા બાદ ત્રાસ શરૂ થઇ ગયો હતો. દિકરીના જન્મ બાદ પતિ સાસરીયા મોઢુ જોવા પણ આવ્યા નહોતાં. અમદાવાદના બાપુનગરમાં પત્નિએ પતિના ત્રાસથી આપઘાત કર્યો છે. પતિ પત્નિને ત્રાસ આપીને દહેજની માંગણી કરીને ઝઘડો કરીને મારઝુડ કરતો હતો. પત્નીના પિતા સાથે પણ પતિએ ફોન કરીને ઝઘડો કર્યો હતો. જેથી કંટાળીને પત્નીએ ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે. આ અંગે મૃતકના પિતાએ જમાઇ સામે બાપુનગર પોલીસ સ્ટેશનમાં દુષ્પ્રેરણાનો ગુનો નોધાવ્યો છે. બેંગ્લોરમાં રહેતા લાલનપ્રસાદ રાજભર ખાનગી કંપનીમાં મજૂરીકામ કરે છે. લાલનપ્રસાદે બાપુનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી છે કે તેમની ચોવીસ વર્ષીય પુત્રી સુનિતાના લગ્ન બે વર્ષ પહેલાં ઉત્તરપ્રદેશના સોનુકુમાર રાજભર સાથે થયા હતા.

જેમાં છ મહિના પહેલાં પતિ-પત્નિ અમદાવાદના બાપુનગરમાં રહેવા આવ્યા હતા. તેમજ બે મહિનાથી સુનિતા તેના પિતાને ફોન કરીને જણાવતી હતી કે પતિ તેને બહુ હેરાન કરે છે અને માર મારે છે. તેમજ દહેજમાં કંઇ લાવી નથી તું પિતા પાસેથી લઇ આવ કહીને મરી જવા કહેતો હતો. તેમજ પતિને અન્ય મહિલા સાથે પ્રમસંબંધ છે તેમ પણ કહ્યુ હતું. અંતે સુનિતાએ પતિના ત્રાસથી કંટાળીને ગળેફાંસો ખાઇને આપઘાત કરી લીધો હતો. આ અંગે લાલનપ્રસાદે જમાઇ સોનુકુમાર સામે બાપુનગર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવ્યો હતો.

ત્રીજી ઘટના ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના દીન દયાળનગરના ખારા વિસ્તારમાં બની છે. અહિ રહેતી મહિલાએ તેના સાસરીયા વિરુદ્ધ શારીરિક અને માનસિક ત્રાસની ફરિયાદ નોંધાવી છે. પરિણીતા સાથે પતિ અવારનવાર ઝઘડો કરીને મારકૂટ કરતો હતો. આ મામલે તળાજા પોલીસે પરિણીતાની ફરિયાદના આધારે પતિ મુસ્તાક, સસરા અહમદશા, સાસુ યાસ્મીનબેન અને નણંદ મહેર સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આ બનાવ અંગે તળાજા પોલીસ મથકથી જાણવા મળતી માહિતી અનુસાર, તળાજામાં રહેતી અને અમરેલીમાં સાસરુ ધરાવતી મહિલાએ તળાજા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે રાબીયા અને મુસ્તાકના લગ્ન થયા હતા. લગ્નના ત્રણ મહિના બાદ રાબીયા પ્રેગ્નેન્ટ થતા તે પોતાના પતિ સાથે રહેતા જૂના ઘરમાં જગ્યા ઓછી હોવાથી પીયર જતી રહી હતી.

ત્યારબાદ પ્રેગ્નન્સીના પાંચમા મહિના સુધી પતિ તેને તેડવા આવ્યા ન હતા. બાદમાં રાબીયાના નાના મામા સત્તારશાએ ભાડે મકાન રાખી આપતા પતિ તેને તેડી ગયા હતા. જોકે, ભાડાના મકાનમાં માત્ર સૂવા માટે જ જગ્યા હતી અને જમવા તથા અન્ય કામ માટે જૂના ઘરે જ જવું પડતું હતું. આ કારણે રાબીયાના સસરાએ તેની સાથે મનદુઃખ રાખ્યું હતું. સાતમા મહિને રાબીયાનું શ્રીમંત કરીને તેને પીયરમાં મૂકી ગયા હતા. શ્રીમંતમાં મળેલો સોનાનો હાર પણ પતિ અને સાસુએ તેની પાસેથી લઈ લીધો હતો. રાબીયાની દીકરીનો જન્મ થયો હોવા છતાં સાસરીયા પક્ષમાંથી કોઈ આવ્યું ન હતું. આશરે અગિયાર મહિના બાદ દીકરીના ભવિષ્યની ચિંતા થતા રાબીયાએ સમાધાન કરી પતિને તેડવા બોલાવ્યા. જો કે ફરીથી તેને ત્રાસ મારકુટ ચાલુ થયા હતાં. અંતે તેણીએ ફરિયાદ કરવી પડી હતી.